Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) • समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ ડિસેમ્બર : ૨૦૨૫ અંક : ૬ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Bilimora •Gandhidham • Gandhinagar Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan •Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi greenfibre.com | jadeblue.com

**समानो मन्त्रः** (ऋग्वेद) **समानी प्रपा** (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦


વર્ષ : ૨૦ ડિસેમ્બર : ૨૦૨૫ અંક : ૬



સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી** પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ** ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ** મહામંત્રી



## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**પરબ**

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ** – ૨૪ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **ત્રણ કાવ્યો** - ઉદયન ઠક્કર, ૮ ● **બે કાવ્યો** – મનોહર ત્રિવેદી, ૧૦ ● **બે કાવ્યો** – જિગર જોષી 'પ્રેમ', ૧૧ ● **કાવ્ય** – કમલ વોરા, ૧૨ ● **બે કાવ્યો** - પારુલ કંદર્પ દેસાઈ, ૧૨ ● **બે કાવ્યો** - જયંત ડાંગોદરા, ૧૪ ● **એક ફેન્ટસી** - મહેન્દ્ર જોશી, ૧૫

◈ **ટૂંકી વાર્તા :**

● **જુલામંજુલા!** – કિરણ વી. મહેતા, ૧૭, ● **કળથિયું** – જિતેન્દ્ર પટેલ, ૨૨,

● **લૅટ્સ ડાન્સ** – કોશા રાવલ, ૨૮

◈ **અનૂદિત વાર્તાઃ**

● **ચેનપક કથા : વૃદ્ધ છત્રીવાળો** - અનામિકા 'અનુ', અનુવાદ : દક્ષા પટેલ, ૩૪

◈ **લઘુકથા : પંપ** – કાલિન્દી પરીખ, ૩૭

◈ **નિબંધ :**

● **'જવું-આવવું, આવવું-જવું'** – પારુલ ખખ્ખર, ૩૮

● **ગુલમહોર** – ભગવાન મેર, ૪૩

◈ **કાવ્યસંગીત : કાવ્યસંગીત નહીં, સંગીતકાવ્ય** – વિનોદ જોશી, ૪૬

◈ **અવલોકન : અનુસંધાન : સાહિત્ય સંશોધન-સંપાદનની ગંગોત્રી** – રમજાન હસણિયા, ૫૨

◈ **અનુવાદ યાત્રા :**

● **મારી ઊડિયા - ગુજરાતી, ગુજરાતી - ઊડિયા અનુવાદ યાત્રા** – રેણુકા શ્રીરામ, ૫૯

◈ **અભ્યાસ : ● મનુષ્યના ઉધાર પાસાંનું આલેખન : નઘરોળ** – મનસુખ સલ્લા, ૬૩

◈ **વ્યક્તિચિત્ર : જય હો વેણીભાઈ** – પ્રીતમ લખલાણી, ૬૮

◈ **અભ્યાસ :**

● **દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી - ૧૦**
**(દેરિદાનું ભાવજગત)** – સુમન શાહ, ૭૧

◈ **રસદર્શન : વીજળીના ચમકારે – ૧૧** – દર્શના ધોળકિયા, ૭૮

◈ **સંપાદકીય :**

● **સાવ ચીમળાયેલું સફરજન છે....** – કિરીટ દૂધાત – ૭૯

● **'પરબ' : વાર્ષિક સૂચિ ૨૦૨૫** – ઇતુભાઈ કુરકુટિયા, ૮૨

● **ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો** – ઇતુભાઈ કુરકુટિયા, ૧૦૩

● **સાભાર સ્વીકાર** – ૧૦૭

● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૧૦૮

● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૧૧૧

● **આ અંકના લેખકો** – ૧૧૫


◈ **આવરણ ચિત્રઃ Haku Shah - Ghat Antar Baag Bagiche - Serigraph on Paper - 40 x 40 inches - 2004**

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

# મથામણ – ૨૪

હર્ષદ ત્રિવેદી

હમણાં, વીસમી નવેમ્બરે, ગુજરાતી સાહિત્ય પરિષદમાં ‘કવિ કાન્ત’ વિશે એક દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી. સુરતના યુવા ફિલ્મસર્જક જય ખોલિયાએ ઘણું મોટું સાહસ કર્યું ને એવો જ મોટો અભ્યાસ પણ કર્યો. ચાવંડ, મુંબઈ અને ભાવનગર તો ખરાં જ પણ તે સિવાય ઠેર ઠેર ફરીને એમણે શક્ય એટલા દસ્તાવેજો ભેગા કર્યા. ફિલ્મમાં એનો એકદમ ઉચિત કહેવાય એવો વિનિયોગ પણ કર્યો. મૂળમાં ચાળીશ મિનિટની કરવા ધારેલી ફિલ્મ લગભગ બેવડા કદની થઈને રહી. એક યુવા સર્જકને આ રીતે કવિ ‘કાન્ત’માં રસ પડે તે પણ એક નમણું આશ્ચર્ય ગણાય. જય ખોલિયાને અને એમના સાથીદારોને જેટલાં અભિનંદન આપીએ તે ઓછાં પડે એવું સરસ કાર્ય એમણે અમૃત ગંગરના પરામર્શમાં રહીને કર્યું છે. અહીં કવિ કાન્તને એક સાહિત્યકાર તરીકે ઓછા ઉપસાવાયા છે અને તે યોગ્ય પણ છે, કેમ કે મૂળ હેતુ દસ્તાવેજીકરણનો છે. એમાં પણ પ્રેક્ષકને કંટાળો ન આવે એની કાળજી લેવાઈ છે. ગુજરાત વિશ્વકોશમાં, ‘કાન્ત’ની મૃત્યુશતાબ્દી નિમિત્તે યોજાયેલા પરિસંવાદનો અહીં ભરપૂર લાભ લેવાયો છે, એ બધી અભ્યાસસામગ્રી અને તારણો ફિલ્મને અનેક રીતે ઉપકારક બની શક્યાં છે. નોંધપાત્ર વિગત એ છે કે તમામ પ્રકારનાં આધુનિક સંસાધનો ઉપલબ્ધ હોવા છતાં આ ફિલ્મ હેતુપૂર્વક મોબાઇલ ફોન દ્વારા કંડારવામાં આવી છે. મજા એ છે કે ફિલ્મ પૂરી થાય ત્યાં સુધી ભાગ્યે જ કોઈને આ વાતનો ખ્યાલ આવે. ખાસ કરીને જળનાં વિવિધ રૂપો જે રીતે કંડારાયાં છે તે જીવંત લાગે છે.

‘કાન્ત વિશે’ પુસ્તકમાં ભૃગુરાય અંજારિયાએ લખ્યું છે – ‘કાન્તનો દેખાવ ખૂબ પ્રભાવક હતો. કપિલભાઈ ઠક્કર નોંધે છે તેમ, ભૂરો લાંબો કોટ, એવા જ રંગનું પાટલૂન, માથા પર પોપટિયા રંગનો રેશમી ફેંટો, ગરદન પરથી બે ખભા પર ઝૂલતો ખેસ, બૂટ અને મોજાં, એ એમનો એકધારો પોશાક હતો. ભરાવદાર કાળી મૂછો, સોનેરી ફ્રેમનાં ચશ્માં, ગૌરવવાળી પ્રભાવદાર મુખમુદ્રા, સહજ સ્મિત કરતું વદન, ભરાઉ અને પડછંદ કાયા, ચામડીનો ભીનો વાન – આવા મણિભાઈનો બધા ઉપર પ્રભાવ પડતો હતો.’ (કાન્ત વિશે, પૃ.૩૧૦) આ ફિલ્મમાં ‘કાન્ત’ને એક પાત્ર તરીકે દર્શાવાયા નથી, પણ રેખાંકનો દ્વારા કામ લેવાયું છે.

ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ અને વીસમી સદીનો પૂર્વાર્ધ, એટલે કે આપણે જેને પંડિતયુગ અથવા સાક્ષરયુગ કહીએ છીએ તેમાં, ગુજરાતી સાહિત્યને કવિ ‘કાન્ત’ની કવિતાઓ પ્રાપ્ત થઈ છે. આ ગાળાના મુખ્ય ચાર કવિઓ છે : ‘કાન્ત’, બળવંતરાય, ન્હાનાલાલ અને ‘કલાપી’. મુંબઈમાં પ્રાર્થનાસમાજની સ્થાપના ૧૮૬૭માં થઈ એ જ વર્ષમાં, તા. ૨૦-૧૧-૧૮૬૭ના રોજ ‘કાન્ત’નો જન્મ થયો હતો. એમનો પ્રથમ અને એકમાત્ર કાવ્યસંગ્રહ ‘પૂર્વાલાપ’ પ્રગટ થયો એ જ દિવસે, એટલે કે તા. ૧૬-૩-૧૯૨૩ના

રોજ, કાશ્મીરના પ્રવાસમાંથી વળતી વખતે, રાવળપિંડીથી લાહોર આવતાં ટ્રેનમાં, માત્ર છપ્પન વર્ષના ટૂંકા આયુમાં એમનું અવસાન થયું હતું. મતલબ કે આ કવિ પોતાનો કાવ્યસંગ્રહ જોવા પામ્યા નહોતા. ફિલ્મમાં એમના અવસાનને વિગતો દ્વારા વર્ણવાયું છે. મૃતદેહની તસવીર અને પછી 'ઓ હિન્દ દેવભૂમિ સંતાન સહુ તમારાં..' એ ગીત સાથે ભાવનાત્મક રીતે ફિલ્મ વિરામ લે છે અને પ્રેક્ષકોનાં મનમાં એક છાપ છોડી જાય છે.

'કાન્ત'નું અંગત જીવન ઘણી બધી રીતે દુઃખદાયક હતું. તેમની અગિયાર વર્ષની ઉંમરે જ પિતાએ સ્વર્ગવાસ કર્યો હતો. 'કાન્ત'નાં માતા મોતીબાને ઈશ્વરે દીર્ઘ આયુષ્ય આપેલું. એટલે કે 'કાન્ત'નું અવસાન થયું ત્યારે માતુશ્રી ૯૩ વર્ષની ઉંમરે હયાત હતાં. 'કાન્ત'નું લગ્ન પંદર વર્ષની ઉંમરે, જટાશંકર કેવળરામ વૈદ્યની પુત્રી, 'કાન્ત' જેને 'નદી' કહેતા તે નર્મદા સાથે થયું હતું. ૧૮૯૧માં યુવાનવયે આ નર્મદાનું અવસાન થયું. સરળ, સુંદર, સુશીલ અને પ્રેમાળ નદીના અવસાને 'કાન્ત'ને અત્યંત વિચલિત કરી દીધા હતા. 'કાન્ત'ને નર્મદા થકી પ્રાણલાલ નામે પુત્ર હતો. જે જન્મથી જ કશીક બીમારી લઈને આવ્યો હતો. 'કાન્ત' એની ખૂબ સારસંભાળ કરતા. કવિતા ઉપરાંત 'કાન્ત' સિતાર પણ વગાડતા. દીકરા પ્રાણલાલને સિતાર સાંભળવાનું બહુ ગમતું. પ્રાણલાલની આંખો ગઈ ત્યારે કવિ તેને ગમતા રાગ વગાડીને ખુશ રાખવાનો પ્રયત્ન કરતા. એને બચાવવાના લાખ પ્રયત્નો છતાં, ૧૮૯૯માં દીકરા પ્રાણલાલનું પણ અવસાન થયું. કહેવાય છે કે એ પછી કાન્તે સિતારને હાથ પણ અડકાડ્યો નહોતો! પિતા, બે પત્ની અને પુત્રના અવસાનના અવસાદે 'કાન્ત'નું જીવન ઝેર કરી દીધું હતું. ફિલ્મમાં આ બધાં મૃત્યુ, છોડ કે ઝાડના ઊખડી જવા સાથે જોડ્યાં છે તે વારંવારના ઉપયોગને કારણે એકવિધતા ઊભી કરે છે.

પોતાના દરબારમાં જેટલાં દુઃખો હોય તે બધાં જ ઈશ્વરે એકલા કાન્ત ઉપર નાખ્યાં હતાં! તેમ છતાં, સત્યની ઉપાસના કરવી એ 'કાન્ત'નો મૂળભૂત અને સહજ સ્વભાવ હતો. પોતે તર્કશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર જેવા વિષયમાં બી.એ. થયા હતા, એટલે સ્વાભાવિક જ એમની બૌદ્ધિક ક્ષમતા ઘણી ઊંચી હતી. આ બધાંને કારણે કોઈએ એવું ધારવાની જરૂર નથી કે 'કાન્ત' માત્ર પોથીપંડિત હતા. એમનો જીવનરસ પ્રબળ હતો. ખાવું-પીવું, ફરવું-તરવું, ગીત-સંગીત, પાન-ભાંગથી માંડીને ફૂલ-અત્તર વગેરેના ઉપભોગમાં એમને જીવંત રસ હતો. પ્રસંગે શાક સુધારતા અને સ્વાદિષ્ટ રસોઈ પણ બનાવતા. કલમ, કડછી અને બરછી ત્રણેયને સમય આવ્યે ન્યાય આપી શકતા. કહેવાય છે કે કાન્ત ઉત્તમ વક્તા હતા. મહાદેવભાઈ દેસાઈએ 'નવજીવન'માં લખ્યું હતું કે 'ગુજરાતી ભાષામાં oratory હોઈ શકે છે તેની હવે ખાતરી થઈ.' ધર્મજિજ્ઞાસાને કારણે જ તેમણે હિન્દુ, ખ્રિસ્તી, બૌદ્ધ અને ઇસ્લામનો ઊંડો અભ્યાસ કર્યો હતો. કવિ-વિવેચક અને કેળવણીકાર કાન્તનાં તમામ પાસાંઓ લેવા જઈએ તો ત્રણ કલાકથી ઓછી ફિલ્મ ન થાય. એટલે અહીં નિર્માતા પોતાના ઉદ્દેશને વળગી રહ્યા તે પણ યોગ્ય થયું.

આ ફિલ્મ વિશે રવીન્દ્ર પારેખે કહ્યું છે – 'આ ફિલ્મ કોઈ પણ ફેસ્ટિવલ કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગૌરવભેર ઊભી રહી શકે ને પુરસ્કૃત થઈ શકે તે કક્ષાની છે.' ('કલાવિમર્શ', દીપોત્સવી ૨૦૨૫) હવે આ જ પ્રકારે બળવંતરાય, ન્હાનાલાલ અને 'કલાપી' સંદર્ભે પણ જો દસ્તાવેજી ફિલ્મો બને તો એક નવી દિશા ખૂલવાનો સંભવ છે. કેમ કે આ ચારેય સર્જકોના સ્થળ-કાળ અને વિમર્શની રીતે પણ અંકોડા ક્યાંક ને ક્યાંક મળે જ છે. આમાંથી પ્રેરણા લઈને જય ખોલિયા પોતે અથવા કોઈ બીજો દિગ્દર્શક-નિર્માતા પણ મેદાનમાં આવી શકે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

## ત્રણ કાવ્યો | ઉદયન ઠક્કર

### (૧) ઓર્ફિઅસ

હું ચાલ્યો જાઉં છું
વાજિંતર વજાડતો
આગળ ને આગળ

વૃક્ષો ડોલે છે
મૃગલાં નર્તે છે
મત્સ્યો કૂદે છે
પથરા પીગળે છે

પાતાળલોકના દેવનું વરદાન છે મને
વાજિંતર વજાડતો જા
કીર્તિ આવશે
પાછળ ને પાછળ

પણ
ડોક ફેરવીને પૂંઠે જોશે તો
અલોપ!

હું ચાલ્યો જાઉં છું
વાજિંતર વજાડતો
આગળ ને આગળ
કીર્તિ
પાછળ ને પાછળ
...આવે છે ખરી?

ન પગરવ
ન શ્વાસોચ્છ્વાસ
છેતરી ગયો કે શું પેલો દેવ?
જોઈ લઉં જરીક ડોક

ફેરવીને?

..........

## (૨) ગુલછડી

વર્ગમાં કોઈએ તોફાન કરેલું. કોઈએ શું કામ, સાચું કહું તો મેં જ કરેલું. ત્યારે થયેલો જરબેનનો પહેલવહેલો સાક્ષાત્કાર. આપણે વાણી, જરબેન આકાશવાણી. નામ પડતાંવેંત મૂતરી પડે ટાબરિયાં તો.

રોજ સાંજે નોટબુકની થપ્પી લઈને જાય ઘેર, સુધારે, સૂચનો લખે. ઘંટી ખરબચડી, લોટ લિસ્સો. ઝીણું દળે.

મને પકડેલો એક વાર, 'જુએ છે? પેલો કાગળનો ડૂચો?' 'ટીચર, મેં નથી ફેંક્યો.' 'મેં પણ નથી ફેંક્યો,' કહીને ઊંચક્યો, નાખ્યો ટોપલીમાં.

એક વાર માંદાં પડ્યાં. હું ગુલછડીનો ગુચ્છો લઈને મળવા ગયો. શાબાશીને બદલે શિખામણ આપી, 'લાંબી દાંડલીવાળાં લેવાનાં, તાજાં રહે.'

જરબેનના પાયદસ્તના પંદરેક દિવસ પછી તેમનો નોકર મારે ઘેર આવ્યો. હાથમાં ગુલછડી. 'હેપી બર્થ ડે. જરબેન આપવાનું કહી ગયેલાં.'

લાંબી નીકળી દાંડલી તો.

---

પાયદસ્ત : પારસી સ્મશાનયાત્રા.

❋

## (૩) સિતાર

### (સ્ટિલ લાઈફ)

મુકાઈ છે
ઘરની પાછળ, ક્યાંક

ખાસ કલકત્તામાં ઘડાવ્યું હોય તેવું તુંબડું
જડતરનું સુશોભન
મૃગશિંગની જવારી
પિત્તળના પરદા
સાગના લાકડાની દાંડી
મેહોગનીના લાકડાની ખૂંટી

જેની ઉપર ટિંગાડેલું
કેલેન્ડર, ડટ્ટાવાળું
"વનદેવી છાપ હિંગ"

દીવાલ સાથે તાણીને બાંધેલા
વાદન તાર, કંપન તાર
ખરજ તાર, લરજ તાર
ગાંધાર તાર, પંચમ તાર

જેની ઉપર સૂકવેલાં
લૂગડાં

.........

❉

# બે કાવ્યો | મનોહર ત્રિવેદી

## (૧) અહીં નહી તો

અહીં નહીં તો આમ રે કશે -
તડકા છે તો ક્યાંક તો હશે બાવળના તો બાવળનાયે છાંયડા હશે

ચાલવું છે તો ટેકરીઓના ઢાળની કેડી
ઊતરી અને આવશે તારા પગની કને
સ્હેજ ચાલે તો લ્હેરખી તને લૈને જશે
નભની વાતો કરતા પેલા વાંસના વને

બેઉ બાજુ ઝળૂંબતી ભેખડ અવગણીને દૂરની નદી મળવાને ઉતાવળી થશે

ઝાડવાં ડાળી પાંદડાં ફૂલો થડ – ની સાથે
પંખીઓ ઝૂલે સામટાં ને લેલૂમ
મીટ માંડીને નીરખતાંવેંત હું જ પોતે
થઈ જાઉં પોતામાં સાવ અચાનક ગુમ

ધૂળથી રજોટાઈ આ મારગ ઘર લગી લંબાય છે મને મૂકવા મશે
તડકા છે તો ક્યાંક તો હશે બાવળના તો બાવળનાયે છાંયડા હશે

અહીં નહીં તો આમ રે કશે -

*

## (૨) વ્રત નથી

આપણા શબ્દમાં ક્યાંય કૌવત નથી,
કેમ કે ત્યાં કશું પ્રગટતું સત નથી.

ફક્ત હું પીઉં છું એ નજરને સદા,
અન્ય આ જીવને કોઈ પણ લત નથી.

સામસામે મળ્યાં ચાહી લીધું અમે,
ચાહવું ચાહવું એવું કૈં વ્રત નથી.

એક બાળક રડે ભૂખથી ક્યારનું,
જો હૃદય હોય તો કેમ આહત નથી?

તીરછી આંખથી બારી તેં નીરખી,
આ ઘરે બીજી તો કોઈ આફત નથી.

સ્હેજ ધીરે અને સરળ થૈને કહો,
આટલો તો ઊંચો ક્યાંય પર્વત નથી.

## બે કાવ્યો | જિગર જોષી 'પ્રેમ'

### (૧)

છાંટો જુવાનજોધ આવ્યો ઊડીને
કર્યું ડાળખીનું ગામ આખ્ખું ગાંડું
લીલ્લેરો રંગ ચડ્યો એવો તે કેવો કે
ઝાલ્યું રે ઝબ્બ દઈ કાંડું

એવો તે જાણતલ વાયરાની ઓથ લઈ હળવેથી કોર લગી આવ્યો
ઝીલવાને ઊભો'તો આખો મલક એણે આખોયે મુલક તરસાવ્યો

પાંદડિયું માનતાયું રાખીને બેઠી
કે ઝીલવાને અંગ અંગ ખાંડું

ડાળી ઝૂકી તો એ ડાળીના ઝૂકવાએ મારગને મોકળાશ દીધી
નમતું મૂક્યાનું સુખ લાગ્યું'તું હાથ તોય ઝૂક્યો નહિ એવો રે જિદ્દી

ફટ્ટ રે મૂઆ! નહીં ભૂલી ભુલાય
તને એવી એવી રે ગાળ ભાંડું

❋

### (૨)

રોજ રોજ ફૂલો સીવે પણ નહીં દોરો નહીં સોય
તોય હેં! જોષી એવું કહેશો : રણીધણી ના કોઈ

પવન ઊભો રહી કોઈ ઝરૂખે મધુમાલતી જુએ
દશ્ય જુએ જે એ પણ મઘમઘ ફૂંવે ફૂંવે ફૂંવે
હશે દાંડિયો કેવો જેની મખમલ જેવી મોઈ

કોરાં કોરાં વાદળિયાં લઈ ભીનાં ભીનાં ગામે
કઈ પા જાવું કોઈ પૂછે તો પાણીને સરનામે
શુંય થશે જો જાન જોઈશું; સ્હેજ પાલખી જોઈ

❉

## વણઉકેલાયેલો પ્રશ્ન
## કમલ વોરા

આ...
આ ન...
આ ન હોવું...
આ ન હોવું, કોનું?
આ ન હોવું, કોનું? તારું?
કે મારું? આ ન હોવું.
આ ન હોવું, તારું? મારું?
કોનું? આ ન હોવું?
આ ન હોવું, કોનું?
આ ન હોવું, કોનું?
આ ન હોવું, કોનું?
આ ન હોવું, કોનું?
આ ન હોવું, કોનું?
ન
હોવું
આ...

પ્રલયમાં
સચરાચરનો
લય થયા પછીય
વણઉકેલાયેલો આ પ્રશ્ન
અવકાશમાં
ઘુમરાતો રહેશે.

❉

## બે કાવ્યો
## પારુલ કંદર્પ દેસાઈ

### (૧) આરંભ અને અંત

સમયનાં બે બિંદુઓ
જે ક્યારેય એકબીજાને મળતાં નથી
સીધી લીટીના બે અંતિમોની જેમ.

આરંભ અને અંત જોડાયેલા છે
એકબીજા સાથે
સૂર્યમાંથી પ્રગટતાં કિરણોની જેમ.
દૂધમાંથી દહીં, દહીંમાંથી માખણ
માખણમાંથી ઘી...
અંત એ અંત નથી,
કશાકનો આરંભ છે.

જ્યારે જ્યારે આરંભ કરું છું
ત્યારે પૂરું થઈ ગયું હોય એમ કેમ લાગે
છે?
પૂરું જ થઈ જવાનું હોય તો
આરંભ કરવાની ઇચ્છા કેમ થાય છે?

આરંભ એટલે ગતિ?
અંત એટલે ગતિરોધ?
આરંભથી અંત
અંતથી આરંભ
શું એ જ છે જીવનનું એકમાત્ર લક્ષ્ય?

કોણે કરવાનો છે આરંભ?
કોણ લાવવાનું છે અંત?
કોણ કરે છે આ દોરીસંચાર?

❉

## (૨) માટલું

બેઠું છે સ્થિર એક જગ્યાએ,
રસોડામાં પાણિયારે
માટલું.

એની નજર ફરી વળે છે
ચારેબાજુએ.
લંબાય છે રસોડામાંથી
ડાઇનિંગરૂમથી
બહારના દરવાજા સુધી.
જોયા કરે છે ઘરની ગતિવિધિઓને
ચૂપચાપ.

મૂળે તો માટી
ચાકડે ચડી,
તેજ આગમાં તપીને
ઢળી જાય છે વિવિધ આકારોમાં.
આકાર ગમે તે હોય
ટકોરો મારો તો મીઠો રણકાર
સંભળાવે.
નાના બાળકને નવડાવતા હોય એમ
બે હાથ એને વીંછળે છે ત્યારે
હેતથી છલકાઈ જાય છે
એની અંદર પ્રવેશતાં જ
જળ બની જાય છે અમૃત
શમન કરે છે સૌના સંતાપોનું
કશા ભેદભાવ વગર.
નવા ઘરમાં કુંભ બની
પંચતત્ત્વોને સમાવી લે સામટા.
નવરાત્રિમાં
પોતાના દેહને વીંધીને
નક્ષત્રોરૂપી કાણાંથી
આસોના અંધારાને અજવાળે.
લગ્નની ચોરીમાં
ચારેય બાજુથી
સપ્તપદીનાં સાતેય સપનાંનું સાક્ષી
બને.
તો મૃત્યુ પ્રસંગે
પવિત્ર પ્રદક્ષિણા કરે ચિતાની
અને વહાવી દે અવસાદને.

દિવસનો ઝળહળતો પ્રકાશ હોય કે
અમાસી રાતનું અંધારું
બધાં સૂઈ જાય ત્યારેય જાગે છે.

❋

# બે કાવ્યો | જયંત ડાંગોદરા

## (૧) કાયમી નથી

અહીં હકાર કે નકાર કાયમી નથી,
સવારમાં પડી સવાર કાયમી નથી.
ઝરૂખડે ઝબૂકતી હજાર તારલી,
અમાસનોય અંધકાર કાયમી નથી.
કદાચ પાંખને કશી સરત રહી નથી,
અફાટ આભનો વિહાર કાયમી નથી.
ઉતારવા જરાક થાક થોભવું પડ્યું,
વતન ગણી હતી મજાર કાયમી નથી.
જરા તરા આ શ્વાસને સગેવગે તું કર,
નથી, ધરા સમી વખાર કાયમી નથી.
લખી શકાય એટલું ટકી શકાય નહિ,
પ્રગટ થતા બધા વિચાર કાયમી નથી.
સટાક દઈ પડી શકે નગણ્ય કારણે,
ઉંમરનું વાયદા બજાર કાયમી નથી.

## (૨) રાહ જોતો નહિ

નથી રસ્તો નથી કેડી તું મારી રાહ જોતો નહિ,
પગે છે લોહની બેડી તું મારી રાહ જોતો નહિ.

સમંદરની વચાળે ઘૂમતી હું એક હોડી છું,
કરું શું મોલ ને મેડી તું મારી રાહ જોતો નહિ.

મને ગમતો ન'તો એ તાર મેં તોડી જ નાખ્યો છે,
ફરી એ તારને છેડી તું મારી રાહ જોતો નહિ.

મળી જાશું કદી તો છૂટથી વાતો કરી લેશું,
પ્રતીક્ષા આંખમાં તેડી તું મારી રાહ જોતો નહિ.

પરત ફરવું પડે એવી સફર તો સાત જન્મોમાં,
નથી ક્યારેય મેં ખેડી તું મારી રાહ જોતો નહિ.

## એક ફૅન્ટસી
## વરિષ્ઠ દેશભક્તનો ઓરડો | મહેન્દ્ર જોશી

નામદાર,
હવે તો ભર્યોભાદર્યો
આ ઓરડો જ મારો દેશ.
પર્વતીય પવનો આવીને
મારું મસ્તક પસવારે
ત્રણેય દરિયાઓ
ઘૂઘવતા આવીને
મારી પેનીઓ ચૂમી જાય
નામદાર, મેં કહ્યું ને કે
ઈ તો
પવન અને દરિયાઓની મોજ
એમને એવું તો ના જ હોય કે
આ ઘેર જવાય
અને આ ઘેર ના જવાય!
એ તો એમની મરજીના માલિક!
એમને તાળાં થોડાં મારી શકાય?
એમ તો રોજ
સવાર સવારમાં જ
સૂરજ એક છાપું નાખી જાય
મારા ઓરડામાં.
હાથમાં વાદળો શાહીની પેન લઈને
સમાચારો વાંચતો જાઉં
જ્યાં ઈશ્વરે એકલ માણસ પર
વરસાદ વરસાવ્યો હોય
ત્યાં થોભીને ખરું કરતો જાઉં
જ્યાં લોહી ચૂસનારા જળો હોય
ત્યાં લાલ શાહીની પેનથી
ચોકડી મારતો જાઉં
મને લાગે કે
મારા ઓરડામાં દેશભક્તિ ઘટીને
સોળ પાનાંમાંથી
એક પાના
જેટલી જ થતી જાય છે!
મથાળે
'તમસો મા જ્યોતિર્ગમય' વાંચીને
છાપું પસ્તીમાં મૂકી દઉં
ત્યારે જ ઘોંઘાટનું સરઘસ નીકળે
મારામાં સૂત્રોચ્ચાર સંભળાય
'मेरा देश महान देश'
એકાએક ગમ્મત થાય
સિંહાસન પર બેઠો હોઉં
એવી કલ્પના આવે...
પછી ભાન થાય કે
હું તો મારા ઓરડામાં
પ્લાસ્ટિકની ખુરશીમાં બેઠો છું!
જેના પર
હું દસ મિનિટ માંડ બેસી શકું છું
ટીવી સ્ક્રીન પર
છૂટતી મિસાઇલો જેવા
૧૦૦ સમાચારોના ધુમાડામાં
મારી આંખોને દઝાડું છું
પણ થોડી જ વારમાં
હું આખા દેશને જોઈ લઉં છું...
પણ નામદાર,
આ ઓરડાને
મારો દેશ કહું છું
એ તદ્દન સાચું છે.
જેમાં એક પથારી પણ છે

જ્યાં ટૂંટિયું વાળીને સૂઈ શકું છું
ફળફળાદિનાં સપનાં આવે
અને
ઊંઘનો કાચ તૂટી જાય
પછી બિહામણા ઓળાઓ
મારી પથારી આસપાસ
કચરો ફંફોસતા દેખાય
હૃદય-દ્રવી જાય!
મારા ઓરડામાં
રોટીના થોડાક ટુકડા હોત
તો સારું હોત!
નામદાર,
કંટાળો તો નથી આવતો ને?
મારા ઓરડાની વાતુંમાં?
બધી ગમ્મત ઓરડામાં જ થાય છે
હા, મારા ઓરડાની એક ભીંત
ક્યારેક મોબાઇલનો મોટો સ્ક્રીન
બની જાય છે!
ઘણું ન જોવાનું જોવાઈ જાય છે!
દરિયો અને આકાશ પણ દેખાય
કોને ખબર
કોની માલમતાનાં વહાણો તરતાં હોય!
સોનાનાં વિમાનો ઊડતાં હોય!
ક્યારેક તો
મોટાં માણસો ઠીંગુજી દેખાય
ને નાનાં માણસો 'સુપરમૅન'!
આવી ધડ-માથા વિનાની
વાત કહેવી કોને?
હું ખરેખર તો ગભરાઈ જાઉં છું
આ અવ્યવસ્થાથી.
અંતે
ભીંત ભાંગીને બારી કરું
વિચાર નામનું
પાળેલું પંખી
ઓરડામાંથી ફર્ર્
ઊડી જાય આકાશમાં
જંગલી શકરાઓ પાછળ પડે
એની પાંખો કાપવા કરે
પાંખો એમ થોડી કપાય?
પાંખોમાં તો લોહકવચ હોય છે!
બારી બહાર જોઉં તો
કમઠાણ, કમઠાણમાં પણ કમઠાણ
હૈયે હૈયું દળાય
રસ્તાઓમાં રસ્તાઓના સાપ
ગૂંચળું વળીને પડ્યા હોય ઠેર ઠેર
હારબંધ કીડી મકોડા
રાહ જોતાં હોય ઝિબ્રા ક્રૉસિંગની.
સામે પાર
જ્યાં પ્રસાદ વહેંચાય છે
ત્યાં પહોંચાશે?
લાલ લીલી પીળી આંખોના
ચોકીદારો ખિસ્સામાં હાથ નાંખી
ઊભા છે, ફૂટ અને પાથ વચ્ચે...
હવાનું પણ માથું ભટકાય
એવું કમઠાણ છે.
ઓરડામાંથી, બારીમાંથી
રસ્તાઓ ઉપર ભાગી છૂટેલી
મારી આંખો
પાછી ઓરડામાં આવે છે.
નામદાર,
મારો ઓરડો જ મારો પ્રિય દેશ છે.

## ટૂંકી વાર્તા

# જુલામંજુલા !

કિરણ વી. મહેતા

ઑફિસમાં પોતાની કેબિનમાં બેઠેલા મસ્તલાલે ઘડિયાળમાં જોયુંઃ સાંજના પાંચ વાગવામાં પાંચ મિનિટ કમ. પાંચ વાગવા સુધીમાં કરવાનું સંપૂર્ણ કામ એ આટોપી ચૂક્યા હતા, માત્ર પટાવાળાને બોલાવીને પાંચ ફાઈલોનું પોટલું બંધાવીને માળિયે મુકાવી દેવાનું બાકી હતું. પછી ઑફિસમાંથી એ છુટ્ટા ! છૂટા પૈસા પડે અને રણકે એમ મન રણક્યું. રણકાર શરીરના કણકણમાં ફરી વળ્યો. બરોબર આજથી એક સાલ બાદ.... નોકરીના છેલ્લમ્ છેલ્લા દિવસનું કામ આટોપતો બેઠો હોઈશ, જાણે કોલ્ડ ડ્રિંકનો છેલ્લો ઘૂંટડો પીવાનો બૉટલમાં બાકી હોય ને મજા રગરગમાં ફરી વળી હશે. પછી આરંભાશે ઑફિસની પરંપરા મુજબનો વિદાયસમારંભ. થશે પૂરો ત્યારે ગરમાગરમ તળાયેલી ક્યૂટ કટલેટ્સ, ફૂલીને ફાળકો થયેલી ગરમનરમ પૂરીઓ, દાળ ભરેલી ડોલમાંથી હવાના લપસણા ઢાળે લપસી રહેલી ગરમ મસાલાની સોડમ..... એ સ્વાદ અને સુરભિના સાગર પર તરતો હશે ખુશખુશાલ મસ્ત ટાપુ ! એ ટાપુ એટલે જાણે મસ્તલાલ પોતે.....! કાર્યક્રમનું કેન્દ્રબિંદુ બનવાની પણ પારાવાર મજા હોય છે ! જમણવાર પૂરો થશે, વિદાયની શુભેચ્છાઓનો છેલ્લો દોર આરંભાશે, કદી ન બોલનારા સહકર્મીઓ પણ મસ્તલાલે આપેલા મસ્ત મસ્ત જમણવારથી ખુશ થઈને લળીલળીને હાથ મિલાવીને છેલ્લી શુભેચ્છાઓ પાઠવી દેશે. દિવાળીમાં ફોડવામાં આવતા કોઠીના છેલ્લા તણખા પણ જાણે ઊલળી ઊલળીને જમીનદોસ્ત થઈ ગયા હશે. જમણવારના હૉલમાં સળગતી લાઇટોના પ્રકાશમાં ખાલી પ્લેટ જેવો સૂનકાર ફેલાતો હશે અને મસ્તલાલ પણ સ્કૂટરને કિક મારી ઘર તરફ રવાના થઈ જશે. ઑફિસ કાયમ માટે છોડીને એ સ્કૂટર પર ઘરે જતા હશે. સ્કૂટરની પાછલી સીટ પર સો ટકા કોઈક બેઠું હશે. કોણ ? કહો મસ્તલાલ કહો, કોણ બેઠું હશે સ્કૂટરની પાછલી સીટ પર ? ઑફિસ જ બેઠી હશે. એ ન છૂટે, કાયમી છેડાછેડી બાંધી હોય એમ એ તો ડગલે ને પગલે પાછળ પાછળ જ આવવાની.

ઘરે પહોંચીશ. વીતેલાં વર્ષોને ચ્યૂંઇંગ ગમની જેમ ચાવતો ચાવતો પોઢી જઈશ..... અને નવા અખબારની જેમ ખૂલશે નવો દિવસ..... મસ્તલાલ ઇઝી ચૅર પરથી ઊભા થયા. ટેબલના સામે છેડે જઈને ચૅરને નીચેથી ઉપર સુધી જોઈ રહ્યા. એ કોરાકટ દિવસે આ ઇઝી ચૅર પર નવા મસ્તલાલ, બીજા મસ્તલાલ સૂટબૂટમાં ટાઈ સરખી કરતા મનોમન મંદ મંદ મુસ્કરાતા બેઠા હશે. શું એય મારી જેમ જ મસ્તલાલ જ હશે કે પછી ત્રસ્તલાલ ? હુંયે સોયે સો ટકા મસ્તલાલ જ છું કે પછી રોજ વિટંબણાઓના વટાણાઓનું એકનું એક શાક ખાઈને ત્રસ્તલાલ ?

ઘડિયાળમાં પાંચ ડંકા પડ્યા. એમણે પટાવાળાને બોલાવ્યો. એના મોંમાંથી તમાકુવાળી મસાલેદાર સોપારીની સુગંધ આવી. ગૂટખાની આ સુગંધ માટે એમને અણગમો હતો, પણ આજે આ સુગંધ એમને ગમી. કારણ ન સમજાયું. ફાઈલોનું પોટલું બન્યું. પોટલું માળિયામાં ચડાવાયું. માળિયામાં પોટલાંની વસતીમાં વધારો થયો. મસ્તલાલ ઑફિસના પાર્કિંગમાં આવ્યા. ખીસામાંથી પૉલિથીનનું પડીકું ખોલી પાન મોંમાં મૂક્યું. થોડુંક ચાવ્યું. ખૂણામાં રહેલી કચરાપેટીમાં થૂંક્યા. સાલાં વર્ષો પણ આમ જ કોઈ કચરાપેટીમાં થૂંકાઈ ગયાં. હવે ફરીથી બીજું એક વર્ષ પણ આમ જ કચરાપેટીમાં થૂંકાઈ જશે અને પછી તો-

પછી તો ઘરમાં એ અને મંજુ. ભજન-પૂજનમાંથી મંજુ ઊંચી નહીં આવે અને મસ્તલાલ જોયા કરશે મંજુને. ગોળ મોટા પેટવાળી, નાળિયેર જેવા માથાવાળી અને ચરબીના સળોવાળી મંજુ. કશું અણધાર્યું નહીં. કોઈ સનસનાટીભરી ઘટના નહીં. કોઈ ઉછાળ નહીં, કાયમ એક જ સપાટી સાચવીને વહેતા રહેવાનું. ડાઇનિંગ ટેબલના સનમાઇકા જેવી સપ્પાટ લાઇફ. લીસી પણ સપ્પાટ લાઇફ. રંગીન પણ બેજાન લાઇફ. આ બધો-બધ્ધો જ વાંક મંજુનો. ઓગણીસમી સદીની હોય એવી સીધીસાદી મંજુ. એકવીસમી સદી સાથે એને કશી લેવાદેવા જ નહીં. એના કારણે જ ઘણી મજા કાયમ માટે રજા પર ગઈ. કોણ જાણે કેટલી નરમ માટીથી આ સ્ત્રી ઘડી છે ભગવાને! જે કહો તે મંજુ પાલવ પાથરી સમેટી લે, જે કરો તે મંજુ નિભાવી લે. વિરોધ એના લોહીમાં જ નહીં. આ ગયા સોમવારની જ વાત. મસ્તલાલને જવાનું હતું મિસ પાટલૂનવાલાની પાર્ટીમાં. એ દિવસે મસ્તલાલ હતાયે મૂડમાં. અરીસામાં જોતા વાળ ઓળતા એ બોલ્યા હતા, જાણીજોઈનેઃ "મંજુ, હું પાર્ટીમાં જાઉં છું."

"ભલે."

લ્યો, જરા રસિકતા ખાતર પણ પૂછ્યું નહીંઃ ક્યાં પાર્ટી, કોની પાર્ટી? મને કેમ લઈ જતા નથી? ક્યારે પાછા આવશો? ઘરે આવીને જમશો કે પછી જમીને જ આવશો? એટલે એમણે જ રસિકતા ઊભી કરવા પ્રશ્ન ફેંકેલોઃ

"ખબર છે કોને ત્યાં?"

"ના." મંજુનો કુતૂહલવિહીન જવાબ.

એટલે એમણે વાતને વળ ચડાવવા ફરીથી પ્રયત્ન કર્યો, "મિસ પાટલૂનવાલાને ત્યાં!"

પણ શાંત જળમાં કશાં વમળ ઊઠ્યાં જ નહીં. એણે કહ્યું, "ભલે, જાઓ."

"એ બહુ સુંદર છે..... તારાથીયે-"

"હશે. મને શો વાંધો? એનું રૂપ એની પાસે, મારે શું?"

જરાયે તણખો જ નહીં. વિરોધ, શંકા-કુશંકા બધાં અદશ્ય અને અસ્તિત્વહીન. મસ્તલાલને "મોડી રાતની પાર્ટીમાં ના જાઓ" એવું હુકમથી ફરમાવવાની વાત તો દૂર રહી, પણ "એકલા ના જાઓ સૈંયા, મને પણ સાથે લઈ જાઓ પાર્ટીમાં પિયા, હું એકલી કેમ રહું અહીંયાં? હમસફર એટલે હમસફર, મને પણ ઘણી પડે છે ખબર! હું તો મલકાતી રૂમઝૂમ રૂમઝૂમ ચાલી, સૈંયાનો સાથ નહીં રહે ખાલી, હું પણ આવીશ પાર્ટીમાં જોડાજોડ, મને પણ તમારી બાહુઓમાં ઝૂલવાના ઘણા કોડ!" એવું કહેવાનો કાયદેસરનો હક પણ મંજુ ભોગવે નહીં. મસ્તલાલ પરણ્યા ત્યારથી જ, હા, ત્યારથી જ, મંજુ પરથી મન ઊઠી ગયેલું. રૂઠી ગયેલું મનગમતું સપનું. એક દીવાલ બંનેની વચ્ચે ત્યારથી જ

ઊભી થઈ ગયેલી. મંજુ ગામડાગામની અભણ અને પોતે છેલછબીલો રંગીલો રસિયો શહેરી જીવ. એમને તો મંજુલા નામ પણ ન ગમતું. એમનું ચાલત તો એ મંજુલાનું નામ 'જુલામંજુલા' રાખત. કેવી બોલવાની વહાલ્લી મઝ્ઝા આવેઃ જુલામંજુલા! પણ બાપા મોટી માયા હતા. પરણતાં પહેલાં મંજુલા કે પરણ્યા પછી મંજુલા નામ...... કશુંયે - ન - બદલી શકાયું. બાપા મર્યા ને મસ્તલાલે છેવટે એક કામ તો કર્યું. ઍફિડેવિટ કરાવીને પોતાનું નામ મફતલાલને બદલે મસ્તલાલ કરી નાખ્યું. અન્ય કોઈને આ નામ ગમ્યું કે ન ગમ્યું, એની પળોજણમાં એ પડ્યા જ નહીં, બસ, રાજાને ગમી તે રાણી! એમણે દીકરાનું નામ આનંદ અને દીકરીનું નામ ખુશી રાખેલું.

આનંદે ચેન્નાઈમાં જ એની સાથે ભણેલી અવીરા નામની કન્યા સાથે ઘરે પૂછ્યા વગર જ સિવિલ મૅરેજ કરી લીધેલાં. ચેન્નાઈથી એનું કુરિયર આવેલું, એમાં પત્ર અને મૅરેજ સર્ટિફિકેટની ઝેરોક્ષ હતી, એ જોઈને જ ખબર પડેલી કે મીઠી સમજીને જે કાકડી લઈને ફરતા હતા, તે તો જબરી કડવી નીકળી! ચેન્નાઈમાં અભ્યાસ પૂરો કર્યા પછી, નોકરી અને છોકરીની સફળ શોધ આનંદે ખુદે જ કરી હતી! બાપનાં સપનાં તો દૂધપાક બનાવવાની રાહ જોતાં હતાં અને દૂધ તો ઢોળાઈ ગયું રે લોલ! મૅરેજ સર્ટિફિકેટ જોઈને મસ્તલાલને જરાતરા ઝણઝણાટી તો આવી જ ગઈ હતી, પણ ભારે આંચકા જેવું નહીં, પરંતુ, કુરિયરમાં આવેલા પરાક્રમચરિત્રની મંજુને જાણ કરતાં એ ખુશ થઈ ગયેલાઃ આનંદનાં લગ્ન સંપન્ન થઈ ગયાં છે, એવું સાંભળતાં જ મંજુ પર જાણે ચારપાંચ મોટી ગરોળીઓ એકસાથે પડશે, મંજુ મહાવિલાપ કરશે, બે દિવસ ખાશે નહીં, ફોન કરીને આનંદને સંવેદનાચાબુકથી સટાસટ ફટકારશે.

"હશે, દીકરાને ગમ્યું તે ખરું, એ રાજી તો આપણેય રાજી!" મંજુના આ શબ્દોએ મસ્તલાલની અરમાનનૈયા બરોબર મઝધારે ડુબાડેલી.

જુલામંજુલા, ના, હજુયે મંજુ છે જ એવી ને એવી. રોજ જમવા બેસતાં મસ્તલાલ ભોજનની ખામીઓ વીણ્યા કરતા, "આજે દાળમાં વઘાર કાચો છે, આજે શાકમાં પાણી વધારે છે, આજે વાલ ચડ્યા જ નથી, આજે રોટલી જાડી છે."

"ખાવું હોય તો ખાવ, દરરોજ ખોડ નહીં કાઢવાની, ન ભાવે તો ભૂખ્યા ઠોકાવાનું, આમ બડબડ નહીં કરવાનું, માણસ છીએ, કંઈ મશીન નથી, થોડુંઘણું આઘુંપાછું તો ચાલ્યા જ કરવાનું, શું સમજ્યા, નોકર નથી તમારા!" મંજુ આમ કહેશે, એ તો મસ્તલાલની અપેક્ષા હતી, પણ "હવે આવી ભૂલ નહીં કરું" એમ મંજુ નયન નીચાં કરીને કહેતી. અપેક્ષાઓ ન ફળવાનો શાપ સાપની જેમ મસ્તલાલને વીંટળાયેલો હતો.

કોઈના લગ્નમાં જતી વખતે પણ મસ્તલાલ કહેતા, "લે, મોગરાનું પરફ્યુમ છે, સાડી પર છાંટ."

અને મંજુ ચૂપચાપ પરફ્યુમ છાંટી લેતી. હા પાડવાનો ઉલાળોય નહીં અને ના પાડવાનો છણકોય નહીં.

મસ્તલાલ ગમે તેટલું વઢતા, મંજુ તો સામું વેણ ઉચ્ચારે જ નહીં. સાડીઓનો, ઘરેણાંઓનો, બીજી-ત્રીજી પાંતિનો કંકાસ જ નહીં. એ મોડા આવે તો મંજુ ન પૂછે કે કેમ મોડા? ખાય નહીં તો મંજુ ન પૂછે કે કેમ ઉપવાસ? શરૂમાં એ બોલતી, પણ થોડાક કંકાસો પછી એ સંપૂર્ણ બદલાઈ ગયેલી. બંને વચ્ચે દીવાલ મોટી થયેલી. જે સમયે જે મળે તે મંજુ ચલાવી લે. આથી જ, મસ્તલાલ કર્કશ થઈ ગયા હતા મંજુથી.

ઑફિસના કામમાં પણ એમનાથી કદી ભૂલ ન થતી, પરંતુ, હમણાં થોડાક દિવસ પહેલાં એ સિદ્ધિહાર એમણે તોડ્યો. મંજુ વિશે વિચારતાં એમણે એક ફૉર્મમાં કુલ રકમનો સરવાળો ખોટો કરેલો, પછી જાણીજોઈને ફૉર્મની ભૂલવાળી સૉફ્ટ કૉપી બૉસને આપી આવેલા. બૉસનો સ્વભાવ કેરોસીન છાંટેલા ચૂલા જેવો હતો. મસ્તલાલ રાહ જોતા બેઠેલા કે હમણાં બૉસ મને બોલાવશે, હમણાં બૉસ મને બોલાવશે..... અને બેદરકારીના બદલામાં તતડાવી નાખશે, પણ બૉસ તરફથી કોઈ તેડું આવ્યું નહીં. એટલે ધીરજનાં ફળ પણ સડવાં લાગતાં એ સામે ચાલીને બૉસ પાસે ગયેલા.

“સર, મને લાગે છે કે મેં તમને જે વીસ-બી ફૉર્મ આપ્યું છે, તેમાં ગણતરીમાં મારાથી ભૂલ થઈ છે.”

“અરે મસ્તલાલ! તમે તો બહુ ઍક્યુરેટ માણસ છો, તમારી પાસેથી તો મારેય ઘણી વર્કિંગ સ્કિલ્સ શીખવાની છે. તમે ક્યાં કોઈ વાર ભૂલ કરી છે? આજે પહેલી વાર કરી, એમાં તમને શું કહેવાનું? મેં જાતે જ સુધારીને ફૉર્મની નવી પ્રિન્ટ કાઢી લીધી છે.”

મસ્તલાલ સાથે આવું જ બનતું આવ્યું છે. એમને જાણે સૂમસામ રસ્તા જેવી સફરમાં મિસ પાટલૂનવાલા શરણાઈના સૂર જેવી લાગતી. એનાં પણ ચોક્કસ કારણો છેઃ એક તો એનું નામ મજાનુંઃ મિસ પાટલૂનવાલા! બીજું એ કે એ મોટે ભાગે લૂઝ ટીશર્ટ સાથે ફિટ પાટલૂન જ પહેરતી અને એમાં એ અદ્‌ભુત લાગતી. એ પાછી એકલી અને પાર્ટીઓ આપવાની બેહદ શોખીન. મસ્તલાલને થતું કે મળે જો મોકો તો મિસ પાટલૂનવાલા સાથે દિલ ખોલીને જીવી લેવું જોઈએ, ક્યાં સુધી વર્તુળની ધારે ધારે ફરતા રહીને ઝવેરાતથીયે મોંઘો જીવ બાવળનાં લાકડાંના ભાવે બાળ્યા કરવો?

આજે રાબેતા મુજબની સવારની શાંત પળોમાં છાપામાં હાર્ટઍટેક વિશેનો લેખ વાંચીને મંજુને એમણે કહ્યું હતું-

“આ આખી દુનિયામાં ઘણાંયને હાર્ટઍટેક આવે છે, તો તનેય આવે તો હું તો છૂટું!”

“તે તમે છૂટજો. ક્યારેય પણ તમે મારું સારું ક્યાં ઇચ્છ્યું છે?”

મંજુની ફરિયાદ સાંભળીને એ ખુશ થઈ ગયા, વાહ, આજે કાજળઘેરી ક્ષિતિજ પર અચાનક ચમકારો થયો. એમણે તરત ગપ્પું માર્યું, “ગઈ રાતે મને મસ્ત મસ્ત સપનું આવ્યું હતું કે તને પહેલ્લો હાર્ટઍટેક આવ્યો અને તું ખલ્લાસ! ખેલ ખતમ! બંદા છુટ્ટા!”

“જેવું તમારા મનમાં, તેવું તમારા સપનામાં. નસીબથી મોટું કોઈ થોડું છે?”

ઘર આવી ગયું હતું. મસ્તલાલ અંદર આવ્યા. મંજુ ઊંઘતી હતી. એમના આવવાથી મંજુએ જરાક આંખ ઊંચી કરી, પછી પાછી મીંચી દીધી.

“ઊઠ, હવે ઊઠ, હું આવી ગયો.”

“ઊઠું છું...”

એ બૂટની દોરી છોડવા લાગ્યા. હવે હાથપગ ધોવાના, ચા પીવાની, ટપાલ આવી હોય તો વાંચવાની, સાંજનું પેપર વાંચવાનું, જમવાનું, મંજુની રાંધણકલાની ડફોળાઈઓની ડફલીઓ વગાડવાની, ટીવી જોવાનું અને અગિયારેક વાગતાં મંજુ ઊંઘી ગઈ હશે, ત્યારે ઊંઘી જવાનું. હમણાંથી તો બધું આવું જ એકસરખું કંટાળિયું થઈ ગયું છે. મિસ પાટલૂનવાલા

હોનોલૂલૂ ગઈ છે. ક્યાંય સગામાં શાદી પણ નથી, નહીંતર બેત્રણ દિવસ જલસો થઈ જાત! અરે કોઈનું બેસણું પણ નથી, નહીંતર જઈ આવત! કોઈ માંદુંયે નથી, નહીંતર ખબર કાઢવા જઈ આવત! નવાં ઘર, નવા લોકો, નવી હવા, ક્યારેય પૂરાં જાણી શકાયાં ન હોય, એવા જાણીતા લોકો, ખોટું હસવું, ખોટા ઉપરછલ્લા આવકાર, ઔપચારિક સાંત્વનાઓ..... તોય આ એકનું એક ગીત સાંભળવા કરતાં તો સારું લાગત. આનંદ ચેન્નાઈમાં સેટ થઈ ગયો છે, પણ ફોન કરીનેય કહેતો નથી કે પાપા, ચેન્નાઈ આવો. એક દિવસનું આમંત્રણ આપે તો એક મહિનાની રજાઓ મૂકીને એને ત્યાં રહી આવું, પણ એય એની મા જેવો-

બૂટ-મોજાં કાઢીને મસ્તલાલ બાથરૂમમાં ગયા. સાબુ લગાવીને મોં ધોતાં મોઢું વિચારમાં જરાક ખૂલ્યું અને સાબુવાળું પાણી મોંમાં ઘૂસી આવ્યું.

મસ્તલાલે એ પાણીનો સ્વાદ ચાખ્યો. દરરોજ આવી રીતે સાબુનું પાણી મોઢામાં ઘૂસી આવતું હોય તો? તો તો કંટાળી જવાય, પણ પંદર દિવસે-મહિને આમ બને તો મજા રહે. એમણે ખુશ થતાં થતાં સાબુનું પાણી થૂંકી કાઢ્યું અને હાથપગ ધોઈને બહાર આવ્યા. હજુ મંજુ ઊઠી નહોતી. એ ખિજાયા.

"મંજુ, ઊઠવું છે કે નહીં તારે?"

મંજુએ કોઈ જવાબ ન આપ્યો એટલે બમણા અવાજે બોલી ઊઠ્યા, કોઈક વાર લેતા એ નામ સાથે, "છ વાગી ગયા છે, ક્યાં સુધી ઊંઘવું છે જુલામંજુલા? મારી ચા તો બનાવી આપ. મારો બાપ પણ આમ જ ઊંઘતાં ઊંઘતાં સાંજ પડે મરી ગયેલો. તારેય મારા બાપની જેમ જ મરી જવું છે - જુલામંજુલા?"

છતાં પણ જવાબ ન મળતાં એ ગુસ્સાના શિખરે ચડી ગયા. મંજુના પલંગ પાસે આવતાં એ બોલ્યા, "એ અક્કરમી, ધરાર આળસુ, મોઢામાં મગ ભરીને સૂતી છે કે શું? ઊભી થા, ચા મૂક, સાંભળતી નથી બહેરી જુલામંજુલા? મને ચા વગરનો રાખવો છે? મને હેરાન કરીને તારે રાજી થવું હશે, કેમ? પણ મસ્તલાલના રાજમાં એ નહીં ચાલે જરાય...."

એમણે જોયું તો મંજુએ આંખો ન ઉઘાડી. મંજુનાં જડબાં ધીરે ધીરે ભીંસાતાં હતાં. આંખો પર તાણ હતી. બે હાથથી છાતી દાબતી હતી. પગ ખેંચાઈને અમળાઈ રહ્યા હતા. કપાળ પર થોડો પરસેવો હતો.

"અરે વાહ જુલામંજુલા! તને ઍટેક આવ્યો છે કે શું? એટલે તારી બોલતી બંધ છે! વાહ શું વાત છે વાહ!" મસ્તલાલ તોરમાં ને તોરમાં બોલ્યા. એમના ચહેરા પર મોટું તડબૂચ જેવડું હાસ્ય આવ્યું.

અને બીજી સેકંડે એમણે મંજુનો ચહેરો જોયો. એ બિડાયેલી આંખો પાછળ ઘૂમરાતાં વમળ, વાવાઝોડાં અને પૂર્ણવિરામો...

અને એ મોબાઇલ પાસે દોડ્યા. સામે ફોન રિસીવ થયા બાદ એ ફૅમિલી ડૉક્ટરને લગભગ બૂમ પાડતાં બોલ્યા, "જલદી આવો ડૉક્ટર, ઇમરજન્સી છે, મારી મંજુને ઍટેક...."

આટલું બોલતાં બોલતાં તો આંસુઓના ઉછાળા મારતા મસમોટા પ્રવાહમાં એક દીવાલ ધડામ્ કરતી તૂટી પડી અને ટુકડે ટુકડે વહી નીકળી.

■

# કળથિયું

જિતેન્દ્ર પટેલ

મધરાતે વસંતનો મોબાઇલ રણક્યો. ઝોકું આવી ગયું હતું. આંખો ચોળતાં જ એણે ફોન હાથમાં પકડ્યો. સ્ક્રીન પર વીરુનું નામ વાંચીને ગુસ્સા સાથે કૉલ રિજેક્ટ કરી દીધો. વીરુ એનો લંગોટિયો ભાઈબંધ. આવી રીતે ઘણી વાર એનો ફોન આવતો. એને ટેવ પડી ગઈ હતી. આ સમયે તે ખેતરે વાહુ ગયો હોય. ત્યાં એને એકલા કંટાળો આવે એટલે વસંતને ફોન કર્યા કરે. બૅટરી સાવ ઊતરી જાય ત્યાં સુધી વાત ખેંચે. દોઢ-બે તો વગાડી જ દે. ગામની જાણી-અજાણી વાતોની માહિતી એની પાસે હોય એટલે એનો ફોન આવે એ વસંતને ગમતુંયે ખરું. તોયે એકબે વાર એને ટોક્યોએ હતો કે દિવસે ફોન કરવામાં તને શું વાંધો છે?

ફરી રિંગ વાગી. વસંતે ફરી કૉલ રિજેક્ટ કર્યો. પરંતુ તરત ત્રીજી વાર રિંગ વાગી. એને લાફો ચડાવી દેવા જેટલી ખીજ સાથે વસંતે ફોન રિસીવ કર્યો : 'એલા, વેળા-કવેળા જોયા વગર શું મંડી પડ્યો છે. ખેતરમાં એકલા કંટાળો આવતો હોય તો રોજડાં હાર્યે રાહડા લે.'

'સાંભળ, તને એક માઠા સમાચાર આપવાના છે.' વીરુનો અવાજ એકદમ ઠાવકો હતો.

'શા?' વસંત ટટ્ટાર થઈ ગયો.

'તારાં બા વયાં ગયાં છે.'

'ન હોય!'

'આવી વાતમાં મશ્કરી થોડો કરતો હોઈશ?'

'તો પછી મોટા ભાઈઓનો ફોન કેમ ન આવ્યો?'

'એ બધા દોડધામમાં પડ્યા છે. હમણાં જ આ બન્યું. એમનો ફોન આવવો જ જોઈએ. પણ તું એની રાહ જોયા વગર નીકળી જા.'

'પણ એકાએક આવું કેમ બની ગયું?'

'એ બધી તને અહીં આવીને ખબર પડશે જ ને! નીકળવામાં મોડું ન કર.'

સામેથી ફોન મુકાઈ ગયો.

વસંત સડક થઈ ગયો. એનું શરીર ધ્રૂજતું હતું. એણે પત્ની અને બાળકો સામે જોયું. તેઓ ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં. એનાથી એણે થોડી રાહત અનુભવી.

અંદરથી આઘાતની વેદના ઉદ્ભવતી હતી કે આક્રોશની એ સમજાતું નહોતું. ભાઈઓનો ફોન આવે પછી જ એ કોઈ નિર્ણય લેવા માગતો હતો. આ સમયે પણ એ વટ જતો કરી શક્યો નહિ. મારે શું લેવાને એમને સામે ચાલીને ફોન કરવો જોઈએ? એમની ફરજ છે મને જાણ કરવાની.

પડખામાં મોબાઇલ લઈને વસંત પથારીમાં આડો પડ્યો. હવે ઊંઘ ક્યાંથી આવવાની હતી? ગળે ડચૂરો બાઝી ગયો હતો. આંખો ટપકી રહી હતી. રહી રહીને એ પ્રશ્ન થઈ રહ્યો હતો કે બાને આમ એકાએક શું થઈ ગયું? હજુ બપોરે તો એમનો ફોન આવ્યો હતો. એ જ રઢ પકડીને બેઠાં હતાં. 'તું અહીં અહીં આવી જા. કળથિયું તારા ખાતે કરાવી જા. તું કે' ત્યાં અંગૂઠો મારી દઉં. મારું હવે કાંઈ ઠેકાણું નહિ.'

બાને અંદેશો આવી ગયો હશે? નહિતર પોતે એમને અહીં રહેવા આવી જવા આગ્રહ કરતો હતો ત્યારે એમનો એક જ જવાબ હતો : 'હું હજી કડેધડે છું. જ્યાં સુધી ગુડા હાલે ત્યાં સુધી મારે કોઈના માથે નથી પડવું.'

વસંતને વસવસો થઈ રહ્યો હતો, બાને છેલ્લી ઘડીએ નહિ મળી શક્યાનો. બાએ પોતાને યાદ નહિ કર્યો હોય? એવું હોત તો કડવો ઘૂંટડો ગળે ઉતારીનેય ત્યાં જઈ આવ્યો હોત. ઍટેકને કારણે એકાએક એ ઊકલી ગયાં હશે?

વસંતે હવે મોબાઇલ સાવ કાન પાસે રાખ્યો. એને એમ હતું કે એકાદ ભાઈનો તો ફોન હવે આવવો જ જોઈએ.

વેળા વીતી રહી હતી એમ અકળામણ વધી રહી હતી. મન પર રોષ સવાર થઈ રહ્યો હતો... આમ પણ તેઓએ ક્યારે ફોન કર્યો છે? નાછૂટકે જાણ કરવી પડે એમ હોય ત્યારે છેલ્લી ઘડીએ જ જાણ કરી છે! અભણ બા બચાડાં! એ તો કોઈ પાસે ફોન કરાવે ત્યારે થાય.

વસંતે યાદ કરવા માંડ્યું... ગામમાં પગ મૂક્યો નથી એને કેટકેટલી સાતમ દિવાળી વીતી ગઈ છે! લોકોયે હવે વાતો કરવા માંડ્યા છે કે વાલીડોસીના નાનકાએ ગામનું પાણી અગરાજ (અગ્રાહ્ય) કર્યું છે.

વસંતે પડખું ફેરવ્યું... પાડ માનું વીરુનો. એ ન હોત તો પોતાને ને ગામને હજાર ગાઉનું છેટું પડી જાત. ગામની રજેરજની એ માહિતી આપે. શેરીની કૂતરી વિયાણી હોય તોયે એનો ફોન આવે. પણ એય આ બધી વાતો કર્યા પછી ફરી ફરીને કળથિયા પર આવીને અટકે. એક વાર તો એને માઠું લાગવાની પરવા કર્યા વગર કહી દીધું હતું : 'પ્લીઝ! એ વાત ન કર.'

'હું ક્યાં તારી અંગત વાતમાં માથું મારું છું? આ તો તું ટણી રાખીને બેઠો છું એટલે મારે કહેવું પડે છે. કંઈ નહિ તો તને કળથિયા ઉપર ગામની મંડળીમાંથી બેત્રણ લાખની સહકારી તો મળી શકશે.'

'મારે એની ધૂળેય નથી જોઈતી, પ્લીઝ!'

કળથિયું એના લમણામાં લખાયેલું ખેતર. બાપદાદા વખતની ગામ છેવાડાની એ જમીન. ત્યાં પહોંચતાં ત્રણ ત્રણ વોંકળા પાર કરવા પડે. ગાડામારગનાં કોઈ ઠેકાણાં નહિ.

કેટકેટલાયને આજીજી કરીને એમનાં ખેતરમાંથી ગાડું હાંકવું પડે. કરાબા જેવી પથરાળ જમીન. ખેડતાં ખેડતાં કેટલીયે કોશો બુઠ્ઠી થઈ જાય. ધોળે દા'ડે તારા દેખાઈ જાય તોયે ખાસ કાંઈ ઊપજે નહિ. રોજની રંજાડ એવી કે કળથી સિવાય બીજું કાંઈ વાવી શકાય જ નહિ. એટલે તો એનું નામ 'કળથિયું' પડ્યું હતું. ખરેખર તો એને હવે 'બાવળિયું' કહેવું પડે. એમાં માથા સમાણા બાવળ ઊભા હતા. મિંદડીના ટોપની માફક ટપોટપ ફૂટી નીકળેલાં સિરેમિકનાં કારખાનાંને કારણે પાણીવાળી જમીનેય ખેડ્યા વગરની રહી જતી હોય ત્યારે કળથિયા જેવા માથે પડેલા ખેતરનો કોણ ધણી થાય? મફતેય કોઈ વાવવા તૈયાર નહોતું. આવક તો મૂઈ, આ તો બાવળ કઢાવવાનો ખર્ચ! મેલ પૂળો. મરને ઊભું થાતું હોય બાવળનું વીડ.

ડોસાએ આ ખેતર કાઢી નાખવા બહુ વલખાં માર્યાં હતાં. પણ ઘરાક મળેલો જ નહિ. કંટાળીને એને ભૂદાનમાં આપી દેવાના નિર્ણય પર આવ્યા હતા. પરંતુ એમાંય કોઈ લેવા રાજી થયેલું નહિ. ડોસાને વિઘોટીના ચાલીસ રૂપિયા આકરા લાગતા હતા. એટલે ખોડા ઢોરની માફક કળથિયું અણમાનીતું બની ગયું હતું.

ડોસાનું બારમું પત્યાના બીજા દિવસથી છોકરાઓ વચ્ચે જમીન માટે ખેંચતાણ થવા માંડી હતી. ધરપત ન રહેતાં મોટાએ ભાઈઓની બેઠક બોલાવી પણ હતી. બાયું ધરાર એમાં બેઠી હતી. બાને આ નહોતું ગમ્યું : 'હજુ તો તમારા બાપુની રાખેય નથી ઊડી ને તમે....'

'બહુ રાહ જોઈ.' મોટાએ બાને પૂરું બોલવા નહોતાં દીધાં : 'ખરેખર તો એમણે જીવતે જીવ બધા ભાગ પાડી દેવા જોઈતા હતા. આમાં કોને કયું ખેતર આપવું એ મને સૂઝતું નથી.'

'હું તો આમાં શું કરી શકું?' ડોસી પોતાની લાચારી દર્શાવ્યા વગર રહી શક્યાં નહોતાં : 'તમારી મેળે બધું સમજી લ્યો. કોઈને વંછો થાય એવું નો કરતા. ચાર સરખા ભાગ પાડજો.'

'ચાર ભાગ શેના?' મોટા ત્રણેને ઝાટકો લાગેલો.

'કાં વળી? નાનકો તમારો ભાંડુ નથી?'

'એને તો નોકરી છે!' મોટો જવાબ તૈયાર રાખીને જ બેઠો હતો.

'નોકરી છે એટલે એને ભાયુંભાગ નહિ આપવાનો?'

'જોયું? બાને વસંતભાઈની કેટલી ખેંચ છે!' બાયુંમાંથી કોઈ બળાપો કાઢી બેઠું.

મોટાને આ ન ગમ્યું. સંભળાવ્યું : 'તમે મૂંગી મરી રે'જો. તમારે આમાં પડવાનું જ નથી.' પછી બા તરફ ફરીને થોડા ઢીલા થઈને કહ્યું : 'અમે નાનકાને જમીનનો ભાગ આપવાની ના નથી પાડતા. પણ સરખા ભાગ કેવી રીતે પડે? નાનકાને ભણાવવા પાછળ આપણે કેટલો બધો ખર્ચો કર્યો છે!'

જેરામ અને વાલજીએય એમાં સૂર પુરાવ્યો : 'એના ભણતર વાંહે ઘરનાં કેટલાંય ઘરેણાં વેચાઈ ગયેલાં.'

વસંત હજુયે ચૂપ હતો. પરંતુ ડોસી આ બધું સાંભળી લેવા માગતાં નહોતાં. તેમણે સામું જ ચોપડાવ્યું : 'એ ઘરેણાં મારાં હતાં. તમે કોઈએ ફૂટી કોડીયે નથી આપી.'

'અમને ચડાવા સારુ રતિભારેય સોનું અંગેથી નહોતું ઉતારાયું, પણ ગુલમહોરાને ભમાવવા સારુ...' બાયુંમાં પાછો ગણગણાટ ચાલુ થઈ ગયો હતો.

'તમારા વરનેય કે'વું'તું ને કે ભણે.' ડોસીએ વહુઓ તરફ જોઈને સંભળાવ્યું : 'એમને ભણવવા સારુ તો હું ખેતર-ખોરડાંયે વેચી નાખત. તમને નાનકાની કેમ આટલી અદેખાઈ થાય છે ?'

'બા, તમે મારા માટે આંખે થાવ નહિ.' વસંતે હવે મોં ખોલ્યું.

'તારા સારુ નો બોલું તો કોના સારુ બોલું ?'

'બીજા બધા પારકા જણ્યા હશે કાં' બાયુંનો ઘાંટો હવે મોટો થઈ ગયો : 'તે જાજો એના એકલાની કાંધે ચડીને.'

વાત વણસે એ પહેલાં મોટો પાછો વચ્ચે પડ્યો : 'તમને બધીયુંને આંય બેહવા જ ખોટી દીધી. હવે કોઈ એક હરફેય બોલી છો તો આંયથી ઊભી કરી દઈશ.'

'હું જ ઊભો થઈ જાઉં છું.' કહેતાં વસંત ઊભો થઈ ગયો : 'મારે જમીનમાં કોઈ ભાગ જોતો નથી ને બાને હું મારા ભેગા લઈ જાઉં છું.'

'તું આમ ઊભો થઈ જા એ ઠીક ન કહેવાય.' મોટાએ વસંતનો હાથ ખેંચીને એને પાછો બેસાડ્યો : 'અમે તને ભાગ આપવાની ના ક્યાં પાડી છે ?'

'હું બધું જાણું છું. તમે મને કળથિયું વળગાડવા માગો છો.'

આ સાંભળી ત્રણે ભાઈઓ ભોંઠા પડ્યા. તોયે મોટાએ વાત પડતી ન મૂકી.

'પણ તારે ક્યાં ખેતી કરવી છે ?'

જેરામ : 'તારા ખાતે જમીન બોલાવવા એકાદ ખેતર હોય એટલે ઘણું.'

વાલજી : 'ને કળથિયું કાંઈ નાનું નથી. પૂરા અઢાર વીઘાનું છે.'

વસંત કશું બોલ્યા વગર ઊભો થઈને ચાલતો થઈ ગયો.

મોટાએ હવે ડોસી સામે જોઈને બળાપો કાઢવા માંડ્યો : 'તમે એને મનાવ્યો હોત તો જરૂર માની જાત. ઊલટાનું તમે તો એને ચડાવો છો. હવે ગામલોકોયે અમારો જ વાંક કાઢવાના.'

વસંતે પડખું ફેરવ્યું... ગામને એ છેલ્લા રામ રામ કર્યા એ કર્યા. બાને પોતાની સાથે લેતો આવેલો. પણ 'મને અહીં સોરવતું નથી' કહી અઠવાડિયામાં તે પાછાં જતાં રહેલાં. સાંકડી શેરીની ઓરડીમાં એકલાં રહેતાં હતાં.

ત્યાર પછી મોટાએ કેટલાય દિવસ સુધી ફોન પર મનામણાં કરેલાં : 'તું માઠું ન લગાડ. રાજીખુશીથી કળથિયું સ્વીકારી લે. તારે નોકરી છે. પગાર સારો છે. એવું તો બધે બનતું હોય છે કે નોકરિયાતો ભાયુંભાગ ઓછો લેતા હોય છે.'

'મેં ક્યાં કાંઈ કીધું ? મારે સચોડો ભાગ જોઈતો નથી.'

'એ તું વટમાં બોલે છે. નહિતર તેં ગામમાં આવવાનું બંધ નો કરી દીધું હોત.'

ડોસીએય વસંતને મનાવવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. પરંતુ એનો એક જ જવાબ હતો : 'એના કરતાં જમીન વગરના સારા. કહેવા તો થાય કે મેં ભાયુંભાગમાં કાંઈ લીધું નથી.'

પરંતુ વીરુ લસણ ખાઈને લાગી ગયો હતો : 'કળથિયું તારા ખાતે કરાવી લે. કાંઈ નહિ તો આવકવેરાથી બચવા તો એ તને કામમાં આવશે.'

વસંતે પાછું પડખું ફેરવ્યું. ફોન તો હજુ સુધી કોઈનો આવ્યો નહોતો. વિચારો કેડો મૂકતા નહોતા.

એક મધરાતે આવી રીતે જ વીરુનો ફોન આવેલો. સીધો ચાલુ જ થઈ ગયેલો : 'લ્યા, હવે તો કળથિયું ખાતે ચડાવીશ ને? હવે શેનો ના પાડવાનો?'

'પાછો એ વાત પર આવી ગયો. તારી પાસે બીજો કોઈ વિષય જ નથી?'

'લ્યા, આ તો ખુશખબર છે.'

'શેની ખુશખબર?'

'કળથિયા પાસેથી રિંગરોડ નીકળે છે. રાતોરાત એના ભાવ ઊંચકાઈ ગયા છે. વીઘે વીસ વીસ લાખ બોલાય છે. મનજી ને નથુએ તો સોદોયે કરી નાખ્યો છે.'

થોડા દિવસ પહેલાં વસંતે કોઈના મોઢે આ વાત સાંભળી હતી. ત્યારે એને ટાઢા પોરનું ગપ્પું જ માન્યું હતું. હજુયે તેના માનવામાં આવતું નહોતું. એટલે જ વીરુને કહ્યું : 'તારે આજે ટાઇમ પાસ થતો નહિ હોય કાં? પણ મને બહુ ઊંઘ આવે છે.'

'કેવો માણસ છે તું!' વીરું અકળાઈ ગયેલો : 'એમ કર. વીઘે દસ લાખમાં એ ખેતર હું રાખી લઉં. તને ઊભાઊભા રૂપિયા ગણી દઉં.'

'તને મફતમાં આપ્યું જા. મને હવે સૂવા દે.'

'લ્યા, મારી વાત આમ હસી ન કાઢ. તને માનવામાં નો આવતું હોય તો ગામમાં બીજા કોઈને ફોન કરી જો.'

વસંત હવે થોડો ગંભીર થયો : 'મારા ભાઈઓને આની ખબર છે?'

'ભલા'દમી કેવી વાત કરે છે તું? એમણે તો કળથિયામાંથી બાવળ કઢાવવા માંડ્યા છે. શેઢે ઓરડી પણ ચણી દીધી છે. તારા ઉપર ફોન નથી આવ્યો એ લોકોનો?'

'તેં મને આટલી મોડી જાણ કેમ કરી?' વસંતે સામો પ્રશ્ન કર્યો.

'એનું કારણ છે.' વીરુનો અવાજ હવે ધીમો પડી ગયો હતો : 'તને ખબર પડે એટલે તારા ભાઈઓને તને જાણ કર્યાનો મારા ઉપર જ વે'મ પડે. વાલજીના ખેતરમાંથી મારો ગાડામારગ નીકળે છે. તરત આડો ફાટે. તને માતાજીના સોગંદ દઈને કહું છું કે ભૂલેચૂકેય એમની આગળ મારું નામ લેતો નહિ. આ તો મારો જીવ નો રહ્યો એટલે...'

'બાને આ વાતની ખબર છે?'

'આ બધું મને પૂછવા કરતાં એક વાર તું આવી જા. ખોટો વટ રાખીને તેં પગ પર પાણો માર્યો છે. હવે એ લોકો કળથિયા પર દાવો કરવાના જ.'

બેત્રણ દિવસ પછી મોટાનો ફોન આવેલો. કશી આડીઅવળી પૂછપરછ કર્યા વગર એમણે સીધી વાત કરવા માંડી હતી. એમના અવાજનો રણકો જ જુદો હતો : 'તું અહીં આવી જા. અમે તને નારાજ કરવા માગતા નથી. બધી જમીનના સરખા ભાગ પાડીએ. કોઈને મનદુઃખ ન રહેવું જોઈએ.'

'તમે કોણ બોલો છો?'

'મોટા ભાઈ. મારો નંબર સેવ કર્યો નથી?'

'ખરેખર તમે મોટા ભાઈ બોલો છો?'

અને એણે વાત કાપી નાખેલી.

બીજે દિવસે સવારમાં જ વીરુનો ફોન આવેલો.

'લ્યા, તારે મોટા હાર્યે કાંઈ લમણાઝીંક થઈ હતી?'

'કેમ?'

'એ તો કાનેથી કીડા ખરે એવી ગાળો તારા વિશે ગામમાં બોલે છે.'

વસંત કાંઈ જવાબ આપી શક્યો નહિ.

'સાંભળ, તું આંય નો આવ તો કાંઈ નહિ. હવે હુંયે તને આગ્રહ કરતો નથી. પણ ડોસીને તારે ત્યાં લઈ જા. એમનો બચાડાનો મરો છે. મેં તો સાંભળ્યું છે કે મોટાએ એમને સૂકી ડાટી આપી છે કે અમને અંધારામાં રાખીને જો નાનકાના ખાતે કળથિયું કરી દીધું છે તો લોહીનો સંબંધેય આડો નહિ આવે.'

'એમ કર, તું જ બાને અહીં મૂકી જા ને!'

'ભલા'દમી, તું મને આમાં ક્યાં સંડોવે છે? આ તો તું ભાઈબંધ ર્યો એટલે...'

પછી તો વીરુનો ફોન આવતો પણ બંધ થઈ ગયેલો.

બા સાથે સીધી વાત ક્યાં થઈ શકે તેમ હતી? બાજુવાળાને ત્યાં ફોન કરે તો તેઓ બાને ફોન આપતાં પહેલાં પોતાને કેટલું ભાષણ સંભળાવતો.

વસંત હવે પથારીમાં બેઠો થઈ ગયો. એણે ઘડિયાળ સામે જોયું. પાંચ વાગવા આવ્યા હતા. મનમાં થયું, રાત પૂરી થવાને હવે ક્યાં વાર છે?

ત્યાં રિંગ વાગી. એણે એ જ ક્ષણે મોબાઇલ હાથમાં પકડી લીધો. કૉલ મોટા ભાઈનો હતો. તરત રિસીવ કરી લીધો. મોટા ભાઈનેય નવાઈ લાગી : 'તું જાગે છે?'

'હા, આ સમયે હું દરરોજ ઊઠી જ જાઉં છું.'

'તો સાંભળ, તને એક માઠા સમાચાર આપવાના છે. બા વયાં ગયાં છે.'

વસંતથી કાંઈ બોલી શકાયું નહિ. મોટાને આંચકો લાગ્યો.

'એલા સાંભળ્યું તેં? કે પછી તને કોઈએ જાણ કરી દીધી છે? જે હોય તે, ફટાફટ નીકળી જા. એકાદ કલાકમાં તો તું પહોંચી જઈશ. સાત વાગ્યે બાને કાઢી જવાના છે.'

'હું નથી આવતો.'

'શું વાત કરે છે, તું?' ફોન જાણે વાઇબ્રન્ટ મોડમાં હોય એવી ધ્રુજારી મોટાએ અનુભવી.

'અને હું થોડા દિવસ પછી ત્યાં આવીને કળથિયામાંથી મારું નામ કમી કરાવી જઈશ.' કહી વસંતે વાત પૂરી કરી દીધી.

■

## ટૂંકી વાર્તા

# લૅટ્સ ડાન્સ

કોશા રાવલ

"મારે નાચવું છે." એવો વિચાર આજે પણ આવ્યો અને હું પથારીમાંથી બેઠી થઈ ગઈ. માળું આ નાચવું છે શું? હાથ-પગ અને હૈયાનું તાલમાં ઘૂમવું એ કે એથી વિશેષ? વિચારતાં ઊભી થઈ અને ફળિયામાં ગઈ. સમય ચોરી બગીચાનાં વૃક્ષો જોવાનો, શબ્દોનાં જાળાં ગૂંથવાનો અને ગઝલો સાંભળવાનો (વત્તા અકારણ ઉદાસ થવાનો) મને શોખ.

થાય એવું કે બગીચામાં બેસી ચૂપચાપ આકાશ જોતી હોઉં ને અચાનક કોરા દિવસોની ખાલી ભીતર ત્રમ-ત્રમ થવા લાગે. લાગે કે અસહ્ય બફારો બગીચાનાં વૃક્ષોથી થઈ લૉન સુધી બણબણે છે. શ્વાસે નથી લેવાતો જાણે. એવા દિવસો. થોડી લે'રખી આવે તો લાગે જાણે જીવમાં જીવ આવ્યો. કર્કશ કાગડા અને ઠકઠક ખોતરતાં લક્કડખોદ ખાલી મનને ખોતરતાં રહે. થાય કે એમને ઉડાડી મૂકું, પણ આ કાંવ કાંવ અને ઠકઠકવાળા દિવસોની ગૂંગળામણ કેમ ભગાડવી! સામે રહેલી નાળિયેરીની ડાળી સાથે ઘસાતી નીલગીરીની ડાળ જેવું ચિરચિર મારી અંદર ચચરતું રહે.

આ દુઃખનું નામ શું હશે કહો ફોડ પાડી, શ્રીમતી યાત્રીબહેન યાજ્ઞિક? હું દુઃખનું નામ આંગળી ચીંધી કહી નથી શકતી. છતાં કહું તો આ દુઃખનું નામ છે, ખાલી શકુંતલાની આંગળી. આ વાત સમજી નહીં શકે એને ગૂંચવશો. એટલે પહેલાં જ કહી દઉં કે મારી સાથે કશું ખરાબ બન્યું નથી, પણ કોણ જાણે કેમ સતત ભાર લાગ્યા કરે છે. સમજાય નહીં, આ શેનો ભાર છે? ઉદાસીની ઘાટી ચાદર ઓઢી હું પથારીમાં શાને પડી રહું છું!

મને કહું, ઊઠ યાત્રી, કામ કર, ઉલ્લાસથી કૂદ, આ જીવન છે એને જીવ. નાચ. તો'ય ઊભું નથી થવાતું. ગળા ફરતે ગાળિયો વીંટાળ્યો હોય એમ કામની યંત્રણા મને ભીંસ્યા કરે છે. કદીક લાગે એ કામની હારમાળા અનંત અને ચક્રાકારે ફરે છે. ફરી ફરી એ કામ. એના એ જ. રોજ મને એ ઘરકામો સાદ કરે છે. રોજ સવારે સાદ પડે, 'કરકરી પૂરી, ગાંઠિયા, સેવ બનાવને મમ્મી', 'બાવાંજાળાં પાડો રે ગોરી.'

બપોરી વેળા સાદ પડે રેઃ 'લોટ દળાવવા જશો ક્યારે?' 'ફ્રીઝ સાફ કરશો કે'દી?'

સાંજ ટાણે સાદ પડેઃ 'કઈ વાનગી બનાવશો?' 'પેલો કપડાંનો ઢગલો સંકેલો જલદી.'

કામના પોકારો સંભળાય. હાથ ચાલતા રહે, પગ દોડતા રહે. મૂંગી જીભ અને ભખભખણું મન લડતાં રહે. વચ્ચે કવિતાઓ કપડાં ભેગી સુકાઈ જાય. વાર્તાઓ તવામાં શેકાતી જાય. 'નંદલાલ નહીં રે આવું રે ઘરે કામ છે. કામ છે, કામ છે, કામ છે રે વાલા'ના તાલે સપનાં ધબધબ ધોકાતાં જાય.

ક્યારેક ધબધબાટી બોલાવતાં કામોનો પીછો છોડાવી, આજની જેમ બારણું ખોલી ફળિયામાં બેસી પડું. આકાશ જોતાં ટેવવશ શબ્દોનાં જાળાં ગૂંથવા લાગુંઃ

***ચાલ ને કંટાળો ચીતરીએ..***<br>
***ઓ અડવા,***<br>
***ચાલને કંટાળો ચીતરીએ..***

***કાળીડિબાંગ ઘટમાળ ઉપર***<br>
***છાંટીએ ઘટનાના છીંટા***<br>
***એકના એક એકધારાપણા પર***<br>
***કરીએ હોવાપણાના લીંટા...***

દિવસો તો દિવસો હોય અને કામ તો કામ હોય. એમાં નવું શું લાવવું? તોય કારણો અવનવાં શોધતું રહે આ મન.

* * *

મોટા ભાગે સાંજે દરવાજો ખોલી હું એટેચી એમના હાથમાંથી લઉં. સહેજ હસી ચા મૂકવા રસોડા તરફ જાઉં. પણ આજે બારણું ખુલ્લું હતું. એમણે એટેચી જાતે મૂકી હશે. આખા ઘરમાં ફરી વળ્યા હશે. ઘર ખાલીખમ જોઈ કદાચ મારા પર અકળાયા હશે. 'કેવી બેપરવા છે! કો'ક આખું ઘર સાફ કરી જાય તોય એને ખબર ન પડે. ક્યાં હશે?' કહેતા એમણે બેડરૂમની બારીમાંથી ડોકિયું કર્યું હશે. હું આંબાના થડને અડકી જમીન પર બેઠી હોઈશ. મોં વિરુદ્ધ દિશામાં હશે. નજર આકાશ ભણી હશે. પણ આમ કશું જોતી ન હોઉં.

અવાજ થાય એમ હડસેલીને એમણે પાછળનું બારણું ખોલ્યું. અચાનક એમને સામે જોઈ હું ફફડાટ કરતી ઊભી થઈ ગઈ. વાળનો અંબોડો બાંધતાં એમની તરફ જોઈને બોલી,

"લે,ક્યારે આવિયા? ફ્રેશ થાવ. એટલામાં ચા મૂકી દઉં."

"યાત્રી, તારી આંખોની ચમક ક્યાં ગઈ? મને જોઈને ફરકતું મીઠું સ્મિત ક્યાં ગયું?'' વણકહ્યે મેં એમની આંખોમાં વાંચ્યું. પણ શું કહું? ધીમા પગલે મને રસોડા તરફ જતી એ જોઈ રહ્યા. સમાચારના ઘોંઘાટથી સાંજ ધમધમતી રહી.

* * *

શિયાળાની સાંજ છે. ગૅસ પર ચા ઊકળે છે. જકડાયેલી ગરદનને ગોળ ગોળ ફેરવી બોલું છુંઃ આઈ એમ ફ્લેક્સિબલ. આ ફ્લેક્સિબલ હોવું, સામાન્ય હોવું, ગૃહિણી હોવું, સામાન્ય ગૃહિણી હોવુંઃ મને ગમે છે. કોઈ તકલીફ નથી. પણ..

પણ શું? ગૃહિણી પાસે હરીફરીને બે કામ. એક તે ખવડાવવું, પિવડાવવું અને બીજું તે પાળવું, પોષવું. આટલી અમથી સત્તાથી કે સેવાથી પ્રેમ, આદર, અહમ્ અને આનંદની કેટલી ખાલી જગ્યાઓ પૂરી પૂરીને પુરાય? એટલે ધખારાઓ ફળફળે. ઇચ્છા હણહણે. જીવતા રહેવાની જીદ પર આવી મન અટકે. ખુશીઓ સાદ પાડી બોલાવે.

ભાખરીની કણક બાંધતાં વિચારું કે અમારી દુનિયા અમે બંનેએ બનાવેલી. એમાં ઉમેરાયો અમારો અસીમ. અમારી ત્રણની ટચૂકડી દુનિયા. મધ્યમવર્ગનાં મોટાં દુઃખો ને

નાનાં સુખોથી ભરેલી. પણ એ દુનિયા સાવ સ્થગિત થઈ ગઈ છે. ભીંસી દે, રૂંધી નાખે, અધૂકડું જિવાડે એટલી સ્થગિત. ગૅસ પર ધીમા તાપે ભાખરી ચોડવાતી જાય છે.

જમીને અમે ઓસરીએ બેઠાં. આછું ડોલતાં ઝાડમાંથી પૂનમની ચાંદની ઝરતી હતી. થયું કે આવી ચંપા જેવી ચાંદનીમાં ફળિયા આગળ નાનું તાપણું કરીએ તો! કોઈ જૂનાં ગીતો વગાડીએ તો! કૉફી સંગાથે રોમાંચની ચૂસકી ભરીએ તો! એકબીજા સાથે મજાક-મસ્તી કરીએ તો. ખડખડાટ હસીએ તો. ગીતો ગાઈએ તો. તાલે સહુ ઝૂમીએ તો. નાચીએ તો..તો ખબર પડે કે અમે જીવીએ છીએ.

અત્યારે પતિદેવ આરામખુરશીમાં ઝૂલતા ઝૂલતા મોબાઇલ જુએ છે. અસીમ પણ મોબાઇલ જોવામાં જ વ્યસ્ત છે. બંને ડોકું ખૂંપાવી સ્ક્રોલ થતી દુનિયામાં બેધ્યાન છે. ધ્યાન ખેંચવા મેં બેત્રણ વાર તકિયો આઘોપાછો કર્યો. બંગડીઓ ગોળ ગોળ ફેરવી. બગાસું ખાધું. સંસારી માયાનો મોહભંગ એમ થોડો થાય! અંતે મૌન તોડતાં મેં કહ્યું ,

“અરે કંઈક વાત પણ કરશો કે મોબાઇલ જ જોયા કરશો?”

“હા હા. આ તો જરા ઇરાક ઇઝરાયલના યુદ્ધના ટ્વિટ્સ જોવામાં રસ પડી ગયો. પણ તું કહે તો લ્યો બસ મોબાઇલ બાજુ પર.” એમને મોબાઇલ મૂકતાં જોઈ અસીમેં પણ કચવાતા મને મોબાઇલ બાજુ પર મૂક્યો.

“શનિ-રવિમાં ક્યાં જશું, બોલો. મધુવન રિસૉર્ટ ?”એમણે પ્રસ્તાવ મૂક્યો.

“ પપ્પા, એના કરતાં પાવાગઢ ટ્રૅકિંગમાં જઈએ તો! મજા આવશે.”

“તો પછી સાઇકલ લઈને જઈએ. કાલે એની સર્વિસ કરાવી લેજે. અનિલ અંકલ અને ભાવિન અંકલને પણ બોલાવી લેશું.”

“યસ પપ્પા. સુપર્બ આઇડિયા.”

“તમે બંને ઊપડી જશો અને હું?”

“ તું અમારી માટે ગરમાગરમ બટરવાળા આલુ-પરોઠા બનાવજે. આવીને ટેસથી ખા'શું.”

સારું. પણ કહું છું, આપણે ત્રણેય અત્યારે મીઠાંમધુરાં ગીતો વગાડીને ડાન્સ કરીએ તો? મજા આવશે. કેવી ઝરમરતી ચાંદની છે!”

‘અચાનક આ શું!’ ના ભાવથી અસીમે આંખથી છાની ફરિયાદ કરી. એ મેં નોંધ્યું! બેય ફાટી આંખે મારી સામે જોઈ રહ્યા. થોડી ક્ષણો ચૂપકીદી છવાઈ ગઈ. એ તોડતાં હું ફરિયાદના સૂરમાં બોલી,

“ કેમ ડોળા ફાડી જુઓ છો? કાંઈ ખોટું કીધું?”

“ ના, ના ડાર્લિંગ. તું કહે એમાં ક્યારેય કશું ખોટું હોય! કેમ નહીં? નાચીશું. પણ અત્યારે દસ વાગ્યા છે. સૂઈ જઈએ તો?”પતિદેવે હસીને કહ્યું.

“મમ્મી ખરી છે! આવા વિચારો તને આવે છે ક્યાંથી? આઈ ડોન્ટ વૉન્ટ ટુ ડાન્સ.” ખભા ઉલાળી અસીમ મોબાઇલ સ્ક્રોલ કરવા લાગ્યો.

"સાંભળ તો ખરો. ડાન્સ બીજાને દેખાડવા માટે થોડો કરવાનો? બસ, મન પડે તેમ હાથ-પગ ઉલાળવાના. કોઈ જોતું ન હોય એટલે મન મૂકીને નાચવાનું, કૂદવાનું." સ્વગત બોલતી હોય એમ હું બોલી, "જડ બનેલા દિવસોની શિરાઓ અને ધમનીઓમાં સરકતું નૃત્ય હોય, એમાં આપણે બધાં ઓગળી જઈએ તો, કેવી મજા પડે!" મારી નજર આકાશ ભણી હતી. બિલકુલ તે સાંજની જેમ.

"કેમ નહીં, કેમ નહીં. તું કહે તો ચોક્કસ નાચીશું. અસીમ, મમ્મી કહે લૅટ્સ ડાન્સ. તો આપણે કરવાનો. ઘરમાં મમ્મીનું રાજ. એ ઘરની રાણી. એ કહે એમ થાય. પણ અત્યારે તો ગુડ નાઇટ." હસતાં હસતાં સહુ સૂવા ચાલ્યાં .

* * *

"એક દિ' બધા ભેગા મળી નાચશે.'' પણ એ દિવસની રાહમાં દિવસો વીતતા જાય છે. અસીમ બીમાર પડ્યો. શરદી-ઉધરસ તો તાવ ઊતર્યા પછી'યે પંદરેક દા'ડા ચાલ્યાં.

પછી આવી બોર્ડ એક્ઝામ. ઘરમાં ગંભીર માહોલ. એ વખતે ગીતો સાંભળવાં તો બાજુ પર. જોરથી વાતય ન થાય. અરે ભાઈ! છોકરો બોર્ડમાં છે. હાહાઠીઠી કરવાનું ટાણું થોડું ભાગી જવાનું છે! પછીય કરાશે. લોકો કે'શે ઘરમાં કોઈ કરતાં કોઈને પડી છે કાંઈ! ના ભૈ ના.

ઘર ભલે મારું. હું રાણી. પણ ઘરની પ્રજાનું ધ્યાન હું ન રાખું તો બીજું કોણ રાખે? કોક દિ' એમના ભાઈબંધો આવી ચડે. ત્યાં વળી માસીજીને દાખલ કર્યાં. દવાખાનાના દોડા. કામવાળીબાઈએ ગામડે જવા અઠવાડિયાની રજા લીધી. બેત્રણ દિવસ ઑફિસની મગજમારીમાં એમણે દિવેલિયા ડાચે ટી.વી. જોયા કર્યું. એવે વખતે નાચવાનું ઓછું કહેવાય?

હમણાં સાસુમા દેશ ગ્યાં છે. થોડા દા'ડામાં દર્શન પાક્કાં. આવતાંવેંત ઘરમાં ભાર લેતાં આવશે. બધાં જેમ ખાતાં-પીતાં હશે, સૂતાં-બેસતાં હશે એમ જ કરશે. હરશે, ફરશે. તો'ય મારો ભાર વરતાશે. સગવડો સાચવવાનો ભાર. પરાણે વાતો કરવાનો ભાર. હાજી હાજી કરવાનો ભાર. એ ભાર ઘરની રાણીના ખભા ઝુકાવી દેશે. ખભાની અંદર સળવળતું નૃત્ય બહાર નીકળવા જેટલું ધમપછાડા કરશે, એટલું સામા છેડે દબાણ વધતું જશે. આઘાત બળ અને પ્રત્યાઘાત બળ સમાન મૂલ્યના અને પરસ્પરની વિરુદ્ધ દિશામાં હશે. ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ ગૃહિણીએ ખભા પર ઊંચકવાનો થશે. હાથની અંદર લયઆવર્તનો સળવળ થતાં હશે, પગમાં તાલ થરકતા હશે, એવા ટાણે દાળઢોકળી, ખાંડવી કે લસલસતા લાડુની તલપતી સુવાસમાં નૃત્યો સજ્જડબમ થઈ જશે .

જાયે તો જાયે કહાં..." ગાવું હોય તો મોકળા મને ગાઈ શકાશે.

* * *

ઢળતી સાંજે 'જોની ઇંગ્લિશ' ટી.વી.માં ચાલતું હતું. વિલનના કાળા કરતૂકે ઍરોપ્લેન સળગ્યું. પૅરાશૂટથી ફટ્ દેતોક હીરો નીચે ફંગોળાયો. પણ નીચે અફાટ દરિયો! વિલન હેલિકૉપ્ટરથી ગોળીઓ વરસાવે. બસ! હવે હીરો ગયો કામથી. ત્યાં બીજું હેલિકૉપ્ટર સનનન કરતું આવ્યું. હવે હીરો બચશે કે આ પણ પાછું દુશ્મનનું ષડયંત્ર? ઊંચા શ્વાસે પતિદેવ જોવામાં મશગૂલ.

"કહું છું, થોડી વારમાં આપણો એટકિન્સન્સ જીતી જશે. એ જીત્યો છે, એમ માનીને ડાન્સ કરીએ તો? આઈ વૉન્ટ ટુ ડાન્સ...લૅટ્સ ડાન્સ." મેં પ્રસ્તાવ મૂક્યો.

અણધાર્યાં પ્રસ્તાવથી અમારા રિસાતા રાજાએ કહ્યું,

" અરે! જો તો ખરી, મૂવી કેવું જામ્યું છે. ખરો ઉપાડો છે તારો! લૅટ્સ ડાન્સ! થોડું અટકીને...એમ કરને અમે ન હોઈએ, ત્યારે દિવસે ગીતો ચાલુ કરીને તું નાચી લે ને."

"ખરા છો તમે! દુઃખમાં સાથે રહી શકાય તો સાથે મળીને સુખી કેમ ન થઈ શકાય? સમજો, સમ-સુખિયા થવા તમારી સાથે નાચવું છે."

" અરે ભૈ, સાથે ખાઈએ પીએ, હરીએ-ફરીએ તો છીએ.

"સાથે હોવા છતાં પાસે નથી હોતા.

" મતલબ?" એમનાં ભવાં ઊંચકાયાં.

મતલબ થોડી વાર માટે આજુબાજુની દુનિયા ભૂલી જવાય એમ પાસે. આપણે બે. હળવું સંગીત. લયથી ડોલતા હાથપગ. આંખોમાં ઝિલાતો કેફ. ઓહ! કેટલું રોમાંચક.

ગાંડીઘેલી વાતથી અકળાઈ એમણે સીધો પ્રહાર કર્યો,

પણ એ માટે ડાન્સ કરવો જરૂરી છે? એય પરાણે? મને નાચવું બિલકુલ ન ફાવે. ન ફાવે એટલે ન ગમે. અને તને'ય નાચતાં ક્યાં ફાવે છે? નવરાત્રી વખતે તો 'બધા શું કહેશે'ની બીકમાં ગરબા લેવાને બદલે તું બધાને જોતી હોય છે. ગભરાતી હોય છે. અત્યારે ગજબ શૂરાતન ચડ્યું છે, લૅટ્સ ડાન્સ.. લૅટ્સ ડાન્સ!"

"ઓહો! તમે સમજતા નથી. એ વખતે બીજા જોતા હોય એટલે આપણને સંકોચ થાય. પણ આપણે એકમેક સાથે નાચીએ એ આપણો સહિયારો આનંદ બને કે નહીં?"

" ફેરા ફરતી વખતે સુખ-દુઃખમાં સાથે ચાલવાનું કહ્યું હતું. ત્યારે ખબર નહોતી કે 'સાથે નાચવાનું' અને તું 'નચાવે તેમ નાચવાનું' પણ લમણે લખ્યું હશે!" ખડખડાટ હસતાં એમણે મને ખેંચી.

કશું બોલ્યા વિના હું બીજા રૂમમાં જતી રહી.

* * *

જેમ અચાનક પાછળથી આવી ભીંસી ઘો. કદી તાણી લો મારી લટ, ભીની નજરે જુઓ રૂપની પૂનમ કે ખેંચી લો બીજા ન જુએ એમ મારો હાથ. પરાણે તાણી પલાળો વરસાદમાં કે ફેરવો બાઇકમાં સડસડાટ. ગોળ ફેરવી આલિંગો સાવ હળવું. પીછાં સમ પંપાળી, ઓગાળો સાવ ધીમું ધીમું.

નિત્શેએ લખ્યું હતું, "અ ડે વિધાઉટ ડાન્સ, ઇઝ અ વેસ્ટ ડે." મને થાય હું નિત્શેને કહું, પતંગિયાની જેમ, ભ્રમરની જેમ, મધમાખીની જેમ જીવનનો રસ ગણગણતાં મારે ઝૂમવું છે. નાચવું છે.

સાવ નજીવી ઇચ્છાઓની આડે પણ કોઈ બાંધેલું ગૃહિત મને આંતરે છે. પગથી માથા લગી જાણે બાંધી દે છે. આ અણુઅણુને જકડતી જડતાને તોડવા કોઈ અગમ નૃત્યને

બહાર આવવું છે. કેટલાંય દુરિતોને ખદેડવા છે. લયઆવર્તનોથી, વળાંકોથી, આરોહ અવરોહથીઃ સુન્ન થઈ ગયેલા દિવસો ધબકતા કરવા છે. તમારી સાથે જીવવું છે, કેમ સમજતા નથી? ઓહ! આઈ વૉન્ટ ટુ ડાન્સ!

* * *

પતિ મને સમજાવે છે કે તારી નૃત્ય કરવાની જીદ પાર એક એવું જગત વસે છે, જેમાં ટેન્ડરો, નોટિસો, ઉપરીના આદેશો, એજન્સીઓનાં દબાણો, યુનિયનની ધાકધમકીઓ છે. જેમાં ટકી રહેવાનો સંઘર્ષ છે. જોખી-જોખીને ભરવા પડતા દાવપેચો છે. ગૂંચવાઈ જવાય એવા આટાપાટાઓ છે.

આ દોડમાં દોડતા જગતનો આદિમ લય ક્યાંય ખોરવાઈ જાય! આશ્ચર્ય વિનાનું એ જગત ક્રૂર છે. આવું સાહજિકતા વિનાનું કે લય વિનાનું નિષ્ઠુર જગત મેં ક્યાં જોયું છે?

* * *

સૂતાં સૂતાં અરીસામાં મને જોઈ રહી છું. કોઈ અજાણી વ્યક્તિને જોતી હોઉં એવું લાગ્યું. અકળાઈ મોં ફેરવ્યું. દૂરથી નાદ સાંભળી કાન સરવા થયા. તાલ એકધારો સંભળાતો હતો. એ તાલ સાંભળતાં શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. આપોઆપ આવર્તન વધતું ગયું અંદરનો બંધ તૂટી પડ્યો. અંતરનાદ ફૂટ્યો. શરીર ડોલતું રહ્યું. હાથપગ આંતરિક અંતરાયો અવરોધી ગોળ ગોળ ઘૂમવા લાગ્યા! તાલ, નાદ, ગતિ, આરોહ-અવરોહ, ઘૂમરાતાં વલયો.

હાથપગના વળાંકોમાં શાસ્ત્રીય તાલનાં આવર્તનો નથી, સહજ સ્વયંસ્ફૂર્ત આહ્વાન છે. શરીર અને સૂરમાં બ્રહ્માંડની ધૂન ધબકે છે. પગપગ હોવાનું ભૂલી હવા સરસા વહે છે! આલોકિત ક્ષણ પૂરેપૂરી પ્રજ્વલિત થઈ ઊઠી છે. હવામાં મુકાતું એકેક ડગ ઉન્માદોને વળોટી આવ્યુ છે હવે. એ ક્ષણમાં ઓગળવું અને સ્વયંભૂ પ્રગટવું પરસ્પર ટકરાય છે. પછીના ક્ષણાર્ધમાં જે ઊંચાઈ મળી એ અલૌકિક. એમાં એકાકાર. ગતિ, ધ્વનિ, લય, વળાંકોમાં ઓગળીને મુક્ત નર્તન થતું ગયું..... થતું ગયું.

■

સડસઠ વર્ષના
સમાગમ સાથે
ઝૂલેલો
સાક્ષી હીંચકો
આછો આછો
એકલો એકલો
ઘરમાં ઝૂલે...

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

# યેનપક કથા : વૃદ્ધ છત્રીવાળો

લેખક : અનામિકા 'અનુ', ગુજરાતી અનુવાદ : દક્ષા પટેલ

૧ જાન્યુઆરી, ૧૯૮૨ના રોજ મુઝફ્ફરપુરમાં જન્મેલાં અને કેરળમાં રહેતાં ડૉ. અનામિકા 'અનુ'ને ભારત ભૂષણ અગ્રવાલ પુરસ્કાર (૨૦૨૦), રાજસ્થાન પત્રિકા વાર્ષિક સર્જનાત્મક પુરસ્કાર (શ્રેષ્ઠ કવિ, પ્રથમ પુરસ્કાર, ૨૦૨૧), અને રઝા ફેલોશિપ (૨૦૨૨) મળ્યાં છે. તેમને ૨૦૨૩નો મહેશ અંજુમ યંગ પોએટ્રી એવોર્ડ (કેદાર ટ્રસ્ટ) મળ્યો છે.

વરસાદ આવે તે પહેલાં તે આવતો હતો. ડગમગ ડગમગ કરતો, સાચવીને; સંભાળીને ડઝનબંધ છત્રીઓ પીઠ પર લાદીને. તે જ એક હતો જે આટલી રંગબેરંગી વાંસની, પાંદડાંઓની છત્રી બનાવતો અને વેચતો હતો. તે ફક્ત અને ફક્ત સ્ત્રીઓને જ છત્રીઓ વેચતો હતો. છત્રીઓના બંડલની સાથે તે એક થેલો પણ પોતાના જમણા ખભે લટકાવેલો રાખતો અને જે સ્ત્રી તેનું મન મોહી લેતી હતી, તેને તે છત્રીની સાથે પથ્થરનાં લીસાં સુંદર રમકડાં આપતો હતો.

જેમને પણ તે રમકડાં મળ્યાં, તેમને એક વર્ષમાં સુંદર સ્વસ્થ બાળક થયાં. તેણે કદી અવિવાહિત યુવતીઓને નથી વેચી છત્રીઓ કે ન તો તેમને કદી ભેટમાં આપ્યાં કોઈ રમકડાં.

છત્રીને પહાડ, સરોવર અને જંગલવાળા 'યેનપક' કહેતા'તા અને પેલા નાનકડા વહાલા માણસને યેનપકવાળો જાદૂગર. જાદૂગર એટલા માટે કે દરેક સ્ત્રીના મનમાં તે વસી ગયો હતો, બધા પતિ પોતપોતાની પત્નીઓને 'યેનપકવાળી' કહીને ગમ્મત કરતા હતા. સ્ત્રીઓ વરસાદ આવતાં પહેલાંથી તેની રાહ જોતી હતી. કેટલાય પૈસા આપો, પણ તે પુરુષોને છત્રી નહોતો વેચતો. તે કહેતો'તો, 'ભીમદેવ વરસાદ લાવે છે અને તે સ્ત્રીઓને ખૂબ ચાહે છે. તે બહુ નટખટ છે અને તેમને સ્ત્રીઓ સાથે ફુવારાની ફરફર જેવી મજાક-મસ્તી કરવી ખૂબ ગમે છે. સ્ત્રીઓએ ખરીદેલી છત્રીઓ તૂટી ન જાય, જૂની ના થઈ જાય તેની ચિંતામાં ભીમ જરૂરતથી વધારે વરસાદ નથી વરસાવતા અને જંગલ, પર્વત, પહાડ ડૂબવાથી બચી જાય છે. ભીમને પુરુષોએ ખરીદેલી વસ્તુઓની કોઈ કિંમત નથી. પુરુષોનું ચાલે તો તે પોતાની પત્નીઓને પણ જુગારના દાવ પર લગાવી દે તો બીજી વસ્તુઓને તે કેટલું મહત્ત્વ આપે, જરા વિચારો ?

સ્ત્રીઓ જતનથી પસંદ કરી છત્રી ખરીદતી. તે બધી સ્ત્રીઓ બચાવીને રાખે છે. એક-એક આનો અને પૈસા ભેગા કરી કરીને ખરીદે છે છત્રી. એ છત્રી જે તડકા અને વરસાદથી રક્ષા કરે છે. તેમની, તેમનાં બાળકોની અને તેમના ખોળામાં બેઠેલાં ઘેટાંનાં બચ્ચાં (ગાડરા) અને પંખીઓની.

લોકતક સરોવર પાસે તે વૃદ્ધ છત્રીવાળાનું ઝૂંપડું હતું. ચાંદની રાતે સરોવરકિનારે બેસી તે વાંસળી વગાડતો. એટલું સુરીલું અને મધુર કે ઈંડાં ધીમે ધીમે ફૂટતાં અને તેમાંથી નાનાં સુંદર પીલાં નીકળીને જોવા લાગતાં, દ્રૌપદી-માળાની કળીઓ ધીમેથી ખીલી ઊઠતી, વાંસનાં ફૂલ ધીમા તાલે ઝરતાં.

સરોવર તેની મા હતી અને વાંસનું વન તેના પિતા. કોઈક ચાંદની રાતે એક સરસ ટોપલીમાં વહેતાં વહેતાં તે વાંસના વનમાં પહોંચેલો અને સવારે એક શાંત-સૌમ્ય આંખોવાળી સુંદર સ્ત્રી તેને લઈ આવી. ભાતનું ઓસામણ પિવડાવીને તેને મોટો કર્યો.

એક વાર તેને એક સોનેરી વાળવાળી છોકરી સાથે પ્રેમ થઈ ગયો. આખા ઇલાકામાં તેના જ વાળ સોનેરી હતા. લોકો કહે છે, તેની પરદાદીની મા અંગ્રેજ હતી જેના વાળ સોનેરી હતા. તે કબીલામાં પહેલી વાર કોઈ આવી છોકરીનો જન્મ થયેલો જેના વાળ સોનેરી હતા. તે સૌની આંખોમાં અગ્નિની જ્વાળાની જેમ ભભૂકતી રહેતી હતી.

એક દિવસ સોનેરી વાળવાળી છોકરી ગાયબ થઈ ગઈ. છોકરી શું ગાયબ થઈ, લોકો કહે છે વાંસવળીવાળો વેરાગી થઈ ગયો અને છત્રીઓ બનાવવા અને વેચવા લાગ્યો.

પ્રેમના પ્રકાશથી વૈરાગ્યના અંધારા સુધીનું અંતર માપી ચૂક્યો હતો તે વૃદ્ધ વેરાગી.

વેરાગી કેવો ?

તેને દરેક સ્ત્રી માટે પ્રેમ હતો.

દરેક સ્ત્રીને તેની પાસેથી છાંયડો ખરીદવો ગમતો હતો.

દરેક સ્ત્રીને તેના નામનો ઓળંભો સાંભળવો ગમતો હતો.

દરેક સ્ત્રી વરસાદ આવતાં પહેલાં તેને મળવા ઇચ્છતી હતી.

દરેક સ્ત્રી પાછલા વરસાદથી આજ સુધીના કિસ્સાઓ તેને સંભળાવવા માંગતી હતી અને પોતાના નવા જન્મેલા બાળકને તેને બતાવવા ઇચ્છતી હતી.

તે દર વખતે એક જ સ્ત્રીને પ્રસ્તરનું રમકડું આપતો હતો, તે સ્ત્રી એ મોસમની મા બનતી હતી જે પછીના વર્ષે આ મોસમ ફરીથી આવે ત્યાં સુધી હાલરડાં ગાઈને રાત પસાર કરતી હતી. તે સાઠ વર્ષોથી દર વર્ષે વરસાદ પહેલાં આવે છે.

તે વૃદ્ધ થઈ ગયો છે પણ પહેલાંથી વધુ સુંદર અને નિશ્ચલ...

એક દિવસ વરસાદ પહેલાં એક બીજો છત્રીવાળો આવ્યો. તે બેહદ સુંદર અને યુવાન હતો. બધી સ્ત્રીઓ તેને ઘેરી વળી. તેની પાસે પણ થેલામાં હતી ઘણી મૂર્તિઓ અને ઘરેણાં. ઘણાં બધાં કંગન અને પાયલ. તેણે ઘણી બધી છત્રીઓ વેચી અને ઘણી સ્ત્રીઓને આપ્યાં મૂર્તિઓ અને ઘરેણાં. તે બહુ મનમોહક વાતો કરતો હતો અને તેની મૂર્તિઓ વધુ લીસી અને સુઘડ હતી. હવે કોઈને વૃદ્ધ છત્રીવાળાની પ્રતીક્ષા ન હતી. એક દિવસ ટેકરીઓ ઊતરીને વૃદ્ધ છત્રીવાળો આવ્યો. તેણે બૂમ મારી, કોઈ ન આવ્યું. બધા પાસે નવી છત્રી હતી, બધાએ વણજોયું અને વણસાંભળ્યું કર્યું. બધાએ તેને ન જોયો કે ન સાંભળ્યો. તે પાછો ફર્યો. મોડી રાતે સરોવર પાસે ગયો. તેણે પરોઢ થતાં સુધી લગાતાર વાંસડી વગાડી. આજની વાંસળીના સૂરમાં કંઈ વેદના હતી કે અમાસની રાતે પૂનમનો

ચાંદો ઊગી આવ્યો. સરોવરમાં અસંખ્ય સોનેરી માછલીઓ તરવા લાગી. જાણે વૃદ્ધ છત્રીવાળાની પ્રેમિકાના સોનેરી વાળ ચારેબાજુ તરી રહ્યા છે. સરોવર ઝળાંઝળાં થઈ ગયું.

પરોઢિયે જોરદાર વરસાદ પડ્યો. સ્ત્રીઓ પોતાની નવી છત્રીઓ લઈ ઘરમાંથી બહાર નીકળી અને છત્રીઓ ધીમે ધીમે ઓગળી ગઈ. તે બરફથી છત્રીઓ હતી. સ્ત્રીઓ દોડીને પોતાનાં નવાં રમકડાં જોવા ગઈ. તે લીસાં સુંદર રમકડાં ઓગળી ગયાં હતાં, તે પણ બરફનાં હતાં. નવો છત્રીવાળો કાળો જાદૂગર હતો.

આખું વર્ષ ભેગી કરેલી પાઈપાઈ બરબાદ.

સ્ત્રીઓ મુશળધાર વરસાદમાં પલળતી રહી અને અચાનક બધી સ્ત્રીઓ વાંસળીના અવાજની દિશામાં જવા લાગી, બધા સરોવર બાજુ વળ્યા. જેમ જેમ સ્ત્રીઓ સરોવર તરફ આગળ વધતી જતી હતી તેમ તેમ વરસાદ ઓર વધતો જતો હતો. જ્યારે તે બધાં સરોવર પાસે પહોંચ્યાં તો જોયું કે ત્યાં સેંકડો સુંદર છત્રીઓ પડી હતી. સરોવરમાંથી વાંસળીનો અવાજ આવતો હતો. દૂર દૂર સુધી કોઈ દેખાતું નહોતું. સ્ત્રીઓએ એક એક છત્રી લઈ લીધી અને ગામ પાછી ફરી. આ તેમની પહેલી કિંમત ચૂકવ્યા વગરની છત્રી હતી અને વૃદ્ધ છત્રીવાળા તરફથી તેમને મળેલી અંતિમ છત્રી પણ.

તે બધાં છત્રી ઓઢી ઘર તરફ ચાલવા લાગ્યાં, વરસાદ ધીમો થતો ગયો. વાંસળીનો અવાજ ગુમ થતો ગયો.

સ્ત્રીઓ ઘરે આવી, વૃદ્ધ છત્રીવાળાએ આપેલાં રમકડાં શોધવા લાગી, તે રમકડાં ક્યાંય મળ્યાં નહીં. બધાં ગુમ થઈ ગયેલાં. બધી સ્ત્રીઓ અંદરોઅંદર એકબીજાને અઠવાડિયા સુધી પૂછતી રહી :

તેમનાં રમકડાં મળ્યાં કે નહીં?

એક દિવસ ગોધૂલી વેળાએ જૂના વડના ઝાડ નીચે બેસી સ્ત્રીઓ રમકડાં ગુમ થઈ જવાનાં રહસ્યો વિશે વાતો કરી રહી હતી કે તેમની નજર તેમનાં રમતાં-કૂદતાં બાળકો પર પડી. તેમને તેમનાં રમકડાં મળી ગયાં, હકીકતમાં તે કદી ખોવાયાં નહોતાં... બધી સ્ત્રીઓ એકસાથે હસવા લાગી.

વૃદ્ધ છત્રીવાળો સરોવર બની ગયો, તેનું શરીર સરોવરનું પાણી. સોનેરી વાળવાળી છોકરીનો દરેક કોષ માછલી બની ગયાં ને માછલીઓ આજીવન સરોવરમાં જ રહી.

છત્રી, બિલાડીના ટોપ બની ગયા અને મૂર્તિઓ વાંસવનના જીવ. સ્ત્રીઓની આંખોમાંથી નીકળેલાં આંસુની ધાર કોપ્પૂનાં ફૂલ.

આજે પણ વરસાદ પહેલાં સરોવરની ચારેબાજુ બિલાડીના ટોપ ઊગી નીકળે છે. જેને દરેક પરિણીતા સ્ત્રી તોડી લાવી પોતાના ઘરમાં રમકડાંની જેમ શણગારી ગોઠવે છે.

તે ગામના લોકોએ કદી પણ સરોવરમાંની માછલીઓ નથી પકડી. વૃદ્ધ છત્રીવાળાની યાદમાં વરસાદ આવવામાં હોય તે પહેલાં લોકો રંગ-બેરંગી ફૂલ સરોવરમાં વહેતાં મૂકે છે. ત્યારે તે બધા લોકોના હાથમાં હોય છે છત્રીઓ અને સ્ત્રીઓની આંખોમાં હોય છે આંસુ...

■

# પંપ

કાલિન્દી પરીખ

'આવ આવ કિયારા, હું તારી જ રાહ જોતો હતો.' રાજને કહ્યું.

'લો સર, આ ફાઈલ.'

'ગુડ, યૂ'આર વેરી સ્માર્ટ.'

'હેવ અ સીટ'.

'થૅન્ક યૂ સર, બટ પછી ક્યારેક.'

'આ ક્યારા બંગલે આવે છે તે મને નથી ગમતું.' સુનંદાબહેને કહ્યું.

'મમ્મી, એ મારી પી.એ. છે એટલે મારે કામ હશે ત્યારે બંગલે આવશે તો ખરી જ.'

પી.એ.- સુનંદાબહેન ભૂતકાળમાં ચાલ્યાં ગયાં, સાથે સાથે તેમના રૂમમાં પણ. વર્ષો પહેલાં પતિએ પણ આમ જ કહ્યું હતું.

તેમને અસ્થમાનો ઍટેક આવ્યો. તેઓ પંપ શોધવા લાગ્યા.

'અહીં જ તો રાખું છું, મારી પથારી નીચે જ. ક્યાં મૂક્યો હશે?'

તેઓ હાંફી ગયા, બૂમ પણ માંડ માંડ પાડી શક્યા, 'અ..ની..તા...'

અનીતા દોડીને આવી, 'શું થાય છે મમ્મીજી?'

'પં..પ...'

અનીતાને પણ પંપ ન મળતાં તે રાજનને ડૉક્ટરને બોલાવવાનું કહેવા ગઈ પણ તે તો ગાડીમાં કશેક જઈ રહ્યો હતો.

અનીતાએ બૂમ મારી, 'રાજન, રાજન, મમ્મીને અસ્થમાનો ઍટેક...પણ ગાડી પોર્ચની બહાર નીકળી ગઈ હતી.

'આવ્યો છે.' એમ મનોમન બોલી. તે જ ડૉક્ટરને ફોન કરવા જતી હતી ત્યાં જ શાંતાબાઈ આવી. તેણે પંપ શોધી આપ્યો.

સગુણાબહેનને તકિયા અને ઓશીકાના સહારે બેસાડ્યાં. તેઓ પંપ દ્વારા શ્વાસ લેવા લાગ્યાં. અનીતા તેમની પીઠ પંપાળવા લાગી.

'મને હવે ઉંમરને કારણે યાદ રહેતું નથી. બીજું બધું તો ઠીક પણ પંપ તો હું કાયમ હાથવગો જ રાખું છું, તમારા સસરા હયાત હતા ત્યારથી આ પંપ જ મારો સાચો સાથીદાર છે. આ એને ટેકે જ આટલાં વર્ષો કાઢ્યાં. આજે પંપ ન મળ્યો હોત તો...

પણ આ પંપને રાખવો ક્યાં જેથી તરત મળી જાય?

મમ્મી, લાવો હું કાયમ સાચવી રાખીશ.

■

## નિબંધ

# ‘જવું-આવવું, આવવું-જવું’

પારુલ ખખ્ખર

નીકળ્યાં ત્યારે કશું વિચાર્યું ન હતું. ‘નિશાળેથી નીકળી પાંસરા ઘરે’ જવાનો સ્વભાવ એટલે એમ જ હતું કે પ્રસંગ પતાવીને જ્યાંથી નીકળ્યાં છીએ ત્યાં જ પરત થઈશું. પરત થવા સમયે ગાડી શરૂ થતાં જ એમણે અચાનક પૂછ્યું, ‘ઘરે જવું છે?’

હું ચમકી, તરત જ સ્વસ્થ થઈને પૂછ્યું, ‘એને હજુ ઘર કહો છો?’

‘હા’

‘તો રહીએ છીએ એ જગ્યાને શું કહેશો?’

ગાડીને એક ત્રિભેટા પરથી નાનકડા ગામ તરફ વાળતાં એ બોલ્યા ‘એને રહેઠાણ કહેવાય, નિવાસસ્થાન પણ કહેવાય.’

મને તાળવેથી નાભિ સુધી ટાઢકનો શેરડો પડ્યો અને હું બોલી ઊઠી, ‘હા, ચાલો ઘરે જતાં આવીએ.’

એ બોલ્યા, ‘તારી હા હશે એ ખાતરી હતી એટલે ગાડી એ રસ્તે વાળી જ લીધી છે.’ પેલો શેરડો નાભિથી તાળવા સુધી પહોંચ્યો.

ગાડી પરિચિત રસ્તા પર એકધારી ગતિથી જઈ રહી હતી. મને થયું કોઈ પણ જગ્યા ચોક્કસ કેટલા સમયે મકાનમાંથી ઘર અને ઘરમાંથી મકાનમાં પરિવર્તિત થતી હશે? જે જગ્યા છોડીને હું ગઈ છું એને ઘર બનતાં કેટલાં દિવસો, મહિનાઓ કે વર્ષો લાગ્યાં હતાં? કુલ મળીને ત્રીસ વર્ષના વસવાટ દરમ્યાન એ મકાન કઈ ક્ષણે ઘર બન્યું હશે, કોને ખબર! હવે હું અવળી ગણતરી માંડું છું. એ ઘરને તાળું માર્યે પાંચ મહિના થયા છે. એને ઘરમાંથી મકાનમાં તબદિલ થતાં કેટલો સમય લાગશે? કોને ખબર! અચાનક સાથીદાર યાદ કરાવે ‘અરે, ચાવીનું શું કરીશું?’ હું કોઈ ગોપિત વાત જણાવતી હોઉં તેમ કહું, ‘ચાવી તો મારા પર્સમાં જ રાખું છું’ એ ટગરફૂલ શું મલકી પડ્યા.

મને ઘર સામેનો ટગર-છોડ યાદ આવી ગયો. રોજ સવારે બગીચાને પાણી પાતી વખતે હું તેને જોઈ રહેતી. ફૂલવંતી ડાળો મને ‘હેલ્લો’ કહી મલકતી. રસોડામાંથી એ છોડ સામે જ દેખાય તેથી રસોઈ બનાવતી વખતે મને એનો સથવારો રહેતો. બપોર થતાં સુધીમાં તો ભક્તો ફૂલ ચૂંટી જતા અને ડાળીઓ ફૂલવંતીમાંથી પર્ણવંતી થઈ જતી. ક્યારેક જીવ બળી જાય પણ પછી મનને મનાવું, ‘જેવી જેની ભાવના અને જેવી જેની શ્રદ્ધા’ છોડની ખુમારીય કેવી કે ન ખાતર-પાણી કે ન કાંટાળી વાડ તોયે વધતો જાય અને

ફૂલની લહાણી કરતો જાય! મને 'ધાડ' વાર્તાનું વાક્ય યાદ આવી જાય, 'તાકાત ખપે ભાઈબંધ તાકાત!'

ઘરે જવું છે, ઘરે જવું છે–ના હરખમાં ક્યારે ઘર આવી ગયું તેની સરત જ ન રહી! સાથીદારે હૉર્ન મારીને જાગૃત કરી, 'ચાલો મેડમ, તમારું પહેલા ખોળાનું ઘર આવી ગયું.' હું અમથું અમથું મલકી પડી.

એ બોલ્યા, 'મારે બજારમાં થોડું કામ છે એ પતાવતો આવું.'

હું પર્સમાંથી ચાવીનો ઝૂડો કાઢી ગાડીમાંથી બહાર આવી. ઝાંપા પર મારેલું તાળું જોઈને જીવને અસુખ થઈ આવ્યું. આ ઝાંપો તો કાયમ સ્ટૉપરભેર જ રહેવા ટેવાયેલો છે, એને તાળાનું બંધન અકળાવતું નહીં હોય! શેરીમાં ક્રિકેટ રમતાં બાળકોના બૉલ, બૅડમિન્ટનનાં ફૂલ હવે ફળિયામાં આવી જતાં હશે તો શું થતું હશે? તાળું ખોલી ફળિયામાં આવી. ફળિયું એકંદરે ચોખ્ખું છે. ઝાડપાન પણ તાજાં છે. કામવાળાં બહેનની નિષ્ઠાને વંદન કરીને પોર્ચ પર પગ મૂકું છું. એક જાણીતી હવા મને ઘેરી વળે છે. હું પોતાના ઇલાકામાં પ્રવેશી ગઈ હોઉં એવી હૂંફ વરતાય છે. ચાવીના ઝૂડામાંથી બે ચાવીઓ શોધી, સેફ્ટીડૉર પર લગાવેલું તાળું હાથમાં લીધું. આટલાં વર્ષોમાં પહેલી વાર તેના પર નિરાંતવી નજર નાંખી, તેના પર લખ્યું હતું 'નવતાલ'. હું ચાવી ફેરવવા જતી હતી અને અટકી ગઈ. આ ક્યું નવ અને ક્યો તાલ? નવ એટલે નવનો આંક કે નવ એટલે નવું? આ શબ્દ શું કહેવા માંગતો હશે? દરેક વખતે તાળું ખોલીએ ત્યારે નવા જગતમાં પ્રવેશીએ છીએ એમ? કે પછી નવ જેવો શુભાંક ઘરવાસીઓને ફળો એમ? સાથે 'તાલ' શબ્દ પણ છે. તાલ એટલે તળાવ, તાલ એટલે તાળી અને તાલ એટલે થાપ પણ ખરી. આ ક્યું તળાવ? તનસર, મનસર, જગસર કે પછી ઘરસર? તાળી એટલે કઈ તાળી? આ પ્રલંબ રાસની કથામાં રાસ રમંતા આપી હતી એ કે પછી હાથતાળી મળી હતી એ? અને થાપ તો ઘણી ખાધી અને થાપ પર ઝૂમ્યાં પણ ખરાં! આ તાળું વળી કોની વાત કહેતું હશે, કોને ખબર!

તાળું હાથમાં લઈને કોઈ ઘરઘેલી સ્ત્રી આમ ધૂળભર્યા પોર્ચ પર ઊભી રહીને ગહનમાં ગોત લગાવતી હોય તેવી ઘટના આ ઘરના ઇતિહાસમાં પહેલી વખત બની રહી હતી. હું ફરી વાર તાળા પર નજર નાંખું છું, એક બીજો શબ્દ પણ નજરે ચડ્યો '૭ levers' હું ચમકું છું 'અરે ભઈ, આને કેમ ખબર કે આ બાઈ '૭ layers'ની નીચે ધબકે છે?' પછી ખાતરી કરવા એ શબ્દ ફરી વાંચું છું, સરખો વાંચું છું. 'ઓહ... આ તો લિવર્સ છે લેયર્સ નથી' પણ જોકે તોપણ અર્થ એનો એ જ રહે છે. સાત સાત કળ વડે જ ખૂલે એ સ્ત્રીએ લેયર્સ કે લિવર્સની ચિંતા ન કરવી જોઈએ, એણે માત્ર ખૂલવાની જ ચિંતા કરવી જોઈએ. ખૂલવા પરથી યાદ આવ્યું કે હજુ મેઇનડૉરનું ઇન્ટરલૉક ખોલવાનું તો બાકી છે. 'ચાલો, ઇન્ટરલૉક પણ ખોલીએ.' એમ વિચારીને થોડી લાંબી અને વજનદાર ચાવી ખાંચમાં લગાવું છું. ખટાક–ખટાક–ખટાક અવાજ સાથે ત્રણ કળ ખૂલે છે. મારામાંથી ભૂત–ભવિષ્ય–વર્તમાન ત્રણ કાળ સડસડાટ પસાર થઈ જાય છે. દરવાજાને સહેજ ધક્કો મારું છું અર્ધખુલ્લા દરવાજામાંથી આખું ઘર મને ભેટવા દોડે છે.

તારીખ, વાર કે ચોઘડિયું જોયા વગર આવી ચડેલી હું ઘરને પૂછું છું, 'હું શું કહેવાઉં?' મને અપેક્ષિત હતું કે એ 'અતિથિ' કહેશે અને હું એક ધબકારો ચૂકી જઈશ પણ એ સ્માર્ટ

જવાબ આપે છે, 'દરવાજાની એ તરફ હોય એ મહેમાન અને આ તરફ હોય એ યજમાન.' હું ઉતાવળે એક પગથિયું ચડી, ડ્રૉઈંગરૂમમાં પ્રવેશીને દરવાજાને આખો ખોલી નાંખું છું અને એ જ ક્ષણે યજમાન બની જાઉં છું. ઘરમાં પ્રવેશતાં જ સામેની દીવાલે ઘડિયાળ છે. ગયાં ત્યાં સુધી તો ચાલતી હતી. અત્યારે સાડા ત્રણના આંક પર અટકીને ઊભી છે. હું આખા ઓરડામાં નજર ફેરવું છું, બીજું કશું અટકી નથી પડ્યું ને? આખા ઓરડાએ ધરપત આપી કે બધું હેમખેમ છે. અને મેં જાતને કહ્યું, 'જો, તારા વગર કંઈ અટકી પડ્યું નથી.' પછી ઘડિયાળ સામે જોઈને કહું છું, 'અટકી પડવું આપણને ન પોસાય. તનેય હમણાં ચાલતી કરી દઉં જો ને!'

આખા ઘરમાં ફરી વળું છું. દરેક ચીજ પાસેથી પતંગિયાની જેમ પસાર થાઉં છું. તન અને મન અલગ અલગ સ્તર પર પસાર થઈ રહ્યાં છે. બારી, બારણાં, કબાટ, પુસ્તકો, ફ્લાવરવાઝ, ફોટોફ્રેમ, ટિપાઈ, બરણીઓ, લોટા-પ્યાલા દરેક જગ્યા પર ધૂળે પગપેસારો કર્યો છે. હું સ્ટોરરૂમમાં જઈ ઝાપટિયું લઈ આવું છું. હળવે હળવે આખા ઘર પરથી ધૂળ ઝાપટવા લાગું છું. એક એક ચીજ ચોખ્ખી થતી જાય છે. 'આ ચમચો તો હું ત્યાં શોધી શોધીને થાકી!', 'આ પુસ્તક તો આ વખતે યાદ રાખીને સાથે લઈ જવું છે.', 'અરે... મુખવાસ તો ફ્રીઝમાં મૂકવાનો રહી ગયો છે, ખોરો થઈ જશે.', 'આ ફોટોફ્રેમ એક વાર હાથમાંથી પડી ગઈ હતી. કેવી આબાદ બચી ગઈ!', 'હવે આ પગલુછણિયું બદલવું પડશે, સાવ ઘસાઈ ગયું છે.' એક ઘરવલી સ્ત્રી જાત સાથે સંવાદ કરતી જાય છે, ધૂળ ઝાળાં સાફ થતાં જાય છે.

નજર જમીન પર પડે છે. જમીન પર ધૂળનો પાતળો થર પથરાયેલો છે. મારાં પગલાં સ્પષ્ટ દેખાય છે. આજે ઘર કહેતું હશે ને-

'પગલાંની પાડનાર આવી રન્નાદે...' જમીન પર ઠેર ઠેર ગરોળીએ પતાવેલ પ્રાતઃકર્મોના અવશેષો વેરાયેલા પડ્યા છે. જરાક વાર અણગમો થયો પણ મનને થયું, 'ચાલો, કોઈ તો વસે છે આ ઘરમાં.' સફાઈ પતાવીને હાથ ધોવા બેઝિન પાસે જાઉં છું. નળ ચાલુ કરું છું પણ હવાના સુસવાટા સિવાય કશું નથી આવતું. 'અરે, પાણી જ નથી?' ઝડપથી મોટર ચાલું કરું છું. દરેક નળ જળવંતા થાય છે. માણસ વગરનું ઘર આમ જ સુકાઈ જતું હશે ને? ઘડિયાળો બંધ પડી જાય, મોટર જામ થઈ જાય, ટાંકીઓ ખાલી થઈ જાય, તાળાં કટાઈ જાય, કરોળિયા ઘર પચાવી પાડે, છોડ કરમાઈ જાય, ધૂળનું એકચક્રી શાસન સ્થપાય... આવું તો કંઈ કેટલુંયે થતું હશે ને! વિચારો અટકતા જ નથી. ઉપરનો ટાંકો છલકાવા લાગ્યો છે. ફળિયાનો ટાંકો ભરવા માટે હું વાલ્વ ફેરવવા ફળિયામાં જાઉં છું. પગમાં દોરો અટવાય છે, પડતાં પડતાં બચું છું. 'આ દોરો વળી ક્યાંથી આવ્યો?' જોઉં છું તો અગાશીની પાળી પરથી લટકી રહ્યો છે. 'હું કરોળિયો હોત તો દોરાને ટેકે ટેકે ઉપર ચડી જાત.' જેવો બાલિશ વિચાર આવે છે અને હસી પડું છું. પછીની ક્ષણે જ વિચારું છું, 'જોકે કરોળિયો હોત તો આ ઘરના કોઈ ખૂણામાં જ ધામા ન નાંખ્યા હોત!' મોં-માથાં વગરના વિચારોમાં અટવાતી ધૂળિયાં પગથિયાં ચડીને અગાશી પર જાઉં છું. અગાશીની વચોવચ પીળા રંગનો પતંગ બેહોશ થઈને પડ્યો છે. હું દોરો ખેંચતી જાઉં છું. લચ્છી વાળું છું અને પતંગ હાથમાં લઉં છું. પીળા પતંગ પર લાલ રંગનું મકાન ચીતરેલું છે. નીચે વાદળી રંગથી લખેલું છે 'home sweet home' હું પતંગ લઈને નીચે ઊતરું છું.

આસપાસ નજર ફેરવું છું કોઈ બાળક દેખાય તો આપી દઉં. કોઈ દેખાતું નથી. પતંગને ઓટલા પર મૂકું છું. હમણાં કોઈક આવશે તો આપી દઈશ.

ફરી ઘરમાં પ્રવેશું છું. ફોન હાથમાં લઈ સાથીદારને પૂછું છું 'કામ પતી ગયું? ક્યારે આવો છો?'

'થોડી વારમાં આવું છું. તારે કંઈ કામ હતું?'

'હા, આવો ત્યારે ઘડિયાળનો સેલ લેતા આવજો ને!.'

'ભલે'

ફળિયાનો અન્ડરગ્રાઉન્ડ ટાંકો ભરાઈ રહ્યો છે. ખાસ્સો મોટો છે એટલે વધુ વાર લાગી. હાશકારા સાથે હીંચકા પર બેસું છું. એક ઠેસ લઉં છું અને પાછળ ધકેલાઉં છું, બીજી ઠેસે આગળ આવું છું. આવર્તનો ચાલતાં રહે છે. અને હું જવું-આવવું, આવવું-જવું વચ્ચે ઝૂલતી રહું છું.

એ આવ્યા, બોલ્યા, 'વાહ, ઘર તો એકદમ ઘર જેવું કરી નાંખ્યું!'

હું મલકાઉં છું, 'હા, અમારે એ જ કરવાનું હોય.'

એ મારી સાથે હીંચકા પર બેસી ગયા. થોડી સંકડાશ પડે છે, પણ આ સામીપ્ય ગમે છે. મોરપીંછ લહેરાતાં હોય એવી ક્ષણો પસાર થતી રહી. હું ભૂતકાળને વાગોળતી, વર્તમાનને માણતી રહી. એ બોલ્યા, 'ક્યારે નીકળવું છે?'

મનમાં થયું, 'જવું જ નથી' પણ જવાબ આપ્યો, 'તમે કહો ત્યારે.'

એમણે મારી હથેળી પોતાના હાથમાં લીધી, મારી આંખોમાં જોઈ બોલ્યા, 'સાચું કહું? મારે અહીંયાં કોઈ જ કામ ન હતું, પણ ત્યાં તું બહુ હિજરાય છે એટલે થયું ચાલ ને, તને એક વાર ઘરનો ભેટો કરાવી દઉં.'

હું એના ખભે માથું ઢાળી દઉં છું. ચારેય હથેળીઓ પ્રસ્વેદ સંવેદતી રહે છે. અમે બન્ને મૌન છીએ. હીંચકો ધીમે ધીમે આવતો-જતો રહે છે. આખું ઘર અમારી પોતીકી ક્ષણોમાં કોઈ ન પ્રવેશે એ જોવા અદબભેર ઊભું છે.

બહારથી કોઈની બૂમ આવી, 'એ... તમારો ટાંકો છલકાય છે.' અમે બન્નેએ એકબીજા સામે જોયું, આંખો મલકાઈ પડી, અમે છલકાઈ પડ્યાં. હું દોડીને મોટર બંધ કરું છું. આખું ફળિયું પાણી પાણી થઈ ગયું છે. આંગણાની ધૂળમાં ભળી ગયેલા પાણીએ પોતાની સોડમ પ્રસરાવી છે. હું આંખ અને નાકને આ તક ઝડપી લેવા પ્રોત્સાહન આપું છું. અંદર જાઉં છું. હીંચકા પાસે આવી, હીંચકાનો સળિયો પકડી ઊભી રહું છું. એમણે પૂછ્યું, 'જઈશું ને?' મેં બાળકની જેમ માથું હલાવી હા પાડી.

એમણે ખિસ્સામાંથી સેલ કાઢી મને આપ્યો, 'જાઓ, બંધ પડેલાને ચાલતા કરો.' હું ટેબલ પર ચડું છું. ઘડિયાળમાં સેલ લગાવી ચાલતી કરું છું ટક-ટક અવાજ વડે.

ઘર ધબકી ઊઠે છે. હું ફોનમાં જોઈ ઘડિયાળનો સમય સેટ કરું છું. ટેબલ ઠેકાણે મૂકીને ચાવીનો ઝૂડો હાથમાં લઉં છું. સાથે લેવાની વસ્તુઓ પોર્ચમાં મૂકું છું. આખા ઘરમાં સંજેરો કરી લઉં છું 'કશું રહી નથી જતું ને?' ઘરની વચ્ચે ઊભી રહીને રહી ગયેલી, છોડી

દીધેલી વસ્તુઓને યાદ કરું છું. એક લિસ્ટ મનમાં નૉનસ્ટૉપ પસાર થવા લાગે છે. એને મનમાંથી ડિલિટ કરવાનું વિચારું છું, પરંતુ એ જ ક્ષણે હાઈડ બટન પર ક્લિક કરી દઉં છું અને હળવી થઈ ઘરમાં ફરીથી આંટો મારું છું. નળ, વાલ્વ, સ્વિચો બધું ચેક કરું છું.

પોર્ચમાં આવી ચપ્પલ પહેરું છું. બન્ને દરવાજાને તાળું મારું છું. પહેલાં ઇન્ટરલોક અને પછી નવતાલમાં ચાવીઓ ફરી વળે છે અને ઘર બંધ થાય છે. ફળિયામાં આવતાં જ ઓટલા પર પડેલા પતંગ પર ધ્યાન જાય છે. પતંગને હાથમાં લઉં છું. શેરીમાં નજર ફેરવું છું, કોઈ બાળક દેખાતું નથી, વિચારું છું, 'આનું શું કરું? આનું તો કોઈ લેવાલ નથી.' ફળિયામાં ઊભી ઊભી ઘર સામે જોઉં છું, પછી પતંગ સામે જોઉં છું. નાનકડી ચમક આંખમાં આવી બેસી જાય છે. હું પોર્ચનાં પગથિયાં ચડી મેઇનડૉર પાસે જાઉં છું. બારસાખમાં તોરણ લટકાવવાની ખીલી દેખાય છે. પેનીભેર ઊંચી થાઉં છું, માંડ માંડ ખીલી સુધી પહોંચું છું અને ખીલી પર પતંગ સાથે જોડાયેલો દોરો બાંધી દઈને એક મિશન પાર પાડ્યાનો હરખ અનુભવું છું. ઘર તરફ એક છેલ્લી નજર નાંખું છું. અંદરથી ઘડિયાળનો ઝીણો ઝીણો ટક ટક અવાજ આવી રહ્યો છે. 'home sweet home' લખેલો પતંગ બારસાખ પર હળવે હળવે ઝૂલી રહ્યો છે. હું ચાલવાનું, ઝૂલવાનું, જીવવાનું અને જવાનું બળ લઈ સંતોષ સાથે ગાડીમાં બેસું છું.

■

બે વૃક્ષની
લળેલી ડાળીઓ વચ્ચે
આકાશ ઝૂકીને આવ્યું
એટલું નીચું
કે
તારલાને ચૂંટવા
હાથ લંબાવ્યો
ને લો,
હરસિંગાર ને બોરસલીની
ઝૂલ સહિત
આખુંયે ગગન
હાથમાં આવી ગયું.

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

## નિબંધ

# ગુલમોર

ભગવાન મેર

ઉનાળાએ દર વખતની જેમ આ વરસે પણ ગુલમોરને નવાબી સાફો બાંધ્યો છે, જેની જાત્રા કરવા કીડીબાઈનો સંઘ આવી પહોંચ્યો છે. મૂળથી શરૂ કરીને ફૂલ સુધીની એમની યાત્રા શિસ્તબદ્ધ હોય છે. કીડીઓની તાલબદ્ધ ગુલમોરીય પરેડ જોવા કાચિંડાઓ ઊંચી ડોકે તૈયાર રહે છે. રૂખડબાવાને ગરવા ગિરનારનો સાક્ષાત્કાર થતાં સઘળું છોડી અલખની શોધમાં નીકળી પડે તેમ સદીઓની નિરાંત સાથે બુદ્ધની ગતિએ કીડીઓ થડ પર નીચે ઉપર આવજા કરે છે. માત્ર કીડી જ નહિ પણ ગુલમોરે ગોઠવેલા સમર કૅમ્પમાં ટહુકાઓની સોગાદ લઈને અનેક પક્ષી આવે છે. ગુલમોર જ્યારે હોંશે હોંશે સહુને સૌંદર્યનું ગાણું ગાવાની દાવત આપે છે ત્યારે પક્ષીઓ તેને કેસૂડાનો માશિયાય ભાઈ કહીને ચીડવે છે. ઉનાળાને કુદરતે આપેલ ઑસ્કાર એટલે ગુલમોર...

અમારી શાળામાં જે ગુલમોર છે તેની નીચે ઘણી વાર પ્રાર્થનાસભા હોય છે. એટલે એ ગુલમોરને 'સાક્ષરશ્રી'નું બિરુદ આપી શકાય એવો એ જ્ઞાની છે. ગુલમોરની છાયામાં હું ગુજરાતી ભણાવતો હોઉં ત્યારે અનેક વાર ડોકું ધુણાવી એ હોંકારો આપે. પવન સાથે ધૂણે, ક્યારેક શાંત ચિત્તે તલ્લીન થઈ જાય. આમ તો બધા સર્જકો વિશે એ ખૂબ જાણતો હતો. પણ ટાગોર ગુલમોરને બહુ વહાલા હશે... ટાગોરની કેળવણીની અનેક વાતો એમણે સાંભળી છે, એટલે કેળવણીના પ્રયોગ રૂપે પ્રાર્થનામાં બેસેલા દરેક વિદ્યાર્થીને ગુલમોર તરફથી એક એક સળી ભેટમાં મળે છે. નીચે બેસેલા વિદ્યાર્થીના હાથમાં સળી આવતાં જ ધરતીના કૅન્વાસ પર દુર્લભ ચિત્રોનું સર્જન થાય છે. ક્યાંક મહેંદીની ભાત્યું તો ક્યાંક કમળ કે ગુલાબ... કેટલાંકના હાથમાં સળી આવતાં જ કાળજીપૂર્વકનું સુંવાળું ખોતરકામ શરૂ કરી દે છે...શું ખબર કદાચ ગુલમોરની છાયામાંથી લોથલ કે હડપ્પા નીકળે તો? કોઈ કોઈ વાર તો કોઈ વિદ્યાર્થી સારું ગીત ગાય તો ગુલમોર ગેલમાં આવીને એના પર પુષ્પવર્ષા કરે. હમણાં વૅકેશનમાં વિદ્યાર્થીઓ આવતા નથી એટલે ગુલમોર પુરજોશમાં ખીલે છે. બાકી અમારા એ હરતાફરતા હસતાબોલતા ગુલમોરો આવે એટલે આ ગુલમોર એનાં બધાં ફૂલો ખેરવી યુનિફૉર્મમાં આવી જશે. કુદરતે બધાં વૃક્ષોને લીલા રંગનો યુનિફૉર્મ પહેરાવાનો પરિપત્ર કરેલો જ છે પણ તોફાની છોકરાં જેમ વૃક્ષો પણ કેટલીક ઋતુમાં એ પરિપત્રના પાલનમાં મુલાયમ છૂટ લે છે. આ ગુલમોર ઉપર ચડી લીમડાકીય ચેષ્ટા કરવા જેવી નથી. સૌંદર્ય બટકણું હોય છે એનો બોધ અહીં મળે છે. ગુલમોર તડકાને ગાંઠતો નથી. લોઢું તપે ને લાલ થાય, બાપુજી તપે ને તેની આંખો લાલ થાય. બેમાંથી એક્કેયની પાસે ના જવાય, પણ ગુલમોર તપે તેની લાલઘૂમ છાયામાં સુખાસનમાં બેસી શકાય. ગુલમોરની સ્પેશિયલ તડકા ઑફરનો લાભ લેવા હું અનેક વાર તેની નીચે બેઠો છું. કીડી, મકોડા, કાચિંડા, ખિસકોલી અને હું ગુલમોરના બાંધ્યા ઘરાક... અમારા માટે

એ ફૂલો ખેરવીને લાલ જાજમ બિછાવે. જ્યારે પણ ગુલમોરે બિછાવેલી લાલ જાજમ પર રમેશ પારેખનું રજવાડું... (ચકલી)ની સવારી આવે એટલે બપોર સુધરી જાય. નાની પણ હખ ક્યાંય નહીં... ઘડીની વારમાં તો ચાર જગ્યા બદલી લે... અંતે સહેજ પાતલડી ડાળી ઉપર અસવાર થાય... ડાળી સાથે ચાંચ ઘસીને વૃક્ષના ખબરઅંતર પૂછવાની પક્ષીસહજ ચેષ્ટા કરે. એમ કરતાં એને સુખ ઊપજતું હોય એવું લાગ્યા કરે. છેલ્લે એ ડાળી પર બેસી આખું શરીર હલાવી હવામાં એક ખંખોળિયું ખાય બસ, થોડી વાર હાંફે પછી એયને ફરરરર...એને કયાં બસ પકડવાની હતી... સીધી સામેના લીમડા પર.

દાઠા રહેતો ત્યારે આ મૂઆને ગુલમોર કહેવાય એની તો ખબરેય નહોતી. લગભગ દાઠા આખામાં એની વસ્તી અલ્પસંખ્યક. અમારા ક્વાર્ટરની આજુબાજુમાં પણ આપડી ઓળખાણ ઓછી એટલે બોરસલ્લી, થોડાક લીમડા, સોનમોર અને પીપર તેમજ આંબલી બસ, એટલાં જ આપડા પરિચયમાં આવેલાં. એક દાડો બાપુજી સાથે લ્યુના ગાડીમાં બેસીને કૅનાલના કાંઠે કાંઠે જતાં લાલચટાક ફૂલડાંવાળું ઢીંચકું એવું ઝાડ નાના નાના બાવળ વચ્ચેથી માથું ઊંચકીને ઊભેલું મેં જોયેલું. નામ નહોતી ખબર પણ તેના પ્રથમ દર્શને જ મન મોહી લીધું. ઘડીક બાપુજી રેઢો મેલે તો ફૂલડાં હાથવગાં કરી લઉં એવા ઘોડા મનમાં બઘડાટી કરવા લાગેલા... એના ઉપર બેસવાના અભરખાય સેવી લીધેલા, પણ મેળ ના પડ્યો તે ના જ પડ્યો...એ તો પછી ખબર પડી કે આ તો ગરમાળાનો ભાઈબંધ ગુલમોર... હવે ગુલમહોર કે ગુલમોર એવી જોડણીની જોડ ઠીકઠાક કરવા કરતાંય એની છાયામાં વિચારાસન કરવાની મજા અનેરી છે. ભાગમાં ભમરો હોય તો ક્યારેક એય આવે. ભમરો દરેક ફૂલમથકનું હવાઈ નિરીક્ષણ કર્યા પછી જ તેના પર ઊતરે છે. થોડેક દૂર આકડાનાં અને આવળનાં ફૂલો પર બેસું કે ના બેસું એમ હલાસન કર્યા પછી જ એ ગુલમોર બાજુ આવશે. ધોળાં અને પીળાં ફૂલોનો મોહ ઊતરે પછી જ ભગવી દિશામાં પ્રયાણ થાય છે. માણસમાં પણ આ ભ્રમરવૃત્તિ છે જ ને...

ડાહ્યો દીકરો માવતરનું ઘડપણ પાળે એમ ગુલમોર અમારું વૅકેશન પાળતો. એની છાયા નીચે અમારા બાળપણનાં બોર પાકીને ટબ્બા જેવાં થયેલાં. ભેરુડાની અનેક વાત્યુંના વેલાને ફૂલ ગુલમોર નીચે જ આવતાં. ગુલમોરનું થડ જાડું અને આરંભની ત્રણચાર ડાળીઓ એકદમ લિસ્સી ને સુંવાળી તે અમારી બાળમેજી પરિષદ ત્યાં જ ભરાતી. આમ તો આવળ, બાવળ, લીમડો, બદામ ને ગુલમોર એક જ આંગણનાં પાડોશીઓ હતાં, પણ અમારી બેઠક તો ગુલમોર નીચે જ ભરાતી. ગુલમોરની આખી જિંદગી છોકરાં રમાડવામાં જ ગઈ એમ કહો તોય ચાલે. એની જાડી ડાળે સાઇકલનાં ત્રણ ટાયરનો હીંચકો કોણે ટાંગ્યો હશે એ તો ખબર નથી પણ તેમાં ટીંગાઈને હીંચકા ખાવા વારામાં રહેવું પડતું. પચાસ પચાસ હીંચકા ખાવાનો વારો... હીંચકા ખાવામાં કોઈ વધારે હીંચકા ના ખાઈ જાય એ ગણવા માટે એકડા શીખવા પડેલા. વાહામાં ધબ્બા મારી મારીને હીંચકા નાખતા ભેરુડાઓ એકડા બોલી બોલીને હીંચકા નાખતા... એક... બે... અને પચાસમો હીંચકો આવે ત્યારે કૂદીને નીચે પડવાનું... ભવનમાં વિનોદભાઈના મુખે પ્રથમ વાર ‘વિરાટનો હિંડોળો ઝાકમઝોળ’ કાવ્ય સાંભળ્યું ત્યારે વર્ગમાં બેઠા બેઠાય તે ગુલમોરની ડાળીએ બાંધેલા વિરાટના હિંડોળે મન હીંચકા ખાતું થઈ ગયેલું. ગુલમોરની નીચે જ બે ભેરુ વચ્ચે રામ, ઊડતું પક્ષી, સ્ટેચ્યૂ બંધાવવાના મૌખિક એગ્રીમેન્ટ થતાં. બેસીને ઊભા થાય એટલે રામ બોલવાનું... ના બોલ્યા તો ધબ્બ દઈને અવાજ આવે એવો ઢીંકો વાહામાં ખાવાનો. સામે મળે એટલે ઊડતું પક્ષી જે પહેલાં બોલે તેની સામેનાએ લંગડી લેવાની

અને જ્યાં સુધી આકાશમાં ઊડતું પક્ષી ના દેખાય ત્યાં સુધી લંગડી લઈ ફરવાનું. ભેરુઓ વચ્ચે આવા અનેક કરારો થતા અને કરારભંગ થતાં ગુલમોર નીચે અદાલત ભરાતી. દિવાળીના દિવસોમાં અહીં અનેક વાત્યુંના ફટાકડા ફૂટતા... એક વખત ઊડી ગયેલા રૉકેટના અવશેષોનું સંશોધન થતું. કોના ઘરે ફટાકડા વધુ ફૂટ્યા છે, કેટલા હવાઈ ગયા છે, કેટલા સૂરસૂર્યા થઈ ગયા છે વગેરે બાબતોની છણાવટ છુટ્ટા મોઢે થતી. ચૂંટણી સમયે નેતાઓ કાર્યાલય ખુલ્લું મૂકે એમ હોળીના દિવસોમાં ગુલમોર નીચે અમારું તાળા વગરનું બધી દિશાએથી ખુલ્લું કાર્યાલય ખૂલતું એટલે અમને બધી દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત થતા. હોળી માટેનું બધું આયોજન ત્યાં જ થતું. અમારા કાર્યાલયમાં અમે વોટને બદલે ગોઠ માંગતા, નાણાંના બદલે છાણાં ઉઘરાવતા, વનમાં ભરચક ખીલેલા કેસૂડાનો પ્રચાર કરવા આખી બાળટોળી કામે લાગી જતી. ઘેર ઘેર કેસૂડા પહોંચતા અને એના બદલામાં મફતમાં ખજૂર દાળિયાની મહેફિલું મંડાતી. એ દિવસોમાં ગજવાં અમારાં ખાસ્સાં વૈભવી હતાં. સોડાના બિલ્લા, લખોટી, આરસિયો, ગર્યો, બાકસની પટ્ટીઓ, ચાર મિનાર છાપ બીડીનાં ખાલી ખોખાંઓથી ખિસ્સાં હંમેશાં ભરેલાં રહેતાં. આ બધો વૈભવ ગુલમોરની છાયા નીચે ઠલવાય, ક્યારે કઈ રમત જામી જાય તે નક્કી નહિ. તે દિવસોમાં ભારેખમ ખિસ્સાનો નશો તો ક્યારેય ચડ્યો નહિ, પણ ખાલી ખિસ્સામાંય ખુમારી છોડવી નહિ તેના પાઠ ગુલમોર નીચે શીખ્યા.

તે દાડે નાહતી વખતે મેં બાથરૂમની બારીમાંથી ગુલમોરનું છેલ્લું દર્શન કર્યું. કોઈ સ્વજનનું સ્નાન કરતો હોય તેમ મન ભરાઈ આવ્યું. છેલ્લાં પાંચેક વર્ષથી તેને મૂળમાંથી બટકાવી દેવાની યોજનાઓ ઘડાતી હતી. અંતે આ જ બપોરે એને પાડી દેવાનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો. મેં એને વાવ્યો નહોતો પણ વૃક્ષપ્રિય સ્વભાવને લીધે એની અનેક ફરિયાદ મારી પાસે આવી હતી. અમારા વાડામાં એની મેળે ઊગીને માથું કાઢી ગયેલો ગુલમોર કોઈની તમા રાખ્યા વગર મકોડાની મહેફિલું બોલાવતો. કાચિંડાને દિવસમાં બે વાર બોલાવી આખું ભાણું જમાડતો. અમારી આખી અગાશી પર એણે ધરાર કબજો કરી સળીઓનું ગોડાઉન બનાવ્યું હતું. પક્ષીઓને મફતમાં સળીઓનું વિતરણ કરી પક્ષી આવાસ યોજનાને પ્રોત્સાહન પૂરું પાડતો હતો. એ બધાના ધ્યાનમાં હતો. મેં ઘણી વાર સમજાવ્યો કે આમ ખરા તડકાના લાલ ચટાકેદાર ઠાઠ સજવાના રહેવા દે પણ રમેશ પારેખના કાગડા જેવો સમજ્યો નહીં ને અંતે ભરબપોરે મનોજ ખંડેરિયાના લાલઘૂમ તાપમાં એને સરેઆમ બટકાવી નાખ્યો. હું શાળાએથી ઘરે આવ્યો ત્યારે બટકેબટકા થઈ એ ટ્રૅક્ટરની ટ્રૉલીમાં ભરાઈ ગયો હતો. ગુલમોરની વિદાય વેળા વસમી હતી. મારા મનમાં સ્વજનની સ્મશાનયાત્રા નીકળતી હોય એવા ભાવો ઊભા થયા. ગમગીન અવાજે મેં પૂછ્યું, ક્યાં લઈ જાવ છો આને? ડ્રાઇવર બોલ્યો.... સ્મશાને... મને થયું આને પણ અગ્નિદાહ આપવાનો હશે... પછી મને ખબર પડી કે વધારાનાં લાકડાં ઘરે નડે નહિ એટલે સ્મશાનમાં દાનમાં આપી દેવાય છે. ગુલમોરનું લાકડું દાનમાં આપ્યું છે. આજે બધાએ ભેગા થઈને ગુલમોરને સ્મશાને પહોંચાડ્યો. એક દિવસ મને પણ આ જ રીતે ચાર લોકો ભેગા થઈ સ્મશાને પહોંચાડશે... ત્યાં સુધીમાં આ ગુલમોરનું લાકડું પણ સુકાઈ ગયું હશે... કદાચ મને ઓળખી પણ જાય... અમે બંને સાથે જાતને અગ્નિદેવને સોંપીશું. ધરતી, હવા, પાણી, આકાશ અમને તેનામાં સમાવી લેશે. ચોર્યાશી લાખ ફેરામાંથી એક ફેરામાં પણ ઈશ્વર મારી મરજી મુજબ જન્મ આપે તો આ ગુલમોર જે મારા આંગણામાં કપાયો છે તેના જ આંગણામાં પ્રભુ મને ઉગાડજે, એ મને પાણી પાશે અને હું મહોરી ઊઠીશ ભરઉનાળે લાલઘૂમ તાપમાં... ■

# કાવ્યસંગીત નહીં, સંગીતકાવ્ય

વિનોદ જોશી

ગીતકાવ્ય અને ગવાતાં ગીત સંબંધે મારી મુખ્ય સ્થાપના એ છે કે ગીતકાવ્યનું માધ્યમ ભાષા છે, જ્યારે ગવાતાં ગીતનું માધ્યમ સ્વર છે. બંને કલા અલગ છે. એક કવિતાની અને બીજી સંગીતની. એટલું તો સ્પષ્ટ છે કે ગીતકાવ્ય ભાષાના આશ્રયે જ પ્રગટે, જ્યારે સંગીત માટે ભાષા અનિવાર્ય નથી. સંગીત માટે સ્વર અનિવાર્ય છે. ભાષા સંગીત માટે આગંતુક છે. સંગીત મૂળમાં તો અશબ્દ જ છે. સંગીતનો જન્મ ભાષા પૂર્વે થયેલો છે. તેથી ગવાતું ગીતકાવ્ય સંગીતના આશ્રયે પ્રગટતું કાવ્ય છે. તેથી, ગવાતું ગીતકાવ્ય સંગીતકાવ્ય છે તેમ કહેવું તર્કપૂત છે. તે સુગમસંગીત કે કાવ્યસંગીત નથી. સુગમસંગીત એવા નામથી પ્રસ્તુત થતી રચનાઓ મોટે ભાગે દુર્ગમ હોય છે. તેમાં અનેક પ્રકારનાં રાગરાગિણી અને ગાયકીની હરકતોથી શબ્દને ઘૂંટવામાં આવે છે. ત્યાં શબ્દ ગૌણ બની જાય છે અને ગાયકી મુખ્ય થઈ જાય છે. તેથી સુગમસંગીત એવું નામાભિધાન સાર્થક રહેતું નથી. તે જ રીતે કાવ્યસંગીત કહીએ ત્યારે કાવ્યના શબ્દમાં રહેલું સંગીત તેવો અર્થ થાય છે. તેમાં બહારથી દાખલ થતા સંગીતની કોઈ ભૂમિકા નથી. એટલે ગવાતાં ગીતકાવ્ય માટે કાવ્યસંગીત એવો શબ્દપ્રયોગ અનુચિત છે. શાસ્ત્રીય રીતે કહીએ તો ગવાતું ગીતકાવ્ય તે સુગમસંગીત કે કાવ્યસંગીત નહીં પણ સંગીતકાવ્ય છે.

હવે વાત કરીએ કાવ્યસંગીત કોને કહેવાય તેને વિશે. કાવ્યસંગીત એટલે કાવ્યમાં રહેલું સંગીત. કાવ્ય ભાષામાં લખાય છે એટલે એમ કહીએ કે કાવ્યમાં પ્રયોજાતી ભાષામાં રહેલું સંગીત. આપણે એ જોયું કે સંગીતનું માધ્યમ સ્વર છે. તો, અહીં એમ સમજવાનું છે કે આ વાત ભાષામાં પ્રયોજાતા શબ્દોના ઉચ્ચરિત સ્વરોમાં રહેલા સંગીત વિશે થઈ રહી છે. ભાષા મૂળમાં તો વાચિક છે. તે વાચાનો કે વાણીનો વિષય છે. તેથી અહીં થશે તે વાત ઉચ્ચરિત શબ્દોના સ્વરોના સંગીત વિશે થશે તે હવે સ્પષ્ટ છે.

સાવ સાદી રીતે પહેલાં થોડું સમજી લઈએ. ઉચ્ચરિત ભાષા ધ્વનિ, પદ, વાક્ય અને અર્થ જેવા ચાર મહત્ત્વના સ્તંભના ટેકે ઊભેલી હોય છે. ધ્વનિ વિના ભાષાનું ઉચ્ચારણ શક્ય નથી. ધ્વનિ સ્વર અને વ્યંજન જેવા બે ભાગમાં વહેંચાયેલા હોય છે. એ કહેવાની જરૂર ભાગ્યે જ હોય કે સ્વરનું ઉચ્ચારણ સ્વતઃ થાય છે, જ્યારે વ્યંજનનું ઉચ્ચારણ સ્વરની મદદથી થાય છે.

‘અ’નું ઉચ્ચારણ સ્વતઃ થાય છે જ્યારે ‘ક’ના ઉચ્ચારણ માટે ‘અ’ નામના સ્વરની

આવશ્યકતા ઊભી થાય છે. આપણે બોલીએ છીએ ત્યારે અનિવાર્યપણે સ્વરોનો ઉપયોગ કરીએ છીએ. આ સ્વરો હ્રસ્વ પણ હોય અને દીર્ઘ પણ હોય. હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણ વખતે ઓછો સમય લાગે છે અને દીર્ઘ સ્વરોના ઉચ્ચારણ વખતે તેનાથી વધુ સમય લાગે છે. સ્વરોના ટેકે ઉચ્ચારાતા વ્યંજનો માટે પણ આ વાત એટલી જ લાગુ પડે છે. સમયના આ ઓછાવત્તા પરિમાણને ધ્યાને લઈ લઘુ અને ગુરુ તેવી સંજ્ઞાઓ કાવ્યના શબ્દને સમજવા માટે પ્રયોજાતી હોય છે. ગીતકાવ્યમાં પ્રયોજાયેલા શબ્દના સંગીતની વાત કરતી વખતે પણ આપણે તેને જ ઉપયોગમાં લેવી પડશે. સરળ રીતે આટલું સમજી લીધા પછી હવે ગીતકાવ્યમાં પ્રયોજાતા શબ્દનું સ્વરૂપ સમજવા પ્રયાસ કરીએ.

કાવ્યમાં પ્રયોજાતો શબ્દ મુખ્યત્વે લય અને છંદના માળખામાં ગોઠવાતો શબ્દ છે. પણ અહીં એક કાવ્યસ્વરૂપ એવા ગીતકાવ્ય અંગે વાત થઈ રહી છે. અહીં સંગીતના નહીં પણ કાવ્યના લયની વાત થઈ રહી છે તે ધ્યાને રાખવાનું છે. કાવ્યમાં સ્વૈર એવો લય તાલથી નિયંત્રિત થાય છે. સંગીતમાં લયને જ તાલ કહેવાની આપણે ત્યાં રૂઢ પરિપાટી છે. પણ વસ્તુતઃ બંને અલગ છે. અંગ્રેજીમાં લય માટે રિધમ અને તાલ માટે બિટ્સ તેવા શબ્દપ્રયોગો છે તે અહીં યાદ કરી શકાય. આપણે વાત કરી રહ્યા છીએ ગીતકાવ્ય વિશે. ફરીથી યાદ કરી લઈએ કે ગીતકાવ્યનું માધ્યમ ભાષા છે. સંગીતમાં હોય છે તે સ્વર તેનું માધ્યમ નથી. તેથી અહીં હવે જે વાત થશે તે ગીતકાવ્યમાં પ્રયોજાયેલી ભાષામાંથી પ્રગટતા સંગીત વિશે થશે. આ સંગીત શબ્દનું સંગીત છે. અર્થાત્ શબ્દના ઉચ્ચારણનું અને શબ્દોના સંયોજનનું છે. તેને આલાપ કે રાગ જેવી કોઈ સાંગીતિક પીઠિકા નથી.

એ પણ સમજી લઈએ કે ગીતકાવ્ય પઠન માટે છે. કાવ્યનું પઠન સંગીતથી જુદી માવજત માગે છે. કારણ કે તેમાં ભાષાની અભિવ્યક્તિ કરવાની હોય છે, સ્વરની નહીં. કાવ્યપઠનને સંગીતનું શાસ્ત્ર નડતું નથી. કારણ કે તે સંગીતનો વિષય જ નથી. તેમ છતાં કાવ્યના પઠનમાં લયાત્મકતા તો હોય છે. તેમાં બોલચાલની રોજિંદી ભાષાથી અલગ તેવું કશુંક વિલક્ષણ હોય છે, જે કાવ્યની અભિવ્યક્તિને જુદી પાડે છે. આ જુદાપણું આપણી શ્રુતિને આહ્લાદક લાગે છે. કવિતા કાનની કળા છે તેવું જે કહેવાયું છે તે આ અર્થમાં છે. આ આખી વાત સમજવા માટે હજી થોડું વધુ વિચારીએ.

આપણા કાને જે શબ્દો પડે છે તે મૂળમાં તો ધ્વનિ છે. પરંતુ શબ્દને અર્થ વળગેલો છે. આપણો શબ્દો સાથેનો સંબંધ એટલો ઘનિષ્ઠ હોય છે કે આપણને જે સંભળાય છે તે ધ્વનિ છે તે સમજીએ તે પહેલાં તો આપણે તેના અર્થ સુધી પહોંચી ગયાં હોઈએ છીએ. મોટે ભાગે તો આપણો ભાષા સાથેનો મામલો શબ્દો બોલાય, શબ્દો સંભળાય અને શબ્દો સમજાય એટલો જ હોય છે. પણ બોલાતી ભાષાના ધ્વનિ આપણા કાને પડે છે ત્યારે તે શ્રુતિનાં વિશેષ પરિમાણો રચે છે. ઉદ્દંડ રીતે બોલાયેલા અને માનવાચક રીતે બોલાયેલા શબ્દોની પસંદગીમાં તો તફાવત હોય જ, પણ તેના ઉચ્ચારણની ઢબમાં પણ તફાવત હશે. આપણા બોલાતા શબ્દો આપણી અંદર રહેલા નૈસર્ગિક ભાવથી પ્રભાવિત થશે. અભિવ્યક્ત થતી ભાષાનું સ્વરૂપ બાંધવામાં આ ભાવનો બહુ મોટો ફાળો હોય છે. તેની સીધી અસર શબ્દોનાં રૂપો પર થાય છે. 'મા' અને 'માવલડી'નો અર્થ એક જ થતો હોવા છતાં તેનાં અલગ શબ્દરૂપોની ભાવાત્મક અસર અલગ અલગ છે. 'વીજળી' અને

'વીજલડી' જેવા શબ્દોને પણ આ રીતે વિચારી શકાશે. એક જ અર્થ આપતા બંને શબ્દોનો ભાવાત્મક ભેદ અહીં આપણને તરત સમજાય છે. ગીતકાવ્ય ઊર્મિકાવ્યનું સ્વરૂપ હોઈ તેમાં પ્રયોજાતા શબ્દો જેટલા ભાવાત્મક હશે તેટલી તેની પ્રભાવકતા વધુ હશે. ગીતકાવ્યમાં પ્રયોજાતા શબ્દોની પસંદગી પરત્વે કવિએ કઈ ચીવટ રાખવી જોઈએ તે આટલી વાત પરથી તરત જ સમજાઈ જશે.

શબ્દને પણ પોતાનો સ્વભાવ હોય છે. તે સંભળાય તેની સાથે જ તે પરત્વે આપણું ચિત્ત સક્રિય થઈ જાય છે. ઋજુ કે કર્કશ ધ્વનિની પરખ આપણને સહજ રીતે જ થઈ જાય છે. તે જ રીતે જે તે શબ્દને વળગેલું તેનું સહજ વાસ્તવ પણ ચિત્તમાં તરત જ ઊપસી આવે છે. મનુષ્યચિત્ત અનુભવમાં આવેલાં, સ્મૃતિમાં સચવાયેલાં અને કલ્પનોત્થ વસ્તુજગતનાં મનોબિંબ રચી શકે છે. શબ્દનો અર્થ સમજાઈ જાય તોપણ તેમાંના ભાવસૌંદર્યનો અનુભવ તો આપણને શબ્દના ધ્વનિને આધારે જ થાય છે. સમજાઈ જવું અને અનુભવવું બંને બાબત અલગ છે. માર્ગ અને મારગ જેવા શબ્દોને કે પછી વૃક્ષ અને ઝાડવું કે શાખા અને ડાળખી જેવા શબ્દોને ઉચ્ચારી જોવાથી આ ભેદ તરત સમજાશે. ઉચ્ચરિત ધ્વનિ આ રીતે જોઈએ તો શબ્દનું અપેક્ષિત સૌંદર્ય રચવામાં બહુ મોટો ભાગ ભજવે છે. આટલી વાત પરથી એ સમજાય છે કે ગીતકાવ્યમાં કવિએ કરવાની થતી શબ્દપસંદગી જો આ ધોરણે થયેલી ન હોય તો શ્રુતિસૌંદર્યનું ભાવાત્મક નિર્માણ થઈ શકતું નથી. પરિણામે તેવા ગીતકાવ્યમાં શબ્દમાં રહેલા સંગીતનો લાભ લેવાયો નથી તેમ કહેવું પડશે.

શબ્દમાં રહેલા આ સંગીતને ધ્યાને લઈને હવે થોડી વધુ વાત કરીએ. અમુક શબ્દો સ્વયં આપણી શ્રુતિને ઉત્તેજિત કરે છે. 'ઝાંઝર' શબ્દમાં છે તેવી શ્રુતિગ્રાહ્યતા 'પાયલ' શબ્દમાં નથી. સાંગીતિક ધોરણે તપાસીએ તો બંને શબ્દમાં રહેલું સંગીત અલગ અલગ શ્રુતિપ્રભાવ રચે છે. ગીતકાવ્યમાં 'ઝાંઝર' શબ્દ પ્રયોજાશે ત્યારે તેની સાંગીતિકતા 'પાયલ' શબ્દ કરતાં ચડિયાતી હશે તે તરત સમજાઈ જાય તેવી વાત છે. ગીતકાવ્ય આવી શક્યતાઓનો લાભ લઈને લખાયું હોય ત્યારે તેને તેનું પોતાનું સંગીત મળ્યું હોય છે. ગીતકાવ્યનું પઠન કરતી વેળા તેનું આ સંગીત સહજ ઊપસી આવે છે અને આપણી શ્રુતિને કોઈ ને કોઈ રીતે તે પ્રભાવિત કરે છે. આને કાવ્યસંગીત કહેવાય. કાવ્યસંગીત આ રીતે કાવ્યના શબ્દમાંથી નીપજે છે. જયદેવના 'ગીતગોવિંદ'નો પાઠ કરીએ ત્યારે શબ્દમાં રહેલા આ સંગીતનો અનુભવ તીવ્રતાથી થાય છે.

'કાન્ત'ના 'સાગર અને શશી' કાવ્યની આ પંક્તિ જુઓઃ

"સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન

અહીં લઘુ વર્ણોની શૃંખલાને કારણે શ્રુતિને થતો અનુભવ સાંગીતિક છે, પરંતુ એ સંગીત સ્વયં શબ્દનું સંગીત છે. એ આરોપિત કે આગંતુક સ્વરોનું સંગીત નથી. એ સંગીત કવિએ નિપજાવેલું છે અને તેમાં સંગીતનો પ્રવેશ શબ્દના આશ્રયે થયો છે. તુલસીદાસની એક બહુ જ પ્રચલિત રચનાનું ઉદાહરણ આપુંઃ

'શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવ ભય દારુણમ્,
નવ કંજ લોચન કંજમુખ કરકંજ પદકંજારુણમ્.

કંદર્પ અગણિત અમિત છબિ, નવ નીલ નીરદ સુંદરમ્,
પટ પીત માનહું તડિત રુચિ શુચિ નૌમિ જનકસુતા વરમ્.

ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનમ્
રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથનંદનમ્

શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ્,
આજાનુભુજ શરચાપધર સંગ્રામજિત ખરદૂષણમ્.

ઇતિ વદતિ તુલસીદાસ શંકરશેષ મુનિમનરંજનમ્,
મમ હૃદયકુંજ નિવાસ કુરુ કામાદિ ખલદલગંજનમ્.'

તુલસીકૃત રામાયણના પઠનના શ્રુતિસંસ્કાર તેમાંની પાઠ્યસામગ્રીમાં રહેલા શબ્દસંગીતને કારણે આપણા ચિત્તમાં સ્થાન જમાવે છે. તુલસીકૃત રામાયણની સર્વજન લોકપ્રિયતાનું આ પણ એક કારણ છે તેમ માનવું પડે. આવું જ ચારણી કે ડિંગળભાષાનાં કાવ્યો વિશે પણ કહી શકાય. તેમાં રહેલું કાવ્યસંગીત શ્રુતિને આકર્ષે છે અને તેની સાથોસાથ કાવ્યગુણનો અનુભવ પણ આપે છે.

કોઈ ગાયક કે સ્વરકાર આ રચનાનું સ્વરાંકન કરે ત્યારે તે સાવ જુદી બાબત બને છે, ત્યારે શબ્દના આશ્રયે સંગીત નહીં, પરંતુ સંગીતના આશ્રયે શબ્દ પ્રગટે છે. તેથી તે કાવ્યસંગીત નહીં પણ સંગીતકાવ્ય બને છે. કાવ્યસંગીત એટલે કાવ્યની ભાષાના આશ્રયે પ્રગટતું સંગીત જેનું નિર્માણ કવિ કરે છે અને સંગીતકાવ્ય એટલે સંગીતના આશ્રયે પ્રગટતી કાવ્યની ભાષા જેનું નિર્માણ સ્વરકાર અને ગાયક કરે છે. તેથી સુગમસંગીત કે કાવ્યસંગીત તરીકે ઓળખાવાતી રચનાઓ સંગીતકાવ્ય છે. કાળક્રમે આ ઓળખ રૂઢ બની જાય તો તેથી ખોટો ચાલ પડી જાય છે અને સરવાળે ગવાતાં ગીતકાવ્યોની સાચી ઓળખ તેના નામકરણમાંથી અળપાઈ જાય છે.

સમજવાનું એ પણ રહે છે કે માત્ર રવાનુકરણ જ કાવ્યસંગીત નથી. લયહિલ્લોળ અને તાલનિબદ્ધ સમયનાં આવર્તનો પણ કાવ્યસંગીત નિપજાવવામાં બહુ મોટો ભાગ ભજવે છે. કાવ્યમાં લય એટલે ઉચ્ચરિત ધ્વનિના આરોહ અને અવરોહ, જે તાલથી નિયંત્રિત થાય છે. તાલ એ ઉચ્ચરિત ધ્વનિસમૂહના ઉચ્ચારણસમયનું માપ છે. આ ઉચ્ચારણસમય એકસરખો હોય ત્યારે તેને આવર્તન કહેવાય. આપણી વાતચીતની ભાષામાં લય હોય છે, પરંતુ તેમાં ચોક્કસ ઉચ્ચારણસમયનાં આવર્તનો નથી હોતાં. ગીતકાવ્યમાં આવાં આવર્તનોની એક મૂળભૂત ભાત હોય છે જે લયને યોગ્ય ઢાંચામાં ગોઠવી આપે છે અને તેને વ્યવસ્થિત ઘાટ આપે છે. માત્રાઓનાં ગણિત વડે તેને માપી પણ શકાય છે. ઘણી વાર આ કસબ એટલો તો પ્રભાવક હોય છે કે અગાયક એવા ભાવકને તે પઠનમાંથી ઊંચકી લઈ કાવ્યસંગીતના બળે કરીને ગાતો કરી મૂકે છે.

બાલમુકુન્દ દવેની આ પંક્તિ જુઓઃ

"વગડા વચ્ચે તળાવડી રે તળાવડીની સોડ, ઊગ્યો વનચંપાનો છોડ..."

રમેશ પારેખની આ પંક્તિ પણ જુઓઃ

"થાણે જઈને ઊભા રિયા, ને ગુનો કર્યો કબૂલ, જમાદાર મોરબીના...

આપણી લોકકવિતામાં શબ્દના આવા લયહિલ્લોળના આવિષ્કાર સૌથી વધુ જોઈ શકાય છે.

ગીતકાવ્યની પંક્તિઓમાં લય અને તાલનું સંગીત તો હોય જ છે. પરંતુ ગીતકાવ્યમાં પ્રયોજાયેલા શબ્દોનો અન્વય પણ સંગીતની ભૂમિકાએ પહોંચી શકતો હોય છે. પંક્તિમાં આવતા દરેક આવર્તનની લઘુ અને ગુરુ વર્ણોની ભાત બદલવાથી તે સિદ્ધ થઈ શકે છે. ધારો કે ચાર માત્રાનું એક આવર્તન હોય તેવી પંક્તિમાં ગાગા/ગાગા એવા સમાન વર્ણોનાં જ આવર્તનો હશે તો તે એકધારાં લાગશે. પ્રેમશંકર ભટ્ટના એક કાવ્યમાંથી ઉદાહરણ લઈએઃ

'તું ના/નો હું/ મોટો /એવો/ ખ્યાલ જ/ગતનો/ ખોટો'

અહીં ચાર ચાર માત્રાનાં સાત આવર્તનમાંથી પહેલાં ચાર અને છેલ્લું મળીને કુલ પાંચ આવર્તન ગાગા પ્રમાણે જ છે અને તેથી તે એકવિધ લાગે છે. સાત આવર્તનની પંક્તિમાં તે વધુ પડતાં છે. તેથી તેમાંથી નીપજતું શબ્દસંગીત ઓછું પ્રભાવક લાગે છે. જ્યારે જયદેવના 'ગીતગોવિંદ'ની આટલાં જ આવર્તનની આ પંક્તિઓ જુઓઃ

'લલિતલ/વંગલ/તાપરિ/શીલન/કોમલ/મલયસ/મીરે   મધુકર/નિકરક/રંબિત/કોકિલ/કૂજિત/કુંજકુ/ટીરે'

અહીં લઘુ વર્ણોને વિશેષ રૂપે ખપમાં લઈ આવર્તનોને જુદા જુદા માત્રાગુચ્છમાં પ્રયોજ્યા છે. તેથી તેમાં રહેલું શબ્દસંગીત પ્રભાવક લાગે છે. બંને કવિઓની પંક્તિઓ એકસરખી માત્રાની છે. બંનેનો ઉચ્ચારણસમય એકસરખો છે. પણ બંનેમાં રહેલું શબ્દસંગીત ભિન્ન ભિન્ન પ્રભાવ પાડનારું છે.

અંત્યાનુપ્રાસ પણ શબ્દનું સંગીત નિપજાવવામાં બહુ મોટો ભાગ ભજવે છે. અંત્યાનુપ્રાસ પંક્તિઓના અંતે આવતા સમાન સ્વરોથી બને છે. સ્વરોના આ સામ્યથી પણ સંગીત નીપજે છે. ઘણી વાર અંત્યાનુપ્રાસ સંગીતના "સમ"ને અનુકૂળ હોય ત્યારે વળી શબ્દનું વિશિષ્ટ સંગીત પણ નિપજાવી શકાય છે. રમેશ પારેખની આ પંક્તિઓ જુઓઃ

"એક ફેરા હું નદીએ ના'વા ગઈ તે દિ'ની ગઈ, ત્યારથી મારે ઘેર હું પાછી કોઈ દિ આવી નંઈ?"

અહીં આવી શક્યતા પડી છે તે સંગીતના જાણકાર પરખી શકશે. પણ પંક્તિમાં ગૂંથાયેલા શબ્દોના આંતરપ્રાસનું સંગીત તેથીયે વધુ પ્રભાવક હોય છે. જુઓ આ ઉદાહરણઃ

"અવસર પ્રફુલ્લ પુલકિત નિકુંજ ઝળહળત પુંજ ચોપાસ અવિરત લસંત ભરપૂર વસંત અંતર રમંત મૃદુ હાસ'

અહીં અંત્યાનુપ્રાસ તો છે જ, પણ પંક્તિમાં રહેલા અનુપ્રાસ પણ સંગીત નિપજાવે છે. શબ્દની આ સાંગીતિક ભૂમિકા છે. શ્રુતિને તે ઉત્તેજિત કરે છે અને ગીતકાવ્યને આવશ્યક તેવો ઊર્મિનો ભાવ પ્રગટાવવામાં સક્રિય ભાગ ભજવે છે. વર્ણનાં પુનરાવર્તન કે દ્વિરુક્ત શબ્દપ્રયોગો શ્રુતિને સંગીતનો અનુભવ કરાવે છે તે વાત પણ ધ્યાને લેવી જોઈએ.

આ બધું ભેગું થતાં જે નીપજે છે તે કાવ્યસંગીત છે. કાવ્યસંગીત એટલે શું તે હવે સ્પષ્ટ થયું હોય તો, ફરી એ વાત કરી લઈએ કે ગવાતી કાવ્યરચનાઓને કેટલાક કાવ્યસંગીત તરીકે ઓળખાવે છે તે બરાબર નથી. કાવ્યસંગીતને બહારથી સંગીતની મદદની જરૂર જ નથી. કાવ્યમાં જ તે અંતર્નિહિત હોય છે. ગવાતી કાવ્યરચનાને સંગીતકાવ્ય તરીકે જ ઓળખાવી શકાય. તેમાં સંગીતના આશ્રયે કાવ્યનો શબ્દ પ્રગટે છે. એ શબ્દની નહીં પણ સ્વરની કળા છે. જ્યારે કાવ્ય તો ભાષાની કળા છે. માટે ગવાતી કાવ્યરચના માટે યોગ્ય અને શાસ્ત્રીય શબ્દપ્રયોગ છે, સંગીતકાવ્ય.

૧૮૮૭માં પ્રગટ થયેલા નરસિંહરાવ દિવેટિયાના કાવ્યસંગ્રહ 'કુસુમમાળા'માં ગેય રચનાઓ છે. સંગ્રહનાં મુખપૃષ્ઠ પર કવિએ 'સંગીતકાવ્યોનો સમુદાય' તેવું ઉપશીર્ષક આપ્યું છે. ૧૯૫૦માં પ્રગટ થયેલા નિરંજન ભગતના ગીતસંગ્રહ 'કિન્નરી'માં તો કવિએ 'ગીત – એક કાવ્યસ્વરૂપ' શીર્ષકથી પોતાના ટૂંકા નિવેદનમાં સ્પષ્ટ લખ્યું છે કે: 'ગીતને અને ગાયકીને કંઈ જ સંબંધ નથી. વળી આમાંની એક પણ કૃતિ ગાઈને રચી નથી; એટલે રસિકજનો ગાયકીને નહીં પણ ગીતને, એક કાવ્યસ્વરૂપને, લક્ષમાં લેશે એવી અપેક્ષા છે. ગીત એટલે જે ગાઈ શકાય અને ગાવું જ પડે તે, એ તો એક ભ્રામક અને પ્રચલિત માન્યતા છે." આકાશવાણીએ અધૂરી સમજથી સુગમસંગીત શબ્દ પ્રચલિત કર્યો તે જ રીતે અર્ધદગ્ધ સમજથી આજકાલ કાવ્યસંગીત શબ્દ પણ વહેતો થયો છે. રૂઢિમાં શબ્દને પ્રવેશી જતાં રોકવો મુશ્કેલ હોય છે. તેથી જ આપણે સમયસર સ્પષ્ટ થવું અને સ્પષ્ટ રહેવું ઘણું જ આવશ્યક હોય છે. અન્યથા કલાસ્વરૂપની ખોટી છબિ ઊપસી જતાં વાર લાગતી નથી. ગવાતું ગીતકાવ્ય સંગીતકાવ્ય છે, કાવ્યસંગીત નથી તે સહુએ જાણી લેવું અનિવાર્ય છે.

■

બારણું બંધ
તો
બારણું શાને?

બારણું ખુલ્લું
તોય
બારણું શાને?

બંધ કે ખુલ્લું
બારણું શાને?
કોઈ આવ-જા વિના?
કોઈ આવ-જો વિના

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

# અનુસંધાન : સાહિત્ય સંશોધન-સંપાદનની ગંગોત્રી

રમજાન હસણિયા




('અનુસંધાન' શતાંક ભાગ-૧ અને ૨, સંપાદક-આ.વિજયશીલચંદ્રસૂરિ,પ્રકાશક- કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કારનિધિ - અમદાવાદ,મૂલ્ય- ૫૦૦/-, પ્રાપ્તિસ્થાન - આ.શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાય મંદિર તથા સરસ્વતી પુસ્તક ભંડાર - અમદાવાદ)

તાજેતરમાં જ પ્રગટ થયેલા **અનુસંધાન** સોમા અંકમાંથી એક ભાવકની નજરે પસાર થતાં જે થોડી બાબતો ધ્યાને આવી તે આપ સૌની સાથે વહેંચું છું. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કારનિધિ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થતા અનિયતકાલીન સામયિક **અનુસંધાન**નો આરંભ હરિવલ્લભ ભાયાણીના સૂચનથી વર્ષ ૧૯૯૩માં થયેલો. શ્રી ભાયાણીની સાથે સહસંપાદનનું કાર્ય કરનાર આચાર્ય વિજયશીલચંદ્રસૂરિજીએ એમના દેહવિલય બાદ સંપાદનની પૂર્ણ જવાબદારી ન કેવળ સંભાળી છે પણ **અનુસંધાન**ને એક ગરિમાપૂર્ણ કક્ષાએ પહોંચાડ્યું છે. આ સામયિકના તેમજ વિશેષતઃ તેના સંપાદક આચાર્ય વિજયશીલચંદ્રસૂરિજીના પ્રદાનનો તાગ મેળવવા '**અનુસંધાન**' - સ્વાધ્યાય અને સૂચિ - લેખન અને સંપાદન - હસિત મહેતામાંથી પસાર થવું રહ્યું. **અનુસંધાન**ની યાત્રાના શિખરરૂપ બે ભાગમાં વિભાજિત એવા શતાંક પર દૃષ્ટિપાત કરનાર આપોઆપ તેનું મૂલ્ય સમજી જશે.

**અનુસંધાન**ના સોમા પડાવે તેના સંપાદકશ્રી આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિ આરંભે જ '**અનુસંધાન**'ને એક યાત્રા ગણાવે છે. '**અનુસંધાન** એક યાત્રા છે : શોધયાત્રા.' આ

યાત્રામાંથી પસાર થતાં આવેલા વિભિન્ન પડાવો અને મુખ્યત્વે એના આરંભબિંદુ એવા હરિવલ્લભ ભાયાણીસાહેબ સાથેના સ્નેહસંબંધને તેમણે વિશેષ ભાવે અહીં સંભાર્યું છે અને એમાંથી જ **અનુસંધાન**નું કાર્ય આરંભાયું છે તેની સાનંદ નોંધ લીધી છે. પોતાને સામાન્યજન ગણાવતા આચાર્યશ્રી **અનુસંધાન**ના કાર્યને જ્ઞાનની ઉપાસના કરવાનો અવસર ગણાવે છે. સંપાદકશ્રી ભલે પોતાના કાર્યને પિરસણિયાનું કામ ગણાવે પણ આ કાર્ય કેટલું દુષ્કર છે એ તો એના અભ્યાસીને કહેવાની જરૂર રહેતી નથી. એક સાધુ સંપાદકની વિનમ્રતા શબ્દે શબ્દે છલકાતી અનુભવાય છે તો સાથોસાથ સાધુને છાજે એવું નિર્ભીક આવેદન પણ અહીં છે. **અનુસંધાન**નું ઉચિત મૂલ્યાંકન ન થયાનો ખેદ પણ સ્પષ્ટ રીતે અહીં વ્યક્ત થયો છે તો સાથોસાથ **અનુસંધાન**ના ઉત્તરાધિકારીઓ મળી ગયાનો રાજીપો પણ અહીં વાંચી શકાય છે.

પ્રાકૃત તથા સંસ્કૃત કૃતિવિભાગમાં સાત લેખ છે, જેમાં ઉપાધ્યાય શાંતિચંદ્રકૃત 'સર્વજ્ઞસિદ્ધિ-દ્વાત્રિંશિકા' નામે એક કૃતિનું સંપાદન વિભિન્ન પ્રતોના આધારે સંપાદક મુનિ સૌમ્યચંદ્રવિજયજીએ કર્યું છે. તેમણે કૃતિ પૂર્વે સર્વજ્ઞ વિશેની વિચારણા મૂકી છે, જેમાં ન કેવળ ભારતીય દર્શનો, પરંતુ વિશ્વના મહત્ત્વના ચિંતકોના આ સંદર્ભે વિચારોને પણ ટાંકયા છે. આ રીતે અહીં કૃતિ સંપાદનની સાથોસાથ સંપાદકે લીધેલો આ શ્રમ તેમની સંશોધન-સંપાદન પ્રત્યેની નિષ્ઠા સૂચવી જાય છે. **અનુસંધાને** કરેલું એક મહત્ત્વનું કામ છે સંશોધન ક્ષેત્રે નવોદિતોને પ્રોત્સાહન આપવાનું કામ. બહુ જ સ્પષ્ટ છે કે આ **અનુસંધાન** થકી અને અનુસંધાન હતું એટલે કેટલાં બધાં નવા મુનિઓ, સાધ્વીજીઓ શાસ્ત્રલિખિત સાહિત્યના વાચન, સંશોધન, સંપાદન વગેરેના કામમાં જોડાયાં, એમને કામ કરવાનું મન થયું અને એમની સંપાદિત કૃતિઓને પ્રગટ કરવા માટે પ્લૅટફૉર્મ મળ્યું. આ એક બહુ મોટું કામ છે. કારણ કે અત્યારે જે ખામી છે, ખોટ છે એ સંશોધકોની જ ખામી છે. **અનુસંધાન** દ્વારા જે નવોદિત સંશોધકો તૈયાર થયા એમાંથી કોઈ ભવિષ્યમાં આગળ વધે અને મોટા ગજાના સંશોધકો તૈયાર થાય એ કેટલી મોટી વાત છે એ સમજી શકાય તેવું છે.

મુનિ શ્રુતાંક્ષચંદ્રવિજયજીના 'અનેકાર્થ રચનાઓ' વિશેના લેખમાં એમનો અભ્યાસ તો દૃષ્ટિગોચર થાય જ છે પણ યુવા સંશોધક એવા મુનિશ્રી અભ્યાસરસિકો માટે અનેકાર્થ સાહિત્યના વધુ પરિચય માટે બીજા ગ્રંથો પણ સૂચવે છે. જગતગુરુ શ્રી હીરવિજયજી મહારાજ ઉપર લખાયેલા એક વિનંતીપત્રનું સંપાદન આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિએ કર્યું છે. એ પૂર્વે મુકાયેલી નોંધ કૃતિ વાંચવા પ્રેરિત કરે તેવી છે. પં. શીલચંદ્રવિજયગણિ અને મુનિ નિર્ગ્રંથચંદ્રવિજય જેવા કોઈ જૈન સાધુ વિચરતાં વિચરતાં દેરાસરજીમાં ચરણ-પાદુકાઓને એમનેમ પડેલી જુએ, તેના લેખો વાંચતાં તેનું મૂલ્ય સમજે અને વિગતોને સાચવીને એ રીતે ઇતિહાસની જાળવણીનું કામ થાય ને એની વિગત **અનુસંધાન**નાં પૃષ્ઠોમાં છપાતાં જિજ્ઞાસુ સુધી પહોંચે એ સમગ્ર ઘટના પણ અભ્યાસીઓ માટે આનંદપ્રદ છે!

ગુર્જર આદિ ભાષા કૃતિવિભાગમાં નવ લેખ સમાવિષ્ટ થયા છે. આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિએ જયતિલકસૂરિરચિત 'જીરાઉલા ફાગુ'નું સંશોધન-સંપાદન કર્યું છે. ફાગુ કૃતિનાં રસસ્થાનો તો આરંભે મૂક્યાં છે, પણ પોતાને ન ઊકલતા શબ્દ કૂટડા-(ઘરેણાનું નામ)ના અર્થ વિશે પોતાની અવધારણા આપી સાચા અર્થની શોધ માટે વિદ્વાનોને આહ્વાન પણ કર્યું છે. **અનુસંધાન**ની આ પરંપરા રહી છે કે ન ઊકલતા શબ્દની પાસે

પ્રશ્નાર્થ ચિહ્ન કરીને અભ્યાસીને અર્થ ઉકેલવા હાકલ કરાય છે. અહીં બે વાત ધ્યાન ખેંચે છે; એક તો એ કે એકાદ નાના શબ્દના અર્થની પણ સંશોધક ઉપેક્ષા નથી કરતા અને બીજું એ કે **અનુસંધાન** એ સંશોધન માટેનું એક પૂરક સ્થાન બની રહે છે. સામયિકની ચોકસાઈ અને મોકળાશ બંને ગુણો અહીં દૃષ્ટિગોચર થાય છે.

કૃતિ સંપાદનના અંતે ઓછા જાણીતા છતાં મહત્ત્વના શબ્દોના અર્થ આપવાની પરંપરા પણ **અનુસંધાન**ની રહી છે. આ અંકમાં પણ એ પરંપરા જળવાઈ છે, જે અભ્યાસી વિદ્યાર્થીઓ માટે ઉપકારક ઘટના છે. આ અંકના પણ મોટા ભાગના સંશોધકોએ પોતાના લેખની સાથોસાથ અઘરા શબ્દોના અર્થો આપ્યા છે. સો અંકોમાંથી પસાર થઈ કોઈ સંપાદક જો શબ્દકોશ તૈયાર કરી શકે તો કેટલું મોટું કામ થાય! સંશોધનકાર્યમાં બહુ જ ઉપકારક થઈ શકે એવું આ એક બીજું મહત્ત્વનું **અનુસંધાન**નું પ્રદાન છે.

સંશોધનકાર્યમાં સાધ્વીજી ભગવંતોના યોગદાનની પણ નોંધ લેવી જોઈએ. આ અંકમાં સાધ્વીશ્રી દીપ્તિપ્રજ્ઞાશ્રીજી, સાધ્વીશ્રી ઋષભલેખાશ્રીજી અને સાધ્વીશ્રી દીક્ષિતયશાશ્રીજીના લેખો પ્રાપ્ત થયા છે. આ પૂર્વે પણ સાધ્વીશ્રી ચંદનબાળાશ્રીજી આદિના પ્રદાનની નોંધ લેવી ઘટે. તો ફાગુ, બારમાસા, સજ્ઝાય, ગઝલ જેવાં સ્વરૂપોની કૃતિઓ અહીં સંશોધિત સંપાદિત કરીને મુકાઈ છે. સો અંકોમાં પ્રસિદ્ધ થયેલ આ પ્રકારની કૃતિઓની સંખ્યા પણ ઘણી મોટી થાય છે. વિભિન્ન મધ્યકાલીન કાવ્યસ્વરૂપોને સમજવા તેમજ તેની વિકાસરેખાનો આલેખ આપવામાં પણ આ અંકો ઉપકારક થઈ પડે તેમ છે. અહીં હિન્દી અનુવાદ વિશે પણ એક લેખ મુકાયો છે, જે એ સમયે થયેલા એક ઉત્તમ હિન્દી પદ્યાનુવાદનું ઉદાહરણ આપી જાય છે. હિન્દી શબ્દોના અર્થ પણ અભ્યાસ માટે સહાયક સામગ્રી બની શકે તેમ છે. આ અંકમાં અમદાવાદની ગઝલ સંગૃહિત થઈ છે જે ગઝલના અભ્યાસીઓને રસ પડે તેવી કૃતિ છે. જૈન મુનિઓ દ્વારા ખેડાયેલા આ પ્રકારનો વિગતે અભ્યાસ થયો છે અને હજુ પણ થઈ શકે તેમ છે.

આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિએ સંપાદિત કરેલ પરમાનંદગણિકૃત 'હીરનિર્વાણ રાસ' ઐતિહાસિક દૃષ્ટિએ બહુ જ મૂલ્યવાન કૃતિ છે. વળી, જૈન મુનિ/આચાર્ય અને તત્કાલીન મુસ્લિમ શાસકોના સ્નેહ સંબંધોના ઉલ્લેખ પણ અહીં મહત્ત્વના બની રહે છે. સંશોધન માટે ઉપયોગમાં લીધેલ હસ્તપ્રતમાં કૃતિને ઉતારનાર લહિયાઓએ આદર્શ પ્રતની શબ્દશઃ નકલ કરવાને બદલે બોલચાલની ભાષામાં લખી છે તેનાં ઉદાહરણ પણ સંપાદકશ્રીએ આપ્યાં છે. શું છે અને શું હોવું જોઈએ તેની વિગત આપ્યા બાદ સંપાદકશ્રી એમ નોંધે છે કે, 'આવી કૃતિઓના સંપાદન વખતે જોડણી સુધારવાને બદલે યથાતથ લખવી જોઈએ, જેથી એ કૃતિ ભાષાશાસ્ત્રીય અભ્યાસમાં પણ ઉપયોગી નીકળી શકે.' શુદ્ધ જોડણી પાદટીપ કે શબ્દકોશના રૂપમાં પણ આપી શકાય એમ લખનાર સંપાદકશ્રી એક જ કૃતિના આધારે એકાધિક પ્રકારે થતાં સંશોધનની દિશાઓ ખોલી આપે છે. **અનુસંધાન**ના સંપાદક આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિએ સંપાદકીય ઉપરાંત જાતે બે સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓનું સંપાદન, એક રાસનું સંપાદન, એક ફાગુનું સંપાદન તથા જ્ઞાનશાળાના ઇતિહાસ અને અનુભવ નામે લેખ પણ આપે છે. આટલું પહેલા ભાગમાં છે તો બીજો ભાગ મોહનલાલ દલીચંદ દેસાઈના એક લેખને બાદ કરતાં એનાં બધાં જ પૃષ્ઠોના સંશોધન-સંપાદનનો શ્રેય આચાર્યશ્રીને જાય

છે. આ રીતે સંપાદકનું કાર્ય કેવળ સંપાદકનું જ ન બની રહેતાં સવિશેષ સંશોધકનું બની રહે છે એ ઘટના વધારે આનંદપ્રદ છે.

ઉપાધ્યાય શ્રીભુવનચંદ્રજી દ્વારા કેટલીક કચ્છી રચનાઓનું સંશોધન-સંપાદન કરીને અહીં મુકાયું છે જેમાં, અઢીસો વર્ષથી માંડીને ચારસો વર્ષ પૂર્વેની કચ્છી ભાષાના નમૂના જોવા મળે છે. આ કારણસર તેનું દસ્તાવેજી મૂલ્ય પણ સવિશેષ બની રહે છે. તેમણે કચ્છી શબ્દોના અર્થ પણ આપ્યા છે, તો સાથોસાથ કૃતિનો સારાંશ પણ આપ્યો છે. તો વળી, એ જ લેખકનો 'કચ્છી ભાષા એક વણનોંધાયેલી પ્રાકૃત' નામે વિષદ છણાવટ ધરાવતો અન્ય લેખ પણ આ જ અંકમાં મળે છે. એમણે કચ્છી ભાષાને સિંધી ભાષાની બોલી ગણવામાં આવે છે એવી માન્યતાના ઉલ્લેખ સાથે વિષયનો આરંભ કરી એ પૂર્વેની કચ્છમાં બોલાતી ભાષા સંસ્કૃત પછીની સ્થિતિએ પ્રાકૃત જ હોવાની વાત દૃઢતાપૂર્વક નોંધી છે. તેને કચ્છી પ્રાકૃત એવું નામાભિધાન આપી તેની લાક્ષણિકતાઓ પણ તારવી આપી છે. વિભિન્ન ઉદાહરણો સાથેનો તેમનો લેખ ભાષાશાસ્ત્રના અભ્યાસીઓનું ધ્યાન ખેંચે તેવો થયો છે.

સંત સાહિત્યના ઊંડા અભ્યાસી એવા નિરંજન રાજ્યગુરુએ સંત મુળદાસજીએ કરેલ શ્રીમદ્ ભગવતગીતાનો ચોપાઈબદ્ધ ગુજરાતી ભાવાનુવાદ સહૃદયોને ભેટ ધર્યો છે. સંત મુળદાસજીના જીવન વિશેની વિગતો આપી પોતાની પાસે આનંદઆશ્રમમાં સંગૃહિત હસ્તપ્રતના આધારે કૃતિ સંપાદન કરીને આપી છે. મુળદાસજીની રચનાઓ કયા કયા ભંડારોમાં સંગૃહિત છે એની માહિતી આપીને એમણે અભ્યાસીઓને આ સંદર્ભે વિશેષ અભ્યાસ કરવા પ્રેરિત કર્યા છે.

ડૉ. કાંતિભાઈ બી. શાહે હરજીમુનિકૃત 'વિનોદચોત્રીસી' વિશે અભ્યાસપૂર્ણ લેખ આપ્યો છે. તેમણે કથાસ્રોત, કથાનકો અને કથાઘટકોની ચર્ચા કરી પદ્યવાર્તાના કાવ્યતત્ત્વની પણ સુપેરે છણાવટ કરી છે, તો રવજી રોકડે મધ્યકાળમાં પ્રચલિત ચિંતામણિ પ્રકારની કાવ્યરચનાઓ સંદર્ભે વિગતે ચર્ચા કરી રવિભાણ સંપ્રદાયના સંતકવિઓ દ્વારા રચાયેલી આ પ્રકારની રચનાઓ વિશે વિગતે વાત કરી છે. આ પ્રકારની રચનાઓની લાક્ષણિકતાઓ તારવી તે તે લાક્ષણિકતાઓ ધરાવતી કૃતિઓના આધાર સાથે પોતાનો અભ્યાસ મૂકી આપ્યો છે. મધ્યકાળમાં જાણીતા કવિઓની ઓછી જાણીતી અજાણી કવિતાઓ વિશેનો આ અભ્યાસલેખ અન્યોને પણ અભ્યાસ કરવા પ્રેરે તેવો થયો છે.

ડૉ. કુમારપાળ દેસાઈનો 'જૈન ડાયસ્પોરા : સિદ્ધિ અને સમસ્યા' નામે દીર્ઘ લેખ અહીં અંકે થયો છે. વિશ્વના જુદા જુદા દેશોમાં જૈનો કઈ રીતે જઈને વસ્યા, ત્યાં કેવી કેવી ધાર્મિક, સામાજિક સંસ્થાઓ ચલાવે છે અને કેવી કેવી પ્રવૃત્તિઓ થાય છે તેની માહિતી આપતા આ લેખમાં જૈન ડાયસ્પોરાના ભાવિ સર્જન માટેનાં કેટલાંક મહત્ત્વનાં સૂચનો પણ અપાયાં છે. વિશ્વસ્તરે જૈન ધર્મ અને જૈનોનું પ્રતિનિધિત્વ કરતી એક સંસ્થા સ્થાપાય તો એ સંગઠનશક્તિ અનેક ઉત્તમ પરિણામો લાવી શકે તેવું સૂચન પણ કરાયું છે.

મુનિ શ્રુતાંકચંદ્રવિજયજી અને આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિ : એક યુવા શ્રુતપ્રેમી સાધુ અને બીજા પીઢ, અભ્યાસી, વિદ્યાવ્યાસંગી જૈનાચાર્ય, બંનેના ખંભાતની વિજયનેમિસૂરિજ્ઞાનશાળા વિશેના બે દીર્ઘ અનુભવલેખ ઘણી બધી રીતે વિશિષ્ટ બની રહ્યા છે. બંનેના લેખોમાં વર્ષોથી જ્ઞાનભંડારમાં સાચવીને મુકાયેલી પ્રતોને બહાર કાઢી, તેની

એક એક પ્રત જાળવી જાળવીને તપાસવી, તેનું સ્કેનિંગ કરાવવું, એની વિગતો નોંધવી, એની સવિસ્તાર સૂચિ બનાવવી, તેના કદનાં પૂંઠાં તૈયાર કરવાં, હસ્તપ્રતોને ડાઘ ન લાગે એની કાળજી લેવી, જૂના કાપડનો સાધ્વીજી ભગવંત દ્વારા પોતાનાં વસ્ત્રોની જેમ જ કાપ કાઢવો ( જૈન સાધુ-સાધ્વી ઓછામાં ઓછા પાણીથી મોટા થાળમાં વસ્ત્રો ધુએ તે ક્રિયા), મજબૂત રીતે પોથી બાંધવી, તેને ભેજ ન લાગે તેની પૂરી કાળજી લેવી વગેરે જેવી ઝીણી ઝીણી વિગતો આપીને જ્ઞાનભંડારના કાર્યની આખી પ્રક્રિયાનો વિગતે આલેખ અપાયો છે. આ આખી પ્રક્રિયાની વિગતો તો અહીં આપણને સાંપડે જ છે, પણ જે ભક્તિભાવથી જ્ઞાનની આરાધના નિરપેક્ષભાવે આ સાધુ-સાધ્વી ભગવંતો કરે છે એ જોઈ એમના ભણી નતમસ્તક થઈ જવાય છે. હસ્તપ્રતના કાર્યમાં રુચિ ધરાવનારા જ નહીં, બલકે વિદ્યાની ઉપાસના કરનાર પ્રત્યેક વ્યક્તિએ આ બંને લેખોમાંથી પસાર થવું જોઈએ. વિદ્યાના વારસાનું જતન કઈ રીતે થઈ રહ્યું છે; આવી જૈન સંસ્થાઓ અને અકિંચન સાધુઓએ કઈ રીતે કર્યું છે અને હાલ પણ કરી રહ્યા છે એનો એથી ખ્યાલ આવશે. આચાર્યશ્રીના લેખમાં તો વધુમાં અમદાવાદની જ્ઞાનશાળાનો પણ ઇતિહાસ મળી રહે છે. હસ્તપ્રતોનું કામ કરવા ઇચ્છતી કોઈ સંસ્થા કે વ્યક્તિ માટે આ લેખો માર્ગદર્શિકાનું કામ કરી શકશે. આચાર્યશ્રીએ તો પોતાના લેખને અંતે કેટલીક સ્પષ્ટ સૂચનાઓ પણ આપી છે જે ખંભાતના જ નહીં પણ અન્ય કોઈ પણ જ્ઞાનભંડાર માટે ઉપકારક સાબિત થાય તેમ છે.

જેમના થકી **અનુસંધાન**નો પ્રારંભ થયેલો એવા હરિવલ્લભ ભાયાણીના ભાષાવિજ્ઞાન ક્ષેત્રે પ્રદાન વિશે વિસ્તૃત છણાવટ કરતો લેખ આપીને હર્ષવર્ધન ત્રિવેદીએ ભાયાણીસાહેબને ઉચિત શબ્દાંજલિ અર્પી છે. ભાયાણીસાહેબના વ્યક્તિત્વની તેમજ તેમની કાર્યપદ્ધતિની કેટલીક આગવી વિશેષતાઓની વાતો અહીં શબ્દસ્થ થઈ છે, જે તેમના કાર્યની મહત્તા સમજાવી જાય છે. તેમની બહુમુખી પ્રતિભાની સાથોસાથ તેમની કામ માટેની ચીવટ, તલસ્પર્શી અભ્યાસ માટેની વૃત્તિ તથા સંશોધન, ભાષા-વિજ્ઞાન, વ્યાકરણ સંદર્ભે તેમના દ્વારા થયેલા મૂળગામી કાર્યથી વાચક સુપેરે પરિચિત થાય છે. આલેખ જેટલો વિશદ તેટલો જ અભ્યાસપૂર્ણ બની રહ્યો છે. રાજેશ પંડ્યાએ નાકરકૃત રામાયણમાંથી 'ઋષ્યશૃંગ કથાનું સંશોધન-સંપાદન કરી અહીં મૂકી આપ્યું છે. આરંભે જૈન-જૈનેતર રામાયણની ટૂંકમાં માહિતી આપી નાકરના સાડા ચાર હજાર કડીઓમાં રચાયેલા અપ્રગટ રામાયણની વિગતો આપી છે. લેખક સ્વયમ્ જ આ સંદર્ભે કામ કરી રહ્યા છે, એનાં સુખદ એંધાણ પણ અહીં મળી રહે છે.

વિહંગાવલોકન એ **અનુસંધાન**ની એક આગવી પરંપરા છે. કોઈ સામયિકમાં નિરંતર એના આગળ પ્રકાશિત થયેલા અંકનું અવલોકન પ્રગટ થાય, જેમાં ક્ષતિપૂર્તિ થાય, પૂરક વિગત અપાય અને ઉત્તમ કામનાં પોંખણાં લેવાય – એ કેવી રૂડી પરંપરા કહેવાય! ઉપાધ્યાય ભુવનચંદ્રજી વર્ષોથી આ શ્રમ આનંદભેર કરી રહ્યા છે અને આચાર્યશ્રી એમનાં સૂચન-અવલોકનને સહર્ષ સ્વીકારીને છાપી રહ્યા છે. કોઈ સામયિકનું આમ નિરંતર મૂલ્યાંકન થતું રહે એ ઘટના કદાચ ઇતિહાસમાં પહેલી હશે. નવાણુંમા અંકનું અવલોકન કરતાં એક સુખદ યોગ સર્જાયાનું ઉપાધ્યાયજીએ નોંધ્યું છે. **અનુસંધાન**ના પંદરમા અંકમાં પ્રગટ થયેલ એક કૃતિના કર્તાનું નામ તે વખતે નિશ્ચિત નહોતું થઈ શક્યું તે આટલાં વર્ષે શ્રી સુયશ-સુજસચંદ્રવિજયજી મહારાજને મળી આવ્યું છે, એ જ નામ કોઠારીસાહેબને

સૂઝેલું તે પણ અંકે થયું છે. એ કવિની અન્ય કૃતિઓ પણ મળી આવી છે. આ વાત સૂચવે છે કે **અનુસંધાન**માં કેટલી નિસબત સાથે કામ થાય છે! નવાં પ્રકાશિત થયેલાં પુસ્તકોની વિગત પણ અહીં છે જેમાં અધ્યાત્મ પરિવાર – આચાર્ય યોગતિલકસૂરિ સમુદાય દ્વારા પ્રકાશિત મધ્યકાલીન કૃતિઓની યાદી જોઈ આંખ ઠરે છે. જૈન સાધુ સમાજ દ્વારા થઈ રહેલા સંશોધન અને પ્રકાશનની વિગતો સાનંદ આશ્ચર્ય પમાડનારી બની રહે છે.

મુનિ શ્રુતાંગચંદ્રવિજયજી, મનોજ રાવલ, કુમારપાળ દેસાઈ, બાબુલાલ શાહ અને રમજાન હસણિયાના પત્રો સંપાદકશ્રીના **અનુસંધાન**નું કાર્ય ચાલુ રાખવું કે કેમ? એવા પ્રશ્નના જવાબ રૂપે લખાયા છે. સૌએ પોતપોતાનો ભાવ વ્યક્ત કર્યો છે પણ કુમારપાળ દેસાઈના પત્રનું અંતિમ વિધાન બધાના સૂરને વ્યક્ત કરી જાય તેમ છે. તેઓ આ સામયિક ચાલુ રહે તે જરૂરી છે એમ નોંધી અને લખે છે કે, 'એ સૌ કોઈને માટે નથી પણ જેને માટે છે તેને માટે અત્યંત મૂલ્યવાન છે.'

**અનુસંધાન**નો સોમો અંક બે ભાગમાં વિભાજિત છે, પ્રથમ ભાગમાં પરંપરા મુજબ સંપાદિત કૃતિઓ, શોધલેખો આદિનું સંકલન થયું છે; જ્યારે બીજો ભાગ એ સોમા અંકનું એક યાદગાર સંભારણું બની રહે તેવો થયો છે. મોહનલાલ દલીચંદ દેસાઈના એક લેખને બાદ કરતાં બસો પંદર પૃષ્ઠોમાં વિસ્તરેલો આખો અંક આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિએ સ્વયં તૈયાર કરી ગુરુવર્ય એવા આચાર્ય વિજયસૂર્યોદયસૂરિ મહારાજ અને હરિવલ્લભ ભાયાણીસાહેબને અર્પણ કર્યો છે. બીજા ભાગમાં કેટલીક કલાત્મક સામગ્રી આપવામાં આવી છે. આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિ મહારાજ સાહિત્યકળાની સાથોસાથ ચિત્રકળાના પણ ઊંડા અભ્યાસી છે એનું વધુ એક ઉદાહરણ આ અંક આપી જાય છે.

આરંભે સંશોધન વિશે મુકાયેલી સંપાદકીય નોંધમાં આચાર્યશ્રીએ સંશોધનની ઘટનાને ક્ષતિશોધનની ઘટના ગણાવી છે અને સાચા સંશોધકને અહંકાર ન પાલવે એની અનુભવસિદ્ધ વાતો લખી સંશોધન એ અનંત પ્રક્રિયા છે એવું નોંધ્યું છે. તો સાથોસાથ ચિત્રકલાની પોતાની અભિરુચિ અને સર્જકો માટેના તેમના અહોભાવમાંથી એમના હસ્તાક્ષરોને સંગૃહિત કરતો આ અંક સંકલિત થયાનો આનંદ વ્યક્ત કર્યો છે. 'આનંદસમુચ્ચય' જેવી સુદીર્ઘ સચિત્ર કૃતિ આરંભે મુકાઈ છે. એક તરફ સચિત્ર પ્રત અને બીજી તરફ કૃતિ તથા નીચે મળતા પાઠભેદ અને હસ્તપ્રતનાં ચિત્રોની કોઈ મહત્ત્વની દેહમુદ્રા અંકિત કરાઈ છે. આજ સુધી અજ્ઞાત, અપ્રકાશિત અતિ દુર્લભ અને ચિત્રકળા સંદર્ભે અત્યંત મહત્ત્વની સચિત્ર કૃતિ 'આનંદસમુચ્ચય' **અનુસંધાન**ના સોમા અંકમાં પ્રકાશિત થઈ છે એ ઘટના પણ નોંધપાત્ર છે. આ રીતે **અનુસંધાન** ન કેવળ સાહિત્યના સંશોધનમાં પરંતુ ચિત્રકળાના સંશોધનમાં પણ સહાયક ભૂમિકા ભજવતું સામયિક બની રહે છે. આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિએ અહીં ચિત્રકળા, તેના પ્રકારો અને વિશેષ કરીને જૈન ચિત્રશૈલી સંદર્ભે ઘણી ખુલાસાભેર વિગતો આપી છે. યોગવિષયક કૃતિ, તેનો નાથસંપ્રદાય સાથેનો અનુબંધ, જૈનાચાર્ય શ્રીધર્મમૂર્તિસૂરિના કહેવાથી આ કૃતિ લખાય ને એમાં જૈન તીર્થંકરોનાં નામ પાછળ આવતા 'નાથ' શબ્દના અંકોડા ક્યાંક બે પરંપરાઓને જોડતા લાગે અને ફરી કોઈ સંશોધકના મનમાં કંઈક સળવળાટ થાય – એ આખી ઘટના અત્યંત રસિક લાગે છે. સંપાદકશ્રીએ પ્રત્યેક ચિત્રની આપેલી માહિતી તેમના આ સંદર્ભના વિશેષ જ્ઞાનની સૂચક બની રહે છે.

સચિત્ર કૃતિઓમાં એક કૃતિ યોગની છે, તો બીજી વૈદકની છે. 'જ્વરપરાજય' નામના વૈદક ગ્રંથની સચિત્ર કૃતિ તેનાં ચિત્રોના પરિચય સાથે અહીં પ્રગટ થઈ છે. તો એ જ ગ્રંથ વિશેનો મોહનલાલ દલીચંદ દેસાઈનો સુદીર્ઘ લેખ પણ અહીં અંકે કરાયો છે. 'ચંદનબાળારાસ'ની એક સચિત્ર પ્રતિ વિશે પણ આરંભે કેટલીક સ્પષ્ટતાઓ કરી કૃતિ છપાઈ છે. બીજા ભાગની મહત્ત્વની ઉપલબ્ધિ બની રહે છે એમાં છપાયેલા મહાપુરુષો અને સાક્ષરોના હસ્તાક્ષર. સંપાદકશ્રીએ કેવળ હસ્તાક્ષરોની પ્રતોનાં ચિત્રો મૂકીને ઇતિશ્રી માની લીધી નથી, પરંતુ જેમના અક્ષરો અહીં મુકાયા છે તેમનો પરિચય પણ અહીં આપ્યો છે, જે જે-તે સર્જક અને વિશેષ વ્યક્તિત્વની મહત્તા સ્થાપિત કરવા માટે પૂરતો છે. અહીં મલધારી શ્રીહેમચંદ્રસૂરિથી માંડીને જયવંતસૂરિ, ઉપાધ્યાય સમયસુંદરજી, ઉપાધ્યાય વિનયવિજયજી, જ્ઞાનવિમલસૂરિ જેવા ઉત્તમોત્તમ સર્જકો ઉપરાંત વસ્તુપાલ, કવિ ઋષભદાસ અને શેઠ જેસીંગભાઈ હઠીસિંગ આદિ સત્યાવીસ મહાનુભાવોના હસ્તાક્ષર ગ્રંથસ્થ થયા છે. આ કારણસર પણ આ અંક એક જુદા પ્રકારનો દુર્લભ સંદર્ભગ્રંથ બની રહે છે. કેટલાક સર્જકોના ટૂંક પરિચય માટે પણ આ ગ્રંથ સહાયક બની રહે તેમ છે.

**અનુસંધાન**ની મહત્તા સ્થાપિત કરતી નાનકડી વિગતરૂપ સંપાદકશ્રીએ આપેલી માહિતી નોંધવા જેવી છે. તેઓ લખે છે કે,'**અનુસંધાને** પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, ઇતિહાસની અનેક રચનાઓને પ્રકાશમાં આણી છે.....આચાર્ય હરિભદ્રસૂરિની રચેલી 'ધૂમાવલી' જેવી અપ્રગટ અજ્ઞાત લઘુ રચનાઓ હોય, યોગીરાજ આનંદઘનની તથા વાચક સકલચંદ્રજીની અપ્રગટ-અજ્ઞાત રચના હોય, કવિ ઋષભદાસે રચેલ સ્વહસ્તે લખેલ રાસ હોય, તેને પ્રકાશિત કરવાનું શ્રેય **અનુસંધાન**ને ફાળે જાય છે. 'પંચસૂત્ર' એ આચાર્ય શ્રીહરિભદ્રસૂરિની પોતાની રચના છે, ચિંતન આચાર્યની નહીં તે પુરવાર કરવાનો યશ પણ **અનુસંધાન**ને જ મળ્યો છે.'

'મુખરતા સત્યવચનની વિઘાતક છે'- એવી જેની ટૅગલાઇન છે એવા **અનુસંધાન**નું કામ છેલ્લાં બત્રીસ વર્ષથી ચૂપચાપ થઈ રહ્યું છે. યુનિવર્સિટી કે કોઈ સંસ્થાને પણ કરતાં અઘરું પડે એવું કામ એક જૈનાચાર્ય એકલપંડે કરી રહ્યા છે. સંશોધકોનું કામ બેવડાય નહિ અને ભિન્ન ભિન્ન સ્થળે થતાં કામ વિશે બધા અવગત થાય એવા ઉદ્દેશ્યથી શરૂ થયેલ એક પત્રિકાનું પોત કેટલું મજબૂત બન્યું છે એ ભાગ્યે જ કહેવાની જરૂર રહેશે. **અનુસંધાન**ના વિશેષાંકો, એના સંપાદકીયમાં આચાર્યશ્રી દ્વારા મુકાતી સંશોધનવિષયક ટિપ્પણી, અનેકાનેક કૃતિઓનું પ્રકાશન, ચર્ચાઓ, વિહંગાવલોકન, શબ્દકોશ, જૈનેતર સાહિત્યનું પ્રકાશન આદિ અનેકવિધ કારણોસર **અનુસંધાન**નું કામ અજોડ બની રહે છે. અનિયતકાલીન એવા આ સામયિકના વર્ષે સરેરાશ ત્રણ અંકો પ્રકાશિત થયા છે, જે તેની નિરંતરતા સૂચવી જાય છે. દેવનાગરી લિપિમાં છપાતા **અનુસંધાન**નો શતાંક પાંચસોથી વધુ પૃષ્ઠોમાં ફેલાયેલો છે. પ્રથમ ભાગના પૃષ્ઠ ૬૩ પર 'કૃતિ'ને બદલે 'ઇતિ', પૃષ્ઠ ૧૫૭ પર 'કાશી'ને સ્થાને 'કશી', પૃષ્ઠ ૨૦૩ પર 'આવેલા'ને બદલે 'આવલાં' અને પૃષ્ઠ ૨૨૦ પર 'આવી'ને સ્થાને 'આતી' થઈ ગયેલ છે, જે સુધારીને વાંચવું. સામયિકના વિશ્વમાં જે પ્રકારની આબોહવા ચાલી રહી છે એની વચ્ચે **અનુસંધાન**ના શતાંકનું પ્રકાશન ઘણા સંદર્ભોમાં સંતર્પક ઘટના બની રહે છે.

■

# મારી ઊડિયા-ગુજરાતી, ગુજરાતી-ઊડિયા અનુવાદયાત્રા

રેણુકા શ્રીરામ

ઓડિશા અને ગુજરાતનો સબંધ અતિ પ્રાચીન છે. પહેલાંના જમાનામાં ગુજરાતમાં પાણીની અછત હતી. એ વખતે ઓડિશાથી કારીગરો વાવ, કૂવા ખોદવા અહીં આવતા. જસમા-ઓડણ દંપતી આવા કામ માટે ગુજરાત આવ્યાં હતાં. તે સમયના રાજા જસમાના સૌંદર્યથી મુગ્ધ બન્યો અને જસમાને પોતાની રાણી બનાવવા સંદેશો મોકલ્યો. જસમાએ ઇન્કાર કરી મોતને વહાલું કર્યું. જસમા–ઓડણની લોકકથા આજે પણ ગુજરાતમાં પ્રચલિત છે. આજે પણ ઓડ જાતિના લોકો ગુજરાતમાં વસે છે, જેમનાં મૂળ ઓડિશામાં છે.

ઊડિયા અને ગુજરાતી બન્ને લિપિ દેવનાગરી લિપિમાંથી આવી છે. ઊડિયા લિપિ વર્તુળાકાર છે અને ઊડિયા લિપિ અર્ધવર્તુળાકાર, અર્ધરૈખિક છે. માટે ગુજરાતી પ્રાચીન પોથી ભોજપત્રમાં લખાયેલી છે, જેથી લખાયેલું ફાટે નહીં. જ્યારે ઊડિયા પ્રાચીન પોથી તાડપત્રમાં લખાયેલી છે.

ગુજરાતી અને ઊડિયા બોલી એકબીજાને ઘણી મળતી આવે. ઉદાહરણ તરીકે ગુજરાતીમાં – હું જઉં છું, ઊડિયામાં - મું જાઉછી. મારે ઘર છે, મોર ઘર અછી. તમે કેમ છો? તુમે કેમિતી અછ. ચાલો જઈએ. ચાલ જિબા. મૂળે હું ગુજરાતી છું. પણ મારો જન્મ, ઉછેર અને M.B.B.S. સુધીનું શિક્ષણ ઓડિશામાં થયું છે. ગુજરાતી તો મારી માતૃભાષા છે પણ મારાં જન્મ-ઉછેર-શિક્ષણ ઓડિશામાં થયાં હોવાથી ઊડિયા પણ મારી માતૃભાષા કહી શકાય. ઘરે અમે ગુજરાતી બોલીએ અને બહાર ઊડિયા ભાષામાં વાતચીત કરીએ. બન્ને ભાષા પર મારું પ્રભુત્વ છે. ઘરે અમે નવરાત્રી, દિવાળી, હોળી, રક્ષાબંધન, ગોર્યો, જયા-પાર્વતી વગેરે તહેવારો ઊજવીએ, સાથે સાથે દુર્ગા પૂજા, કાળી પૂજા, દોલ પૂર્ણિમા, કુમાર પૂર્ણિમા, રજ, પ્રથમાષ્ટમી જેવા ઊડિયા તહેવારો ઊજવીએ. આવી રીતે ગુજરાતી અને ઊડિયા બન્ને સંસ્કૃતિ જોડે મારું જોડાણ થયું.

તે સમયે બાલેશ્વરમાં પાંચ ધોરણ સુધીની ગુજરાતી શાળા હતી. ત્યાં પાંચ ધોરણ સુધી ભણી પછી ઊડિયા માધ્યમમાં, સરકારી બાલિકા વિદ્યાલયમાંથી અગિયારમું ધોરણ પાસ કર્યું. ગુજરાતી સ્કૂલમાં લાઇબ્રેરી હતી અને તેના સંચાલક મારા સાહિત્યપ્રેમી પિતા હતા. તેઓ લાઇબ્રેરી માટે પુસ્તકો મંગાવતા. તે વખતના પ્રખ્યાત લેખકો, મેઘાણી, રમણલાલ વસંતલાલ દેસાઈ, વજુ કોટક, સારંગ બારોટ, ગુલાબદાસ બ્રોકર, વિ. સ. ખાંડેકર વગેરેનાં પુસ્તકો તથા 'અખંડ આનંદ', 'સમર્પણ', 'જનકલ્યાણ', 'રમકડું', 'ઝગમગ', 'ચાંદામામા' જેવાં માસિકો, પહેલાં અમારે ઘેર આવતાં પછી લાઇબ્રેરીમાં જતાં.

આમ ગુજરાતી પુસ્તકો વાંચવાનું થયું. સ્કૂલમાં ઊડિયા બહેનપણીઓ જોડે ઊડિયા સાહિત્ય પણ ખૂબ વાંચ્યું. બહેનપણીઓ જોડે હરીફાઈ થતી - કોણ પહેલું વાંચશે. જે હાથમાં આવતું તે વાંચતી. વાંચવાનો એટલો શોખ કે ઘરે લાઇબ્રેરી માટે આવતાં પુસ્તકો છુપાઈને મચ્છરદાનીમાં વાંચતી. એટલે જ આંખો બગડી અને ચશ્માં પહેરવાં પડ્યાં. કદાચ તે વખતે જ મારામાં સાહિત્યનાં બીજ રોપાયાં હશે. ત્યારે સપનાંમાં વિચાર્યું પણ ન હતું કે અનુવાદક્ષેત્રમાં કામ કરવાનું થશે.

M.B.B.S. ભણી લીધા પછી પરણીને પહેલી વાર ગુજરાતમાં પગ મૂક્યો. ભણતી હતી એ દરમ્યાન કદી ઓડિશા બહાર પગ મૂકવાનો વખત મળ્યો ન હતો. મારા નસીબે સાસરીમાં સાહિત્યનું વાતાવરણ હતું. સ્વાતંત્ર્યસેનાની સસરા રમણલાલ સોની પ્રખ્યાત બાળસાહિત્યકાર અને અનુવાદક હતા. સાહિત્યકારને ત્યાં પહેલી મુલાકાતમાં શ્રીરામે પૂછ્યું, કયા સાહિત્યકારોને વાંચ્યા છે. મેં બધા સાહિત્યકારો સાથે રતિલાલ બોરીસાગરનું નામ કહેલું, એમના હાસ્યલેખો અખંડ આનંદમાં ત્યારે હું વાંચતી, મને ખૂબ મજા આવતી. આ નામ સાંભળી શ્રીરામને ખૂબ નવાઈ લાગી હતી. એમણે કદી આ નામ સાંભળ્યું ન હતું. આ પ્રસંગ વર્ષો પછી બોરીસાગરસાહેબને શ્રીરામે કહેલો ત્યારે તેઓ ખૂબ હસેલા અને એમણે આ વિશે એક લેખ પણ લખેલો, “કે લો ! હું કોઈના લગ્નનું નિમિત્ત તો બન્યો !” નગીનદાસ પારેખ, ઉમાશંકર જોશી, સ્નેહરશ્મિ, ઈશ્વર પેટલીકર, રાજેન્દ્ર શાહ, હીરાબહેન પાઠક, નાથાલાલ દવે વગેરે ઘણા સાહિત્યકારો અમારે ઘેર આવતા હોવાથી અવારનવાર મળવાનું થતું.

નગીનદાસ પારેખ, હું ઊડિયા માધ્યમમાં ભણી છું એ જાણે. એમણે મને’ ઉત્કલ કહાણી’ નામની પુસ્તિકા દેખાડી એક વાર્તા ગુજરાતીમાં અનુવાદ કરવા આપી. વાંચી ખૂબ ખુશ થયા. એ પછી એમની, મારા શ્વશુર, રમણલાલ સોની અને ભોળાભાઈ પટેલની પ્રેરણાથી ગુજરાતીમાંથી ઊડિયામાં અનુવાદકાર્ય શરૂ કર્યું જે આજ દિવસ સુધી ચાલે છે.

જન્મથી લઈ ૨૫ વર્ષ સુધી ઓડિશામાં રહી એટલે અનુવાદમાં ઊડિયા ભાષાનો પ્રભાવ ઘણો હતો. નગીનદાસકાકા અને ભોળાભાઈ કહેતા, “રેણુકાએ ઊડિયા ભાષા માધ્યમ દ્વારા અભ્યાસ કર્યો છે એટલે માતૃભાષા ગુજરાતી કરતાં લગારેક વધારે અધિકાર એનો ઊડિયા પર હશે.” મેં કરેલો અનુવાદ બાપુજી હંમેશાં વાંચી જતા અને એમાં સુધારા સૂચવતા. તેમની અનુવાદ કરવાની ચોકસાઈ, એક એક શબ્દ બરાબર સમજીને સરળ અને પ્રવાહી શૈલીમાં અનુવાદ કરવાની રીતે મને સતત પ્રેરણા આપી છે. પાછળથી બાપુજીને જોવામાં તકલીફ થતી એટલે યોગેશભાઈ સાથે બેસી આખી ને આખી કૃતિ વાંચી જતી. તેઓ કલાકો સુધી સમય કાઢી મારી જોડે બેસતા, ખૂબ ધીરજથી તેઓ સાંભળતા અને સુધારા સૂચવતા. પણ પછી તો મારું ગુજરાતી સુધરતું ગયું. શ્રી રમણભાઈ જોશી, શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી રતિલાલભાઈ બોરીસાગરનું પ્રોત્સાહન મળતું રહ્યું. શ્રી યોગેશભાઈ જોષી અને અરુણાબહેન જાડેજા હંમેશાં મદદ કરવા તત્પર હોય. વાર્તાઓ ‘અખંડ આનંદ’, ‘નવનીત સમર્પણ’, ‘ચાંદની’, ‘જનકલ્યાણ’, ‘ઉદ્દેશ’ જેવી પત્રિકાઓમાં છપાઈ. મારો ઉત્સાહ વધતો ગયો.

કેટલીક વાર્તાઓ ‘અખંડ આનંદ, ‘નવનીત સમર્પણ, ‘ઉદ્દેશ’ ‘બુદ્ધિપ્રકાશ’ વગેરે માસિકોમાં પ્રગટ થઈ. પછી ‘રેવતી’ (ગુજરાત સાહિત્ય અકાદમી) અને ‘શ્રેષ્ઠ ઊડિયા વાર્તાઓ’ (ગુર્જર પ્રકાશન) દ્વારા પુસ્તક રૂપે બહાર પડી.

'ઇનામ' વાર્તા શ્રી રમણલાલ જોશીના તંત્રીપદ હેઠળ પ્રગટ થતા 'ઉદ્દેશ' માસિક પત્રના ફેબ્રુઆરી ૨૦૦૨ના અંકમાં છપાઈ હતી. આ વાર્તાએ આપણા વિખ્યાત સાહિત્યકારો કવિશ્રી રમેશ પારેખ, કવિશ્રી અનિલ જોશી અને રજનીકાંત પંડ્યા વગેરેનું ધ્યાન ખેંચ્યું હતું. શ્રી રજનીભાઈએ તો એણે વિશે મુંબઈના 'જન્મભૂમિ' સામયિકમાં લેખ પણ લખ્યો હતો - તા, ૧૪-૪-૨૦૦૨. એ લેખમાં તેમણે આ વાર્તાને 'આદિવાસીના ચિત્તની જીવતી છબી' કહી છે. એમના જ શબ્દો અહીં ટૂંકાવીને : 'ઇનામ' વાર્તાનો નાયક ધિનુઆને ભોળો નહિ કહી શકાય, કારણ એ જે સમાજમાં જીવે છે તેમાં બધાં એના જેવાં જ છે. એને ભોળાને બદલે 'અપ્રદૂષિત' કહેવો ઠીક રહે તેમ છે. શિકારી તરીકે વિખ્યાત ધિનુઆ વારંવાર હરણ, ચિત્તો, સાબર મારીને તેમનાં મસ્તક ડેપ્યુટી કમિશનરને ધરી ઇનામ પામતો હોય છે. આ વેળા તે જુલમગાર ગોવિંદ સરદારનું માથું લઈને ધરવા જાય છે. ઇનામની આશા તો છે જ પણ એટલું જ નહિ, આ જોઈને ઘા ખાઈ ગયેલા સાહેબથી માંડીને તેના કર્મચારીઓનાં ગર્ભિત વાક્યો પણ તે પૉઝિટિવલી લે છે અને તેય છેક મનુષ્યવધ માટે તેના ગળામાં ગાળિયો પડે છે ત્યાં સુધીની હદે! ઇનામ મળવાની તેને ખાતરી હતી ને તે ઇનામ તે મૃત્યુદંડ છે. આ વાર્તા વાંચીને કોઈ પણ સમાજના પ્રશ્નો મારા ચિત્તમાં છવાઈ જાય છે, શા માટે ક્રાંતિકારીઓના વધ માટે શિરપાવ મળે ને જુલમગારોના વધ માટે દેહાંતદંડ? હત્યા એ આખરે હત્યા છે. શા માટે મૂંગાં પશુના માથા માટે શિરપાવ અને શા માટે માણસના શિકાર માટે મોત? શા માટે એક હત્યા હરામ અને બીજી હલાલ?' પછી આ વાર્તા સુરેશ દલાલ સંપાદિત 'વાર્તાવિશ્વ' ગ્રંથમાં પણ પ્રકાશિત થઈ.

૧૯૮૩માં ભોળાભાઈ પટેલે શાન્તનુકુમાર આચાર્યની નવલકથા 'દક્ષિણાવર્ત' કરવાનું સૂચન કર્યું. પણ તે એક આક્ષરિક અનુવાદ જ થયો. શ્રી અરવિંદના જીવનદર્શન પર આધારિત આ નવલકથાની ખૂબ ચર્ચા થઈ. પ્રખ્યાત વિવેચક રમણલાલ જોશીએ 'રંગતરંગ'માં વિસ્તૃત લેખ લખેલો જેમાં તેમણે 'દક્ષિણાવર્ત'ને એક સરસ ઊડિયા નવલકથા લેખે બિરદાવી હતી. પણ મને તે એ વખતે સમજાઈ ન હતી, મેં જો તે હમણાં કરી હોત તો તે અનુવાદ વધારે સારો થયો હોત.

ઓડિશાના પ્રખ્યાત સાહિત્યકાર શ્રી બ્રજનાથ રથ, શ્રી દુર્ગાપ્રસન્ન પંડાનો સ્નેહ અને મદદ પણ મળતી રહી. ઊડિયામાંથી ગુજરાતીમાં વાર્તાસંગ્રહ, નવલકથા, કવિતાસંગ્રહ, ચરિત્રનિબંધ વગેરેનાં ૧૮ પુસ્તકો કેન્દ્ર સાહિત્ય અકાદમી, નૅશનલ બુક ટ્રસ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુર્જર પ્રકાશન, અરુણોદય પ્રકાશન દ્વારા પ્રગટ થયાં છે અને કેન્દ્ર સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરુસ્કૃત થયાં છે.

સાથે સાથે ઊડિયા કવિતા અનુવાદ કરતી હતી, જે કવિલોક, પરબ, શબ્દસૃષ્ટિ વગેરે પત્રિકાઓમાં પ્રકાશિત થઈ. સુરેશ દલાલ સંપાદિત કવયિત્રી વિશ્વમાં પણ ૪ કવિતાને સ્થાન મળ્યું. આકાશવાણી અમદાવાદ પર પણ પ્રસારિત થયાં. કવિતાનો અનુવાદ કંઈ એટલો અઘરો લાગ્યો નહીં. મેં એ અનુવાદ અછાંદસ કર્યા. આ જ અનુવાદ કોઈ કવિએ કર્યા હોત તો તેઓ ચોક્કસ છંદબદ્ધ કરત. દિલ્હી સાહિત્ય અકાદમીએ આપેલા ઊડિયા કવિયત્રી પ્રતિભા શતપથી (તન્મય ધૂલી )અને કવિ વ્રજનાથ રથના (સામાન્ય અસામાન્ય)

કાવ્યસંગ્રહો અનુવાદ કર્યા. ભોળાભાઈ પટેલનું સ્વપ્ન, ઊડિયા કવિતાની anthology પ્રગટ કરવાનું હતું, તેમણે ઉમાશંકર જોશીને વચન આપેલું. એમની સાથે પણ ઊડિયા કવિતા અનુવાદનું કામ કર્યું પણ તેમના અકાળ મૃત્યુના કારણે કામ અધૂરું રહ્યું.

શરૂઆતમાં ઊડિયા બાળવાર્તાઓનું અનુસૃજન પણ કર્યું હતું જે 'સુમન', 'ચાંદાપોળી' વગેરે બાળમાસિકોમાં પ્રકાશિત થયું હતું. પછી નૅશનલ બુક ટ્રસ્ટે પણ ૨-૩ બાળ પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે.

ગુજરાતી ભાષામાં બીજી બધી ભાષામાંથી ઘણું સાહિત્ય અનુવાદ થઈને આવ્યું છે, પણ ગુજરાતીમાંથી બીજી ભાષામાં ઘણું ઓછું ગયું છે. હું ગુજરાતીમાંથી ઊડિયામાં પણ અનુવાદ કરતી રહી છું. ગુજરાતીમાંથી ઊડિયામાં અનૂદિત વાર્તાઓ અને કવિતા ઓડિશાની 'ઝંકાર', 'નબરબિ', 'ગપબહી' વગેરે પત્રિકાઓમાં પ્રકાશિત થઈ છે. વીસમી સદીની ગુજરાતી કવિતા( ગુજરાત સાહિત્ય અકાદમીની સહાય) ગુજરાતી શ્રેષ્ઠ વાર્તા( કેન્દ્ર સાહિત્ય અકાદમી), કહાણીમાળા - રમણલાલ સોનીની બાળવાર્તાઓ અને વિનોદ જોશીકૃત 'સૈરન્ધ્રી' પણ ઊડિયામાં પ્રકાશિત થયાં છે. હુંદરાજ બલવાણી દ્વારા સંકલિત શ્રેષ્ઠ ગુજરાતી શિશુકથા દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા ટૂંકમાં પ્રગટ થશે.

અનુવાદ કરતી વખતે મેં જોયું કે અનુવાદ કરવું મારા માટે એટલું અઘરું નથી, કારણ કે ઊડિયા અને ગુજરાતી બન્ને ભાષા અને સંસ્કૃતિથી હું પરિચિત છું. અનુવાદકનું કામ બે સંસ્કૃતિ વચ્ચે સેતુ બાંધવાનું છે. માટે તેને બન્ને કિનારાનો ખ્યાલ હોવો જોઈએ. ઓડિશા અને ગુજરાત બન્ને મારું વતન છે તેથી બન્ને તરફનો મને ખ્યાલ છે. તોપણ કૃતિ વાંરવાર વાંચી તેનું સ્પષ્ટ ચિત્ર મનમાં ઉપજાવી પછી અનુવાદ કરવો જોઈએ. અનુવાદકનું કામ કૃતિ એવી રીતે રજૂ કરવી કે મૂળ રચના વાંચતાં હોઈએ તેવું લાગે. અનુવાદક પાસે જે ભાષામાં અનુવાદ કરતાં હોઈએ તે ભાષાનું પર્યાપ્ત શબ્દભંડોળ હોવું જોઈએ. અનુવાદ માટે બંધ બેસતો શબ્દ વાપરવાની કળા પણ હોવી જોઈએ. એમાં જ અનુવાદકની કસોટી થાય છે. અને એ શબ્દ પણ લોકજીભે ચડેલો અને લોકોના કાનમાં પડેલો હોવો જોઈએ. જેમ કે 'માણસ મૂર્ચ્છા પામ્યો, એના બદલે બેહોશ થઈ ગયો., મને પેલું કામ કરવાની મંજૂરી આપો એના બદલે રજા આપો. મૂળ રચનામાં રહેલી છટા અનુવાદમાં પણ દેખાવી જોઈએ. નહિતર મૂળ રચનાનું સૌન્દર્ય જળવાય નહીં. ઉદાહરણ તરીકે, બંગાળ ઓડિશામાં વહુ દીકરીને 'મા' કહી સંબોધન કરે. ગુજરાતીમાં અનુવાદ કરતી વખતે 'મા' શબ્દ એમ જ રાખી પાદટીપમાં ઉલ્લેખ કરવો. એવી રીતે' ઓડિશામાં લોકો 'પખાળ' એટલે કે ભાતમાં પાણી નાખી બીજે દિવસે ખાય. અનુવાદમાં વાસી પાણીવાળો ભાત ન લખતાં પખાળ લખી પાદટીપમાં તેનો અર્થ લખવાથી મૂળ કૃતિની મીઠાશ જળવાય છે. મૂળ કૃતિ પ્રત્યે અનુવાદકને આદર હોવો જોઈએ. અનુવાદમાં છૂટછાટ લેવાય નહીં.

છેલ્લે કૃતિ છપાઈને આવે ત્યારે અનુવાદકનું નામ લેખકની નીચે લખેલું હોય જે અનુવાદકને હંમેશાં ચેતવણી આપે કે તેં આ નથી લખ્યું, બીજા કોઈએ લખ્યું છે. એમાંથી જીવનનો બોધ મળે છે કે તું આ બધું નથી કરતો, ઉપર કોઈ છે જે આ બધું કરે છે, તું તો એક કઠપૂતળી જ છે.

■

# મનુષ્યના ઉધાર પાસાનું આલેખન : નઘરોળ

મનસુખ સલ્લા

સ્વામી આનંદ ગુજરાતી ભાષાના વિલક્ષણ લેખક ગણાય છે. ગાંધીજી, ઉત્તમ સંન્યાસીઓ, ઉત્તમ ત્યાગી વ્યક્તિત્વોના સત્સંગને પરિણામે સ્વામી આનંદે મનુષ્યોમાં જ્યાં જ્યાં ગુણોનો ઉત્કર્ષ જોયો ત્યાં એમનું રેખાચિત્ર આલેખ્યું છે. એમાં તેમણે જીવનની જમા બાજુ વર્ણવી છે. સમતાનો મેરુ, મહાદેવથી મોટેરા, મહાદેવ દેસાઈનું રેખાચિત્ર, મારા પિતરાઈઓ રૂપે સંન્યાસીઓના અને ખાસ કરીને તપોવનજીનું ચરિત્ર, મોનજી રુદર અને ભીખીબાઈ જેવાં વ્યક્તિત્વોમાં ધૈર્ય, નિસ્પૃહતા, સમજણ, અન્યાય સામે લડવાનું લોંઠકાપણું, સચ્ચાઈ માટેની પ્રીતિ, તપ અને ત્યાગ, વિપત્તિઓ સામે દઢતા, જિંદગીની વિષમતાઓને ભરી પીવાની ત્રેવડ વગેરે ગુણો એમનાં રેખાચિત્રોમાં પ્રગટ થયા છે. તેઓ એવા ગુણોથી વીંધાયા છે, એવા ગુણોના તેઓ ઘાયલ છે. એવા ગુણોને – વ્યક્તિત્વોને વર્ણવતાં સ્વામી આનંદની કલમ પુરબહારમાં ખીલે છે.

સ્વામી આનંદ ગુજરાતી સાહિત્યમાં મૌલિક અને બળકટ એવા ગદ્યને કારણે અનન્ય ગણાયા છે. સ્વામી આનંદે તળપદ, લોકજીભે તરતા, ચિત્રાત્મક, ભાવોને ચોટડૂક રીતે પ્રગટ કરતા શબ્દોનો અને વિશિષ્ટ શબ્દપ્રયોગોનો સંચય 'જૂની મૂડી' એ નામે કરેલો છે. એ શબ્દો, વાક્યપ્રયોગો તેમના લેખનમાં સમૃદ્ધિ રૂપે પ્રગટ થયા છે.

એક વ્યક્તિએ ફરિયાદ કરી કે "સ્વામી આનંદે પોતાનાં ચરિત્રોમાં કલ્પનાનો વઘાર દઈ ગુણ જ ગાયા છે, દોષ-ખામી બતાવ્યાં નથી."

સ્વામી આનંદે 'નઘરોળ'ના પ્રાસ્તાવિકમાં જવાબ રૂપે કહ્યું છે કે, "મારાં રેખાચિત્રો છે, જીવનચરિત્ર નથી. જેમના ગુણોથી હું વીંધાયો એવી હસ્તીઓ કે વિભૂતિઓનાં રેખાચિત્રો કલ્પનાનો આશ્રય મુદ્દલ લીધા વગર દોર્યાં છે. જીવનચરિત્ર કે ઇતિહાસ નથી લખ્યો જેમાં બધી બાજુઓ રજૂ કરવાનું ફરજિયાત હોય. રેખાચિત્રોમાં માત્ર આકાર અણસાર જ હોય છે, હાડમાંસ નથી હોતાં. .... આ પુસ્તકમાં માનવી ચરિત્રના એમણે માગ્યા છે તેવા હીણા અંશો અનાયાસે દોરાયેલા જડશે."

પુસ્તકનું શીર્ષક 'નઘરોળ' છે. એ સ્પષ્ટ કરવા સ્વામી આનંદે ચાર ઉદાહરણો આપ્યાં છે.

(૧) મુંબઈમાં પ્રેસમાં નાનાં-મોટાં કામો માટે શંકર નામના માણસને રાખેલો. એની પાસે ચા-બિસ્કિટ-પાંઉ મંગાવતા. શંકર ઉપરના ભાગે કાંઈ ન પહેરે. પરસેવે રેબઝેબ હોય. હાથમાં ચા અને બગલમાં બિસ્કિટ વગેરે દબાવીને લાવે.

(૨) બેરામજી માછી નીરો વેચતો. વાતવાતમાં ગાળાગાળી કરે. માપિયામાં નીરો ઓછો ભરે, અપૂરતું ઠાલવે. જમીન પર મૂકે. સાફ કરવાનું કહે તો સાથળ પર ઘસીને નીરો ભરે.

(૩) એક પંતુજી. હાથે ખસ. માથે ઉંદરી. આંખે ચીપડાં. નાકે ગળતાં લીંટ. હાથે-પગે ઓઘરાળા. જીવ તોડીને ભણાવે. પણ જોડણીમાં બેપરવા. કહેશે વાંચનાર સુધારીને વાંચી લેશે.

(૪) એક લેખક અવ્વલ નંબરનું લખે; પણ પાને પાને પંદર ભૂલો હોય. કહીએ તો જવાબમાં કહે, 'વાંચનાર સુધારીને વાંચી લેશે. એવાં બાળોતિયાં કોણ ધુએ?' અવતરણો યાદદાસ્ત પરથી લખે. મૂળ પાઠ ન જુએ. કહેશે 'એવી અધ્યારી ન કરવી.'

આ નમૂનાને આધારે લેખકે 'નઘરોળ'ના અર્થો આવા આપ્યા છે : ફુવડિયો, ડફુર, નીંભર, હાડોહાડનો બેપરવા, નઠોર, અઘોરી, ઓઘરાળો, દીર્ઘસૂત્રી.

પછી લેખક લખે છે : 'આવા આવા તરેહવારના થોડા નમૂના જાતઅનુભવમાંથી, તેમ જ હડફેટે ચડેલા તે અહીં વચ્ચે વચ્ચે સંઘર્યા છે.'

મનુષ્યજીવનનું ગણિત કાંઈ સાદું-સરળ નથી હોતું. મનુષ્યમાં ગુણ જોવા મળે તેમ અવગુણ પણ જોવા મળે. વળી બંનેનું મિશ્રણ પણ હોય. કેટલાક તો અત્યંત પ્રતિભાશાળી છે, પરંતુ તેમની એવી એવી મર્યાદાઓ છે કે આપણને લાગે કે આવું ન હોત તો આ વ્યક્તિ ક્યાં પહોંચી હોત! ઉપરાંત 'નઘરોળ' પુસ્તકમાં કેટલાક એવા નમૂના પણ છે જેમાં માનવીય ગુણોની જાણે બાદબાકી છે. તેઓ ક્રોધ, જડતા, મૂર્ખામી અને અસંવેદનશીલતાથી એવા ભરેલા છે કે માણસના ઉધાર પાસાનાં જ તેમનામાં દર્શન થાય છે. દા.ત. ફત્તેપુર સીક્રીનો ઘોડાગાડીવાળો.

ઘોડાગાડીવાળો જિદ્દી, અજડ, ક્રૂર, લીધી વાત ન મૂકનારો, મરું કે મારુંમાં માનનારો છે. સ્વામી આનંદ તેનું ટમટમ ભાડે કરે છે. એના ટટ્ટુનું વર્ણન જુઓ : 'અસલ દુકાળિયું. હાડેહાડના ઢોરાટેકરા ને પાંસળીઓ એકોએક ગણી લ્યો. પાછલા પગ રાંટા. મોં માથા પર ચડાવેલ ચામડના ગંદા મોરડાને ઉપરવાડે બણબણતું માખીઓનું ઝુંડ સાથેસાથે ઊડ્યાં કરે. અને તેને ઉડાડવા સારુ એ મરિયલ પોતાનું ઘડીઘડી ગરદન સહિત માથું આડેઅવળે ફંગોળ્યાં કરે!

માલિકનાં દેદાર મિલકતથી ચડે. ચાળીસેક ઉંમર. મજનું કાઠી. માથા પરનાં ભાવરપીંછાં આગ્રાશાઈ ટોપી હેઠળથી આગેપીછે ને બેઉ કાન પર ડોકિયાં કરે. ગળે રૂપાની ખોળવાળું તાવીજ મેલા લઘરવઘર કુરતા ઉપર છાતીએ લટકે. કમરે બે વારની રંગીન ચોકડિયાળી મેલીદાટ લૂંગી. સુક્કો રાણકોકડી ચહેરો. તીરકામઠાની જેમ તણાયેલાં ભવાંની ઊંડાણે ઝીણી આંખો તગતગે. ઠરડાઈ ગયેલ દાઢી મૂછો ટેડા તરેહવાર મિજાજની ચાડી ખાય. (પૃ. ૧૨૮)

એનું ટટ્ટુ અડિયલ. લગામ ખેંચતાં અટક્યું. ઘોડાગાડીવાળાએ માર્યું, ચોકઠું મોંમાં ઘસી લોહી કાઢ્યું પણ ન માન્યું. ઘોડાગાડીવાળો દરેક વખતે બોલે 'જભે કર દુંગા'. આખરે બેઠક નીચેથી છરો કાઢ્યો. સ્વામી આનંદે હાથ પકડી લીધો, છરો ફેંકી દીધો. ટમટમ પાછી વાળવા કહ્યું. પોલીસથાણે ફરિયાદ કરવા કહ્યું, ત્યારે માન્યો ને ટટ્ટુને પાછું વાળ્યું તો બરાબર ચાલ્યું! કોનાં વખાણ કરવાં? માલિકનાં કે મિલકતનાં?

નઘરોળનાં બે ચરિત્રો યાદગાર છે. પિતાએ વાદ્ય શીખવા નગરના ઉસ્તાદ પાસે મોકલ્યા. ઉસ્તાદે એમને એક પ્રતિભાશાળી મુર્શીદને સોંપ્યા. તેઓ સંગીતમાં બેનમૂન. મોટા ઉસ્તાદે કહેલું, 'એને તાં જઈને. ને લે લેવાય તેટલું. તું લેતા થાકીશ, એ લૂંટાવતા નહિ થાકે.' વાદનવિદ્યાના ગુરુનું વર્ણન સ્વામી આનંદે આવું કર્યું છે : 'પગથી માથા લગી ભેંકાર માણસ. ઠીંગણું કદ. બાવળની ગંડેરી જેવી કાયા. મોઢાનું મોરું જાણે થાપેલું છાણું. ભમ્મર શાહુડીનાં સીસોળિયાં જેવી. ગરદન તો મળે જ નહિ? કોઈના ભણી જુએ ત્યારે આખી કોઠી જ આંચકો દઈને ફેરવે. એના વહેવાર એટલે રુગા, ધોલધપ્પા, આંચકા ને વડચકા. (પૃ. ૨૩)

ગુરુ સંગીતમાં ઉત્તમોત્તમ પણ ગંદો, ગોબરો, એદી અને આળવીતરો છે. મનુષ્યજીવનનું વૈચિત્ર્ય છે કે સામસામા છેડાનાં લક્ષણો એક વ્યક્તિત્વમાં હોય. સ્વામી આનંદે શીર્ષક રાખ્યું 'નઘરોળ.' એને માટે લખે છે : 'નઘરોળ છતાં વાદનવિદ્યાના મારા ગુરુ. એમને માટે આવું વિશેષણ વાપરતાં મારે માથે વીજળી ત્રાટકવી જોવે પણ તે હજુયે નથી ત્રાટકી.' સ્પષ્ટતા કરતાં લેખક લખે છે : માતપિતા, ગુરુજનો, સૌની ઉપર સત્યનિષ્ઠા છે એ જ સાચું. અદ્દલ દાંડીએ કાંટોકાંટ તોળીને હકીકત તેટલી જ સંભળાવીશ. ન વધુ, ન ઘટું.' (પૃ. ૧૭)

ધૂની, ચક્રમ, મસ્ત, ફૂવડિયા, અલગારી, અકોણા કલાવંતોની ખાસિયાતોના નમૂનારૂપ આ ગુરુ હતા. એટલે લેખક લખે છે : 'મારા આ હંગામી ગુરુનો ઘાટ બ્રહ્માએ ઘડ્યો તે દિવસે ખગ્રાસ (પૂર્ણ) સૂર્યગ્રહણ હશે, તેથી બ્રહ્માજી આબાદ ગોથું ખાઈ ગયેલા.' (પૃ. ૧૮)

આવું જ યાદગાર વ્યક્તિત્વ છે દેશના મહાન પત્રકાર સેંટ નિહાલસિંહનું. તેમનાં અંતિમ સમયનાં ચિત્રો આલેખાયાં છે. રિવ્યૂ ઑફ રિવ્યૂઝવાળા ડબલ્યુ.ટી. સ્ટેન્ડના શિષ્ય. ટિટાનિક સ્ટીમર તૂટવાથી સ્ટેન્ડનું દરિયામાં મૃત્યુ થયું. પછી નિહાલસિંહનો સિતારો ચમક્યો. લેખક નોંધે છે :

'નિહાલનો સિતારો ધૂમકેતુ બની ગયો! તેવું જ તેજ, તેવો જ દુનિયાને દંગ કરી મૂકે અને મોંમાં આંગળાં ઘલાવે એવો કાબેલ અખબારી કસબ, અવિશ્રાંત ઉદ્યમ અને હેરત પમાડે એવું લેખનકૌશલ. સેન્ટ નિહાલસિંહનું નામ એમના લેખોથી દેશપરદેશ હિન્દુસ્તાન તેમજ દુનિયા બધીમાં ગાજવા લાગ્યું.'

હવે લેખક નિહાલસિંહની નિષ્ઠા અને સ્થિરતા અંગે લખે છે :

પણ હાય કિસ્મત. મુંબઈના હાલના સ્કાયક્રેપર્સની જેમ બધું જ ભાડૂતી! ધનમાન અને નામના પાછળ જ નકરી દોટ. અને એમાંયે સ્થિરતા નિષ્ઠાને નામે ભમરડો! અહમ્‌ની જ બધી બોલબાલા. (પૃ. ૨૬)

નિહાલસિંહે સયાજીરાવ ગાયકવાડનું જીવનચરિત્ર લખવાનું સ્વીકાર્યું, દોઢ વર્ષ મહેમાનગતિ અને હિલ સ્ટેશન પર હર્યાફર્યા પણ એક પાનું ન લખ્યું. ગોંડલનરેશ ચતુર તે એક પાનાના બદલામાં સોનાની એક ગીની ચૂકવી પણ જીવનચરિત્ર લખાવ્યું. જેને મોતીલાલ નહેરુ, જવાહરલાલ અને દેશનેતાઓ મળવા આવતા હતા એ નિહાલસિંહ અંતિમગાળામાં વૃદ્ધ, બીમાર અને એકાકી હતા. પૈસા હતા પણ સંભાળ લેનાર કોઈ નહોતું.

૨૩૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મહામના સૉક્રેટિસે મનુષ્યનું અદ્‌ભુત અવલોકન આપ્યું છે કે, 'કોઈ એક ગુણ એ સમગ્ર શીલ નથી.' કોઈ એક ગુણ, વિશેષતા, સિદ્ધિ પ્રાપ્ત કરનારનું જીવન અન્યથા કેવું રેઢિયાળ, બેહૂદું, અહંકારપૂર્ણ, સ્વાર્થલિપ્ત, ગોબરું અને જીવનનાં ઉધાર પાસાંઓથી ભરેલું હોઈ શકે એના નમૂના 'નઘરોળ' સંગ્રહમાં મુકાયેલા છે.

'મારા ઘરધણીઓ' બે ભાગમાં લખાયેલાં ચરિત્રો છે. એક છે અમદાવાદ નિવાસના મિસ્ત્રી ઘરધણી. પહેલી નજરે સીધા, માયા-મમતા દેખાડનારા, જેલમાં મળવા પણ જાય, પણ ઘરભાડું થોડા થોડા અંતરે વધારતા રહે. માગણી કર્યા કરે. ઘરમાં રહીશ અને 'નીકળ' કહો તે દિવસે નીકળું. કજિયો કરવાનું મારું ગજું નહિ.' ૨૫ના ૪૦ રૂપિયા ભાડું કર્યું હતું. છતાં વધારે ભાડું માગે. પોતે વચન આપેલું કે ભાડું વધારવાની વાત હવે નહિ કરે. એ મિસ્ત્રી આ ભાષા બોલી શકે છે :

તમેય ખરા છો, સામીજી ! બોલ્યા તેમાં શું થઈ ગયું ? તમે તે કંઈ મને ધરમરાજાનો દીકરો બીકરો જાણ્યો શું ? ... અમે તો અમદાવાદી. હરામજાદી. લવાર ભઈ. દા'ડામાં પચ્ચી વાર બોલીયેં ને પચ્ચી વાર ફરી જાએં. પડ્યો પોદળો ચપટી ધૂળ ઉપાડે જ, એવો અમારા લોકનો હિસાબ... ઘરમાં ત્રેવડ ત્રીજો ભાઈ. ચળું કરીને થાળીને ધોઈને પીએ. શું સમજ્યા ? (પૃ. ૧૬૧) પણ છતાં વેણમાં માયા જાળવતા.

બીજા ઘરધણીને લેખકે 'મેજર મારકણા' રૂપે ઓળખાવેલા છે. કૌસાની નજીકનું ગામ. મેજર અંગ્રેજ લશ્કરમાંથી નિવૃત્ત થયેલા. બળજબરાઈ અને ધમકીથી ગરીબ લોકોને રોળવી ખાય. મકાનો બાંધવા, સરકારી જમીનો દબાવવી, ગરીબ વસ્તીને દબાવવી, મજૂરી ન ચૂકવવી અને ડિંગ મારવી એ એમના શોખ. બોલ્યું ફરી જવું, વચન ન પાળવું, ગાય વસૂકી ગઈ તો દીકરીને ભેટ આપી, વિયાઈ, દૂધ દેતી થઈ તો પાછી માગી લીધી, સ્વામી આનંદના સ્નેહીઓ મળવા આવ્યા, તેમનાં બાળકોને કૂતરો ગમી ગયો તો ગોળી મારી, બચી ગયો તો ફરી મારીને દાટી દીધો. માણસ કેટલી હદે હરામી, લોભને થોભ નહિનો નમૂનો. જાતમહેનત એક જ ગુણ, બાકી અવગુણોનો અવતાર. યાદ રહી જાય, એવું આ રેખાચિત્ર છે.

'વરસના મહિના વીસ'માં ધણિયામા, શાહુકારો, પટેલો, ગરીબ પ્રજાનું કેવું શોષણ કરી શકતા એનો ક્રૂરતાની હદ જેવો આલેખ છે. મેવા-મીઠાઈ, જયાફત-ઉજવણીમાં રચ્યાપચ્યા રહેતા આ સુખી લોક હિસાબ સમજવા આવેલા ગરીબને પાણીનુંય પૂછતા નથી, આખો દાડો મફતમાં મજૂરી કરાવે. ને હિસાબમાં રૂ.૧૦નું કરજ ખ્રિસ્તીઓના original sinની જેમ જિંદગીનું સાથી બનીને વરસોવરસ સાથે ને સાથે ચાલતું આવતું માથે ઊભું હોય. એમનું ગણિત કેવું ?

વરસના મહિના વીશ. બે તારા છોકરાંના અને બે મારાં છોકરાંવના મેલ્યા છૂટના. થા રાજી. બાકી રિયા મહિના સોળ. એનું વરસ દિ'નું વ્યાજ' થયું શોળ રૂપિયા. શું સમજ્યો ?'

લેખકે ફ્રેંચ લેખકના લેખમાં બે પ્રકારની હિંસાની વ્યાખ્યા વાંચેલી. એક હિંસા Horizontal (આડું) લશ્કરનો સિપાહી શસ્ત્રથી મારે તે. બીજી હિંસા Vertical

(ઊભી). ધણિયામા, શાહુકાર ગણોતિયા - શ્રમજીવીને રોળવી, નિચોવીને જિંદગી આખી ભોંયભેળો રાખે તે પ્રકારની હિંસા.

સ્વામી આનંદે વ્યક્તિગત ગુણ-અવગુણની જ વાત નથી કરી; પરંતુ આખો વર્ગ, સંગઠિત વર્ગ, રાજકર્તાઓ કેટલી હદે અમાનવીય બની શકે છે તેનું વર્ણન કર્યું છે.

કોઈ એક પ્રજાની આ એબ છે એવું નથી. પ્રજાકીય પાયા પર સંગઠિત ગોરી પ્રજાઓનો રેકૉર્ડ અને ક્યાંય વટાવી જાય એવો કારમો છે. સ્વાર્થ-શોષણના ક્ષેત્રમાં કોમવાદ નથી. માણસમાત્ર દુનિયા આખીમાં સરકોજ શિકારી રહ્યો છે. (પૃ. ૧૧૬)

અમેરિકન ધોબણ જીવનભર ભટકીને મોક્ષ માટે ગંગાકાંઠે આવી છે અને કેવી હેરાનપરેશાન થાય છે તેનું ચરિત્ર છે. તો 'જમાનાની બલા'માં આજના મેડિકલઉદ્યોગની કરુણ બાજુઓ ઉપસાવી છે. ખાસ કરીને ગાંડાઓની ઇસ્પિતાલોમાં નિષ્ણાતોને હાથ સારવારને નામે માણસને દેડકાં-ઉંદર, ઇયળ-અળસિયા જેવો બનાવી દે છે એની કરુણ કથા છે. આમાં ચરિત્ર કરતાં વધુ તો રજૂઆત છે.

'કંસના વારસ'માં અસત્ય, ધનની પૂજા, સંબંધને નામે મીંડુંની કરુણ કથની છે. માણસ ખોટું કરી બેસે અને ખોટું કરવાને જ જીવનધ્યેય કે સફળતા ગણે એ સામો છેડો છે. કંસના વારસ થવાના કોડમાં સમૂલસ્ય વિનશ્યતિનું પરિણામ વેઠવાનું આવે છે.

હિરોશીમાનો હત્યારો વિમાની મેજર ઈથરલીના સામસામા છેડાનાં ચિત્રો દુનિયામાં જાણીતાં થયાં એનું બયાન છે. એક ચિત્ર છે : દેશપ્રેમી, પરાક્રમી, નાહક દંડાયેલો, ગૌરવપૂર્ણ મેજર. જેને માટે બર્ટ્રાન્ડ રસેલ જેવાએ તરફેણ કરેલી. તો બીજું ચિત્ર છે જ્ઞાન, પૈસો, પ્રતિષ્ઠા માટે ઉપજાવી કાઢેલ સમાચારો, કથાઓ, વિગતો, અતિશયોક્તિઓ, જૂઠ. આ આલેખનને અંતે લેખક કહે છે : 'વાસ્તવમાં અસલી સત્ય શું હતું, મેજર ઈથરલી અસલમાં હત્યારો હતો કે ચોરજુગારી, એ તો એકલો એ પોતે જ જાણે ને બીજા જાણે અલ્લામિંયાં! (પૃ. ૯૬) માણસ માન-પ્રતિષ્ઠા-પૈસા માટે શું શું કરી શકે તેનો નમૂનો લેખકે રજૂ કર્યો છે, પણ સત્ય તો અપ્રગટ જ છે.

'નઘકોશ' સંગ્રહનું ગરીબ બાળકનું 'ખશકૂલ'નું ચિત્ર આ સંગ્રહમાં બંધ બેસતું નથી લાગતું. નિવારી શકાયું હોત.

આખા સંગ્રહમાંથી પસાર થતાં મનુષ્યજીવનનાં નકારાત્મક, ઉધાર પાસાંઓનું ચિત્ર ઊપસી આવે છે. વ્યાસ ભગવાને દુર્યોધન, દુઃશાસન, શકુનિનાં ચરિત્રો સર્જીને ઉધાર પાસાં પ્રગટ કર્યાં છે તેમાં સૂચિત તો એ છે કે પાંડવો અને શ્રીકૃષ્ણનાં ચરિત્રો ઇષ્ટ, આવકાર્ય અને જીવનપોષક છે. એમ સ્વામી આનંદે જીવનભર લેખનમાં મનુષ્યજીવનના ઉત્તમ ગુણોની આરતી ઉતારી છે, ત્યારે 'નઘરોળ'નાં ચરિત્રો દ્વારા કેવું જીવન ન હોવું જોઈએ એનાં ઇંગિતો આપ્યાં છે. ગાંધી વાતાવરણના લેખક જીવનના ઉધાર કરે છે એમ ગણાય. પરિણામ ઉપરથી પણ સૂચવાય છે કે અનિષ્ઠ જીવનવ્યવહારોનું પરિણામ કરુણ હોય છે. આવાં દૃષ્ટાંતોને આલેખતી વખતે લેખકની ગદ્યરિદ્ધિ સોળે કળાએ ખીલેલી અનુભવાય છે. એટલે આ ચરિત્રો પણ યાદગાર નીવડે છે.

■

# જય હો વેણીભાઈ.

પ્રીતમ લખલાણી

'તારી આંખનો અફીણી' ગીતના રચયિતા કવિશ્રી વેણીભાઈ પુરોહિત પોતાની મતવાલી ચાલે ચાલતા, મોંમાં નવરત્ન કિમામ તમાકુવાળું મર્દાના પાન ચાવતા, ધોતિયું, કફનીના ગુલાબી મિજાજમાં બંદા બદામીની બંડીમાં એક હાથમાં ધોતિયાનો છેડો અને જમણા હાથમાં ચામડાનું પાકીટ લઈને ઘાટકોપરના મહાત્મા ગાંધી રોડથી ઘર તરફ ચાલ્યા જતા વેણીભાઈ પુરોહિતની છાપ લોકોમાં એક આખાબોલા અને સાચાબોલા વ્યક્તિ તરીકે હતી. વેણીભાઈની વાણીમાં નાયગ્રાનો ધોધ વહેતો! વેણીભાઈ જેટલા મહેફિલના, એટલા મંચના નહીં, વેણીભાઈ બોલતા ત્યારે બધા જ બારીબારણાં ખોલી નાખતા, નિર્વસ્ત્ર વાણીનું સ્વરૂપ આપમેળે પ્રગટ થવા દેતા. વાત કરવાનો તેમનો એક અનોખો મિજાજ હતો, એક સારા, વણવપરાતા થિયેટરને તેઓ 'જોબનવંતી વાંઝણી' કહેતા, આપણા પ્રિય કવિશ્રી સુરેશ દલાલને હંમેશાં 'રોકડિયા હનુમાન' કહેતા. ફોન માટે પણ તેમને એક અનોખો પ્રેમ, "ફોન મારે માટે અરીસાને ચુંબન કરવાથી વિશેષ છે" જીભ તો વેણીભાઈની! તે જે કંઈ બોલતા તેમાં પરંપરાના ધબકારા સાથે હાસ્ય અને સચ્ચાઈનો એક મીઠો રણકો જોવા મળતો!

વેણીભાઈ, માટે મૈત્રી એક અનમોલ મિરાત હતી. મિત્ર યાદ આવે તો વેણીકાકા ઘડિયાળમાં નજર કર્યા વિના મિત્રને મળવા રાત છે કે દિવસની કોઈ પરવા કર્યા વિના પહોંચી જાય. કવિ સુરેશ દલાલ કહેતા કે કોઈ સાંજે હું નિરાંતે પરિવાર સાથે બેઠો હોઉં અને મારા ઘરના બારણે બેલ રણકે અને મારી નાની દીકરી મિતાલી હડી કાઢતો દરવાજો ખોલે અને મારા કાને અવાજ સંભળાય કે,'તિતાલી દે તાલી' તો હું આંખ બંધ કરીને બીજા રૂમમાં બેઠો સુશીલાને કહી દઉં કે, ઘરે આનંદના આશ્ચર્યચિહ્ન જેવા વેણીભાઈ આવ્યા લાગે છે! સુરેશભાઈ કહેતા કે,"વેણીભાઈ સ્વમાની અને મિજાજી માણસ ખરા, પણ વ્યવહારુ બિલકુલ નહીં. તેમને રજવાડી વાતાવરણ જરાય ના ગમે, આવા વાતાવરણને તે દૂરથી પ્રણામ કરી દે. તેમની વાતમાં અને જબાનમાં ક્યારેક આગ ઝરતી તો ક્યારેક બંદૂકમાંથી ગોળીઓ છૂટે! એક વાર મેં તેમને પૂછ્યું કે, 'વેણીભાઈ, તમારી પાસે આ વાણીનો વૈભવ ક્યાંથી આવ્યો છે?' તો મને પાન ચાવતાં કહે કે, 'સુરેશભાઈ, મારી વાતમાં તો યાદ રાખવા જેવું કંઈ ન મળે પણ જો તમે મારા બાપાને બોલતાં એક વાર સાંભળ્યા હોય તો તમે આ વેણીભાઈને ભૂલી જાવ. તેમની વાતો પાસે હું તો સાવ નમાલો લાગું,' પછી તેમણે મને તેમના પિતાજીએ મુંબઈમાં પત્રકાર તરીકે કામ કરતા વેણીભાઈને

એક પોસ્ટકાર્ડ લખેલ તેની વાત કરેલ, વેણી, છાપામાં તો તું ગાડાં ભરીને લખે છે, પણ બાપને બે અક્ષર લખતાં તને કેમ ઝાટકા વાગે છે?"

સુરેશભાઈએ એક બીજી ખાસ વાત પણ વેણીભાઈ વિશે કહેલ કે, વેણીભાઈનો પરિવાર જામખંભાળિયાનો રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવાર. વેણીભાઈ વાળ કપાવીને વાળંદ પાસેથી આવે ત્યારે ઉંબરામાં જેવો પગ મૂકે એટલે તેમના પિતાશ્રી તેનું માથું પકડીને એક વાર જોઈ લે કે વેણીભાઈના માથા પર કોથમરીના ઝૂડા જેવી ચોટલી છે કે નહીં, પછી જ વેણીભાઈનો ગૃહપ્રવેશ થાય.

વેણીભાઈ ગીતકવિ હતા કે ગઝલકાર હતા તે કહેવું મારા જેવા માટે બહુ કઠિન છે. વેણીભાઈનાં ગીત તો અદ્ભુત! તેના ઉપાડ વિશે તો વાત જ શું કરવી?. એમનું ગીત વાંચતાંની સાથે જ આપણા કાનમાં ગીતના શબ્દ અત્તરની મહેક થઈને મહેંક્યા કરે, અને ગઝલ તો રાતદિવસ શરણાઈના સૂરની જેમ ગુંજ્યા કરે. સાચું કહું તો વેણીભાઈના ગીતમાં લય અને શબ્દની સરળતાને કારણે તેમનું ગીત શિવાલયનો ગર્ભદીપ થઈને પ્રગટતું તો ગઝલ મહેફિલનું ઝુમ્મર થઈને ઝળહળતું. ટૂંકમાં વેણીભાઈનાં ગીત અને ગઝલ એક નદીના બે કાંઠા થઈને ખળખળ વહેતાં! મહેફિલ અને મંદિર વચ્ચે તેમનાં ભજન આપણા મનને પ્રેમસેતુ બાંધી આપતાં.

વેણીભાઈ એક એવા ગીતકવિ હતા કે જે પોતાની વિદ્યાપીઠમાં ઘડાઈને તૈયાર થયેલા. વેણીભાઈ હંમેશાં કહેતા કે મિત્રો, મેં ક્યારેય રીતસરનો છંદનો અભ્યાસ કર્યો નથી, પણ કાનથી એટલો કેળવાયેલો છું કે લઘુગુરુના ગણિતમાં ગૂંચવાયા વગર મોજથી લખતો ગયો છું

વેણીભાઈનું વ્યક્તિત્વ એક મસ્ત ફકીર જેવું અને ગૃહસ્થી હિપ્પી સમું હતું. મહેફિલના આ માણસ મંચ પર બહુ ક્ષોભ પામતા. પોતાની જાત વિશે કહેતા કે 'હું તો શયનખંડની પ્રિયતમા, જાહેરમાં હાથ ન ઝાલું,' કવિ સંમેલનમાં કે મુશાયરામાં ક્ષોભને કારણ તેમનું કાવ્યપઠન મરી જતું, ફિક્કું પડી જતું. તેમની વાંચનશૈલીને કારણ સારામાં સારું ગીત કે પછી ઉત્તમ ગઝલ બીજા કવિ કે ગઝલકારો સામે ઝાંખાં સાબિત થતાં.

જમાનામાં ખાસ કરીને મુંબઈમાં યોજાતા કવિસંમેલનમાં સંચાલનનો દોર કવિ સુરેશ દલાલને હાથ રહેતો. કવિ સંમેલનમાં સંચાલન કરતી વખતે સુરેશભાઈ ઇચ્છતા કે કોઈ એકાદ કવિ સફળ થઈને કવિસંમેલન લૂંટી જાય કે કોઈ એકાદ કવિ સફળ થાય તેને બદલે આખો કાર્યક્રમ સફળ થાય તે માટે કવિને ઉષ્માપૂર્વક પરિચય સાથે રજૂ કરે. મુંબઈના એક કવિસંમેલન બાદ કવિમિત્રો અને યજમાન માટે ખાસ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. કવિમિત્રો સાથે ભોજન લેતા વેણીભાઈ સુરેશભાઈને કહે કે "અરે! સુરેશ, તેં તો આજે બહુ મોટી કમાલ કરી નાખી, કવિસંમેલનમાં અમુક કવિઓ જે દિશાએ જવાના લોટા સમા હતા તેને તો તેં સત્યનારાયણના કળશ તરીકે બાજઠ પર સ્થાપિત કરી દીધા!"

કવિ જગદીશ જોષી વિશે એક વાર મજાકમાં ને મજાકમાં અમને બહુ સરસ મજાની વાત કરેલ કે જગદીશ જોષી કૉલેજકાળમાં કવિતા લખતો હતો અને પછી પંદર વર્ષ ભણવા અમેરિકા ચાલ્યો ગયો તે દરમિયાન તેણે કવિતા લખવાનું માંડી વાળ્યું, પણ પાછા

ભારત આવીને તેણે જે ગીત કવિતા લખી તેની તો હું શું વાત કરું. કેવાં સરસ મજાનાં ગીતો અને અછાંદસ કાવ્યો લખ્યાં, ગદ્ય સૉનેટ સાથે ગઝલ પણ ઘણી લખી. "કવિતાની બાબતમાં જગદીશને મોડા મોડા છોકરા થયા અને પાછા સવાસુરિયાં થયા! જે પણ તેની ગઝલ વાંચે ત્યારે એમ થાય કે આ ગીત કવિએ ન લખવા જેવી ગઝલ લખી તેના કરતાં ગઝલ ન લખી હોત તો સારું થાત. ખરેખર સાચું કઉં તો તેણે ગઝલ લખવાનો મોહ જતો કરવો જોઈતો હતો."

જ્યારે આ દુનિયા છોડીને ચાલ્યા ગયા ત્યારે ઘાટકોપરની ગુરુકુળ વિદ્યાલયમાં તેમને અંજલિ આપવા એક શોકસભા રાખવામાં આવેલ ત્યારે વેણીભાઈને શ્રદ્ધાંજલિ આપતાં ચંદ્રકાન્ત બક્ષીએ કહ્યું હતું કે, "વેણીભાઈ તો અહીંયાં ફરવા આવ્યા હતા અને એ જ રફતારથી હરતાફરતા જિંદગી જીવી ગયા. કેવો મજાનો મુલાયમ મહેકતો માણસ હતો. આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે એમ કહેવું મને તો અતિશયોક્તિ લાગે છે, ઘણા માણસો આ જગતમાંથી ચાલ્યા જાય છે ત્યારે આપણને અફસોસ થાય કે આ માણસ કશું કર્યા વિના ચાલ્યો ગયો પણ વેણીભાઈનું જીવન જોઈને આપણને રુદન કરવાનું મન થાય કે આ માણસ એક માણસ તરીકે કેવું મૂલ્યવાન જીવન હસતાં ગાતાં આ મુંબઈ શહેરની ગીચ ભીડમાં જીવી ગયો"

આવા મોટા ગજાનો કવિ લોકચાહતમાંથી કયારેય ભુલાઈ ન જાય તે માટે કવિ વેણીભાઈના મૃત્ય બાદ મુંબઈ નગરપાલિકાએ કવિ શ્રી વેણીભાઈ પુરોહિત ઘાટકોપરમાં રાજાવાડી વિસ્તારમાં જ્યાં રહેતા હતા તે વિસ્તારમાં રાજાવાડી હૉસ્પિટલ આવેલ છે તેના ચોકમાં કવિ શ્રી વેણીભાઈ પુરોહિતનું સ્મારક બનાવી તે સ્થળને "સાહિત્યરત્ન શ્રી વેણીભાઈ પુરોહિત ચોક" નામ આપેલ છે. આ વાત મુંબઈમાં વસતા દરેક ગુજરાતી માટે એક ખુશીની વાત છે.

■

ઠરી જતા શિયાળાની
ઠંડીમાં
ઠૂંઠવાતાં તારાં પગલાંને
બહાર વિસ્તરેલા સ્નોમાંથી
કેટલીય વાર
ઘરમાં આણ્યાં'તાં...
હવે
એમને ક્યાં શોધું
આ ભરઉનાળે...?

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

# દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી - ૧૦ (દેરિદાનું ભાવજગત)

સુમન શાહ

Geoffrey Bennington (૧૯૫૬ - ) દેરિદાના મિત્ર છે. વયમાં 20 વર્ષ નાના. વિઘટન-ફિલસૂફીના નિષ્ણાત છે. દેરિદાના સમીક્ષક છે. એમણે દેરિદાની કેટલીક કૃતિઓના અંગ્રેજીમાં અનુવાદ કર્યા છે. દેરિદાવિષયક મરણોત્તર પરિસંવાદોનાં સમ્પાદન કર્યાં છે. અમેરિકામાં જ્યૉર્જિયાની એમરિ યુનિવર્સિટીમાં ફ્રેન્ચ અને કમ્પેરેટિવ લિટરેચરના પ્રૉફેસર છે.

દેરિદાનું 2004માં અવસાન થયું હતું. 40થી પણ વધુ વર્ષ દરમ્યાન આપેલાં વ્યાખ્યાનો અને પરિસંવાદો માટેની નોંધો વગેરે હસ્તપ્રતોનો તેઓ 14000 પાનાંનો ભંડાર મૂકી ગયેલા. મુખ્યત્વે ફ્રેન્ચમાં લખાયેલી એ હસ્તપ્રતોની સંખ્યા, કહેવાય છે કે એમનાં પ્રકાશિત ગ્રન્થોની સંખ્યાથી મોટી હતી. એ મૂલ્યવાન વારસાની જાળવણી તેમજ વિસ્તૃતિ માટે અંગ્રેજીમાં અનુવાદો અને સમ્પાદનો થવાં જરૂરી હતાં.

Derrida Seminars Translation Project (DSTP) પ્રકલ્પના બેનિન્ગટન મુખ્ય સહયોગી હતા. એ ભગીરથ કાર્ય હાથ ધરીને એમણે પેગી કામુફ વગેરેના સાથમાં અનુવાદો અને સમ્પાદનો કર્યાં હતાં. યુનિવર્સિટી ઑફ શિકાગો પ્રેસ દ્વારા પ્રકાશિત એ શ્રેણીનાં કેટલાંક વૉલ્યુમ્સ આ પ્રમાણે છે : The Beast and the Sovereign (Vols. I & II), The Death Penalty (Vols. I & II), Life Death, Theory and Practice, Perjury and Pardon (Vols. I & II), Hospitality (Vols. I & II).

સમજાશે કે આ માત્ર અનુવાદન કે સમ્પાદન નથી પરન્તુ દેરિદા-શેષનું પ્રકાશન છે. સૌના સાથમાં કામ કરવાનું હોય, લેખનના મૂળ સત્ત્વ-તત્ત્વને જાળવવાનું હોય, અને ત્યારે પ્રયોજાયેલા બૌદ્ધિક શ્રમની કલ્પના કરવી મુશ્કેલ નથી. એ ક્ષણોમાં દેરિદા કેવુંક વિચારતા હશે તેની કલ્પના કરવા માટેની આ સમુપકારક અવકાશ પણ છે.

બેનિન્ગટનનાં દેરિદાવિષયક અનેક ગ્રન્થો પણ એટલા જ મહત્ત્વના છે. એમાંના ત્રણ ગ્રન્થોની મદદથી દેરિદાને સમજીએઃ Jacques Derrida (૧૯૯૦), Not Half No End: Militantly Melancholic Essays in Memory of Jacques Derrida (૨૦૧૦), Interrupting Derrida ( ).

Jacques Derrida:

આ પુસ્તકના બે લેખકો છેઃ એક તો બેનિન્ગટન પોતે અને બીજા દેરિદા. પુસ્તકની ભાત સમજવા જેવી છે. દરેક પાનનો ઉપલો ભાગ બેનિન્ગટનનો છે. એનું શીર્ષક છે, Derridabase. એમાં દેરિદાના કાર્યની પદ્ધતિપૂર્વક સમજૂતી આપવામાં આવી છે. નીચેનો ભાગ દેરિદાનો છે. એનું શીર્ષક છે, Circumfession. એ ભાગ આત્મકથનાત્મક ચિન્તનનો છે. એમાં બેનિન્ગટને કરેલા પદ્ધતિકરણનો દેરિદા પ્રતિકાર કરે છે એટલું જ નહીં databaseના વિચાર માત્રને પડકારે છે.

Derridabase --

શીર્ષક સૂચવે છે એમ દેરિદા-વિચારને ભૂમિકામાં રાખીને બેનિન્ગટને લૉગોસૅન્ટ્રિઝમ, ડિફરઆન્સ, હ્યુસેર્લ અને પ્રતિભાસવિજ્ઞાનની સમીક્ષા, અધિભૌતિકવાદનો આગ્રહ, વગેરે દેરિદાએ ચર્ચેલા મુદ્દાઓની ઠીક ઠીક છણાવટ કરી છે. (આ બધા જ મુદ્દાઓની ચર્ચા મેં અગાઉના લેખોમાં કરી છે.) તેમ છતાં, કેટલાંક નિરૂપણો સમજવા જેવાં છેઃ

દેરિદાએ ભાષામાં વ્યક્તિઓ માટે પ્રયોજાતાં સામાન્ય નામોને પણ ભાષા પરત્વે મહત્ત્વનાં ગણ્યાં છે. દાખલા તરીકે, 'સુમનચન્દ્ર' નામ આમ જ પ્રયોજાયું હોય, પણ 'સુમન' અને 'ચન્દ્ર' તફાવત અને અર્થવિલમ્બનની લાક્ષણિકતાથી મુક્ત નથી હોતા.

બેનિન્ગટને દેરિદાની Signature અને Event વિભાવના સમજાવી છે. દેરિદા signatureનું -સહીનું- વિશ્લેષણ કરે છે. કહે છે કે સહીથી ઉપસ્થિતિ અને ઓળખની ખાતરી થાય છે, પણ સાથોસાથ, એક શરત પણ ઊભી થાય છે કે એનું પુનરાવર્તન થઈ શકવું જોઈશે. વળી, અનુપસ્થિતને પણ ધ્યાને લેવું પડશે. અહીં દેરિદાની presense અને absenceની વિભાવના પણ જોડાયેલી છે. જાણીતું છે કે મેળવેલી સહીના કાર્ય - function - વખતે સહી કરનાર હાજર હોય એ જરૂરી નથી.

આનો વ્યાપક વિભાવના event સાથે સમ્બન્ધ છે. જુઓ, સહી માત્રલીટો નથી પણ એક ક્રિયા છે, જેટલી વાર સહી કરાય એટલી વાર એ ક્રિયા સંભવે છે. બીજા શબ્દોમાં કહેવાય કે દરેક વખતે એ એક ઘટના હોય છે. કોઈ વ્યક્તિ સહી કરે એ પહેલાં ધારી નથી શકાતું કે એનાં આંગળાં એની પેનને કઈ દિશામાં ઘુમાવશે. આપણે એની અપેક્ષા રાખી ન હોય, કશી પ્રસિદ્ધ કોટિ પણ કલ્પી ન હોય, એવો એ સ્વાયત્ત આવિષ્કાર છે. જેમ કોઈ ઐતિહાસિક વળાંકને અગાઉની કોટિઓમાં ઢાળીને ઘટાડી શકાતો નથી એ જ રીતે સહીની ઘટનાને પણ ઘટાડી શકાતી નથી. સહી જડ ચિહ્ન નથી પણ ગતિમણ્ત ઘટના છે.

બેનિન્ગટન વિભિન્ન સંદર્ભોમાં અર્થની પુનરાવર્તનક્ષમતા વિશે દેરિદાનું સ્મરણ કરે છે. દેરિદા પોતાની એ context અને iterability વિભાવના વિશે કહે છે કે કોઈપણ સંજ્ઞાને સંજ્ઞા રૂપે કાર્યકર બનાવવી હોય, તો પહેલી શરત એ છે કે તે ફરી ફરી પ્રયોજી શકાય એવી - iterable - હોવી જોઈએ; એટલું જ નહીં, મૂળ સંદર્ભ - context - અનુપસ્થિત હોય તો પણ એ પુનરાવર્તનક્ષમ હોવી જોઈએ. શબ્દનો અર્થ જો એક જ વાર થઈ શકે એવો હોય, તો એ તો બંધ દશા થઈ! સંજ્ઞાની પુનરાવર્તનક્ષમતા એટલે શું? એક વાર બોલી લીધા પછી બીજી વાર બોલી શકીએ એ એનું અન્તર્નિહિત સામર્થ્ય. અમુક સંજોગોમાં ઉચ્ચારાયેલો શબ્દપ્રયોગ એની પૂર્વેના traces ધરાવતો હોય છે પણ

સાથોસાથ નવા સંજોગો માટે એટલો જ ખુલ્લો હોય છે. તાત્પર્ય, હરેક પુનરાવર્તન વખતે સંદર્ભ નમનીય રહે છે.

જુઓ ને, કર્તા અવસાન પામ્યો હોય, મૂળ સ્થિતિસંજોગ પણ ન રહ્યા હોય, પણ સંજ્ઞાઓ તો ઊભી જ હોય છે, અને અન્યો એનાં અર્થઘટન કરીને એને સમજી શકે છે અથવા અનર્થઘટન કરીને ગેરસમજ પણ કરી શકે છે. પરમ્પરાગત માન્યતા એવી કે તમને જો સંદર્ભની પાકી ખબર હોય તો અર્થને ઝટ પકડી શકો, બધું ગળે ઊતરી જાય, સરળતાથી સંક્રમણ થઈ જાય. દેરિદા એ માન્યતાને પડકારે છે -- એમ કહીને કે સંદર્ભ કદી બંધ હોતો નથી અથવા એવો સભર હોતો નથી કે એમાં નવું કશું મુકાય કે ઉમેરાય જ નહીં. અને એવી સ્થિતિસ્થાપકતાને કારણે પુનરાવર્તન અને પુનઃસંક્રમણની શક્યતાઓ પણ સદા ખુલ્લી રહે છે. જોકે એ યાદ રાખવું જોઈશે અર્થઘટનનું સમજનું અનર્થઘટનનું કે ગેરસમજનું જોખમ હમેશાં રહે છે. એ જોખમના નિવારણ માટે ય અર્થઘટન જ કરવું પડશે!

જીવનની પ્રત્યેક ક્ષણ અર્થઘટન માગે છે. એથી પણ સૂચવાય છે કે સંદર્ભો અને પુનરાવર્તનો વચ્ચે હમેશાં એક સમુપકારક અવકાશ હોય છે.

Circumfession --

આ ભાગમાં દેરિદાએ કરેલી પોતાના જીવનની અંગત વાતો વધારે રસપ્રદ છે. તેઓ મનુષ્યજીવન અને ચિન્તન વિશે વાત કરે છે પણ સાવ કાવ્યાત્મક રીતિએ. આ ભાગનું લેખન સળંગસૂત્રતાથી વિરુદ્ધનું રસળતું અને શકલોમાં છે. એમાં પોતાના જીવન વિશે વાત કરતાં એમણે બીમાર માતાના અવસાનથી થયેલી પીડા અને સંભવેલા વિષાદની તેમજ યહૂદી-વારસાની પણ નિરૂપણા કરી છે.

યહૂદી ધર્મ અનુસાર brit milah નામની સુનન્તની વિધિ તે, circumcision. અને confession એટલે પોતાની ઓળખની જાહેરમાં કબૂલાત. શબ્દ અને ઓળખની યુતિ અવિશ્લેષ્ય હોય છે -યહૂદી તે સુન્ની! એ ભાવસંકેત પરમ્પરાગત તર્કથી વ્યક્ત ન થઈ શકે એ કારણે દેરિદાએ અસરકારક નવ્ય તર્ક - neologism - પ્રયોજીને બન્ને શબ્દને ભેગા કરી ત્રીજો જ શબ્દ બનાવ્યો, circumfession. એ પ્રતીકાત્મક શબ્દ છે, એમાં કબૂલાત અને સુન્નત ઉપરાન્તનાં અન્ય નિશાનો અને તેના સંકેતાર્થો છે. કહી શકાય કે એ રીતે દેરિદાએ યહૂદી વારસાને ફિલસૂફની રીતે વિશ્વ સમક્ષ કબૂલ્યો છે, પ્રકાશિત કર્યો છે.

આ વિધિને વ્યક્તિ અને ઈશ્વર વચ્ચેના પવિત્ર કરાર રૂપે પણ જોવામાં આવે છે - એમ કે યહૂદી ધર્મ અનુસારનું જીવન ગુજારનારની ઈશ્વર રક્ષા કરશે, કલ્યાણ કરશે. દેરિદા વિચારે છે કે સુન્નત ઉપરાન્તનાં નિશાન તેમજ કરાર સર્વસામાન્યપણે કેવાક સ્વરૂપે કાર્યકર થતાં હોય છે. દેરિદાએ પ્રશ્ન કર્યો છે કે એકમેવ અર્થ આપી શકે એવાં એ નિયત અને સ્થિર છે ખરાં -? એમનું તાત્પર્ય એ છે કે વ્યક્તિ ધર્માનુસારી જીવે કે ન પણ જીવે, રક્ષા કે કલ્યાણ થાય કે ન પણ થાય, પણ કરાર એ પ્રકારનું ખુલ્લાપણું ધરાવે છે, અને માત્રસંભાવ્યનો સંકેત આપે છે.

પુસ્તકના દેરિદા-ભાગનાં એ પાનાં આત્મકથનાત્મક છે. પોતાના શરીર પરના એ નિશાનને તેઓ exemplary counterscar કહે છે - ઉદાહરણરૂપ કાપ અથવા છેદ.

એમને થાય છે કે પોતાની ઓળખ સાથે એ છેદ અનુબન્ધિત છે, અવિશ્લેષ્ય છે. છતાં એ પૂરેપૂરી ઓળખ નથી. લેખન પણ જાતને ખુલ્લી કરવાની પણ સદા અધૂરી રહેનારી પ્રવૃત્તિ છે કેમકે લેખનથી જાત વિશે કહેવાય છે ઘણું પણ બાકી ય ઘણું રહી જાય છે. સત્ય સુધી પ્હોંચી શકાતું નથી કેમકે પૂર્ણતઃ વિરામ લાવી શકાતો નથી, ઊલટું એ કે લેખન અર્થને શકલોમાં રજૂ કરે છે - જે રીતે પેલો છેદ ઓળખનું નિશાન જરૂર છે, પરન્તુ ઓળખને પૂર્ણપણે રજૂ નથી કરી શકતો. છેદની ક્રિયાથી જે બાદ થઈ જાય છે, જેનો નિકાલ થઈ જાય છે, તેને દેરિદા હાનિ ગણે છે. જોકે એ હાનિને તેઓ વિધાયક દૃષ્ટિથી જુએ છે - એમ કે છેદથી જે અંકિત થયું અને સાથોસાથ જેનો નિકાલ થયો એ બન્નેનું મૂલ્ય સરખે સરખું છે. તેઓ કહે છે કે બધું સમાસિત કરવાના પ્રયાસ પછીયે થયેલા cut offને અને તજ્જન્ય lossને વિઘટનકાર ધ્યાનમાં લેતો હોય છે.

વિવિધ સંકેતો, ઓળખ, અને સ્મૃતિનાં સ્વરૂપ વિશેની ફિલસૂફીવિષયક નિસબતના સંદર્ભમાં દેરિદાએ brit milah વિધિવિધાનને એક નક્કર દૃષ્ટાન્ત રૂપે ઘટાવ્યું. તેથી પરોક્ષપણે સૂચવાયું કે અર્થ પણ અંકિત થાય છે, એને વિશે પણ વૈચારિક આદાનપ્રદાન થાય છે, તેમ છતાં, પુનઃઅર્થઘટન અને અણધાર્યા સંજોગો પરત્વે અર્થ સદા ખુલ્લો રહે છે.

પુસ્તકનો એ ભાગ એમ પણ સૂચવે છે કે આ માણસ, દેરિદા, જીવનને ફિલસૂફની તર્કતીક્ષ્ણ દૃષ્ટિમતિએ અવલોકે છે પરન્તુ ફિલસૂફીને જીવનની ભાવભીની દૃષ્ટિએ જુએ પણ છે. એ પરસ્પરોપકારી અભિગમોને કારણે દેરિદા એક અનોખી વ્યક્તિમત્તા રૂપે અનુભવાય છે.

Not Half No End: Militantly Melancholic Essays in Memory of Jacques Derrida (૨૦૧૦) --

આ ગ્રન્થ વર્ષ 2004માં થયેલા દેરિદાના અવસાન પછી બેનિન્ગટને પ્રસંગોપાત્ત લખેલા લેખો અને આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. બેનિન્ગટને એ પ્રાસંગિક સામગ્રીને સંસ્કારી છે અને શોકાયિત દેરિદાના લાક્ષણિક સૂત્રથી ગૂંથીને ગ્રન્થને એક આકાર આપ્યો છે. ઉપરાન્ત, વિઘટનશીલ ફિલસૂફી સાથે સંકળાયેલી વિભાવનાઓનો પરિચય પણ કરાવ્યો છે.

ગ્રન્થમાં ફિલસૂફ દેરિદાનું એ જ ભાવભીનું વ્યક્તિત્વ જોવા મળે છે. દેરિદા જીવન મૃત્યુ શોક વિલાપ કે વિષાદ જેવી અકાટ્ય બાબતો વિશેના મનોમન્થનથી વ્યથિત રહેતા હતા. એમણે રોલાં બાર્થથી માંડીને પૉલ દ માન, ઇમાન્યુએલ લેવિનાસ, મિશેલ ફૂકો વગેરે અનેક મિત્રો કે સમકાલીનો સાથેનાં સ્મરણો અને તેમનાં મૃત્યુથી પ્રભવેલા વિષાદ સંદર્ભે પ્રવચનો અને ભાવાંજલિરૂપ લેખન કરેલાં.

દેરિદાનો આ વિષયસંલગ્ન એક વિભાવ છે, half-mourning (in French: demi-deuil). બેનિન્ગટને પુસ્તકના શીર્ષકમાં જ Not Half No End શબ્દો પ્રયોજીને તેનો ઇશારો કરી દીધો છે. એ શબ્દો સૂચવે છે કે દેરિદા અનુસાર, શોક, નથી તો અરધો - not half- કે નથી તો અન્તિમ -no end. મૃતકને વિશેનો કે કશાપણ loss-ને વિશેનો શોક કે વિલાપ નિરન્તર ચાલુ રહે છે, એનો પૂર્ણતઃ વિરામ કે એની સર્વસમાપ્તિ અસંભવિત છે. બેનિન્ગટન ઉમેરે છે કે વિષાદ સુદૃઢ છે - militant - અને

શોક તેમજ loss વિશેના દેરિદાના વિચારો પણ એવા જ છે. તેઓ જણાવે છે કે એથી પોતામાં સંકલ્પ જનમ્યો હતો કે દેરિદાનાં સ્મરણો અને કાર્યો સાથે પોતે સદા જોડાયેલા રહેશે, કશો અન્તિમ ઉકેલ શોધીને ઇતિ સિદ્ધમ્ કરીને બેસી નહીં જાય.

સુદૃઢ વિષાદ વ્યક્તિને મૃતકનાં સ્મરણો સાથે સદા જોડી રાખે છે. એ એવી ઢીલીપોચી લાગણી નથી કે માણસ પાછો પડીને નિરાશ થઈ જાય. એથી વ્યક્તિ દુઃખદ પરિસ્થિતિને તાબે નથી થઈ જતી બલકે એની સામે ઝઝૂમે છે, શોક કે હતાશાને જીતવાનું એનામાં જોમ જાગે છે. શોકના પૂર્ણતયા વિરામનો - closureનો - પ્રતિકાર કરવો, એ સર્વસમાપ્તિને પડકારવી, એ વ્યક્તિનો ધર્મ બની જાય છે, એથી એને એમ પણ સમજાય છે કે શોક ભલે એક પ્રક્રિયા રૂપે સદા અધૂરોપધૂરો જ રહે. બધું પતી ગયું એવો સમાપ્તિભાવ નહીં પણ મૃતકને યાદ વડે માન આપવાનું કાયમ બાકીનું બાકી છે એવા એક જુદા જ ભાવનો વ્યક્તિમાં ઉદય થાય છે. ખરેખર તો શોકાયિત વ્યક્તિનું ચિત્ત અને તેનું હૃદય બન્ને સંઘર્ષ અનુભવે છે પણ એનાથી મૃતક તો હમેશાં જિવાયા કરે છે.

શોક વિલાપ કે વિષાદ વિશેના દેરિદાના અંગત અનુભવો એમની ફિલસૂફીમાં પ્રતિબિમ્બિત થયા છે. તેઓ માને છે કે અંગતતા અને ફિલસૂફી એકબીજા સાથે જોડાયેલાં છે. દેરિદાએ અહીં દર્શાવ્યું છે કે ઓળખ પ્રવાહી છે, સતત પ્રવહમાણ રહે છે. ભૂતકાલીન સમ્બન્ધો વ્યક્તિના વર્તમાનને પ્રભાવિત કરે છે. સ્મરણો કે શોકના અનુભવો એને બદલાવા માટે પ્રેરે છે અને ઘડે છે પણ ખરા. વાતનો સાર એ છે કે વ્યક્તિની ઓળખ એક સંકુલ અને ઉત્ક્રાન્ત થયા કરતો પદાર્થ છે.

Not Half No End શબ્દગુચ્છ બેવડી 'ના' સૂચવે છેઃ પૂરા હૃદયભાવ વિનાના અધૂરા જોડાણ માટે ના પાડવી અને છેવટના નિશ્ચિત પૂર્ણતયા વિરામની પણ ના પાડવી. આ બેવડો નકાર દેરિદા-પદ્ધતિ દર્શાવે છે - અન્તહીન અર્થવિલમ્બન અને પૂરો સરવાળો કહેવાય એવા નર્યા ઉપસંહારનો નકાર.

શીર્ષકનું હાર્દ એમ છે કે શોક અન્તિમ ક્રિયા નથી, પણ સન્તત પ્રક્રિયા છે, શોક સાથે આંતરે આંતરે જોડાયેલા રહેવાનો મનોભાવ અને સ્મરણો વચ્ચેની, એ એક આન્તરલીલા છે. શીર્ષક એમ પણ કહે છે કે દેરિદાનાં સ્મરણ અને એમના વિચારો સાથેનાં જોડાણ, નથી આંશિક કે નથી પૂરાં, પણ નિત્યનાં છે. એટલે સમજાય છે કે શોક અને સ્મરણો સાથે લડાયક વૃત્તિથી નહીં પણ કશા ય સમાધાન વિનાના સુદૃઢ ભાવે જોડાયેલા રહેવું જરૂરી છે.

આ લેખો દ્વારા બેનિન્ગટન એમ પણ સૂચવે છે કે દેરિદા-વિચાર એક બૌદ્ધિક પ્રકલ્પ છે, પણ એની સાથે સ્વસ્થતાપૂર્વક જોડાયેલા રહીને આપણે કોઈપણ નૈરાશ્યને પડકારીએ. બેનિન્ગટનની દૃષ્ટિએ એવું વર્તન એક નીતિવિષયક જરૂરિયાત પણ છે. આ લેખો interrupted teleology દર્શાવે છે. વીગતે સમજીએ : telos એટલે પ્રયોજન, ધ્યેય, હેતુ - જેમકે, હૃદય રુધિરાભિસરણના હેતુથી ધબકે છે - બીજનિક્ષેપ વૃક્ષના પ્રયોજનાર્થે છે. ઍરિસ્ટોટલ અનુસાર, વસ્તુ જે કાજે સરજાઇ હોય, એ મૂળ પ્રયોજન કે હેતુ હમેશાં અન્તર્નિહિત હોય છે. નીતિશાસ્ત્ર અનુસાર, પ્રાકૃતિક જીવનશૈલી, સુખ અને આનન્દ માનવજીવનનાં મુખ્ય પ્રયોજન છે. teleology એટલે માનવીય પ્રયત્નો પાછળના હેતુનું અધ્યયન કે શાસ્ત્ર.

પરન્તુ interruptedનો સાદો અર્થ એ કે હેતુની દિશા તરફની કુદરતી ગતિનો અવરોધ. interrupted teleology એટલે એક એવી પ્રક્રિયા જે અમુક હેતુને અવરોધે છે.

મૃત્યુથી પ્રગટેલા શોકાનુભવના કુદરતી વેગને ખાળવાનું સૂચવતો આ શબ્દગુચ્છ દેરિદા-વિચારમાં બરાબર રસાઈ ગયેલો છે, અને બેનિન્ગટનના આ લેખો એને સવિશેષે પ્રકાશિત કરે છે. પરમ્પરાગત સમજ અનુસારનું હેતુશાસ્ત્ર એમ કહે છે કે શોક એક સમયે તો શમી જશે, દુઃખ સમાપ્ત થઈ જશે, અને વ્યક્તિ પણ સમાધાન પામીને રાગે પડી જશે. આપણે ત્યાં, સ્મશાનેથી પાછા ફરતા ડાઘુઓ બોલતા - ત્રીજે દા'ડે ટાઢી વળી જશે. ઘરે પ્હોંચતા સુધીમાં તો એ કહેતીને પણ ભૂલી જતા.

| ૨૧૨. | હેમન્ત દવે | જાન્યુ. ૪૧-૫૧ |
| ૨૧૩. | હેમંત ધોરડા | જાન્યુ. ૮ |

■

તળાવને તળિયે
પર્ણોની
આડાઅવળા
રંગરંગની
બિછાવેલી
નિષ્કંપ જાજમ.
તળાવની સપાટી પર
વાયરાથી વહેતી સળવળતી
સોનેરી માછલી
ને એની સાથે
ગોઠડી કરવા
સૂર્યના સહચારે
ઝૂકી આવતું આખું વ્યોમ.
અચલ પર્ણો
સળવળતા પ્રાણ
અંતરિયાળ
આમતેમ છલબલતું
સૂર્યકિરણને ભીંજવ્યાના
અનેરા આનંદમાં
હિલોળા લેતું પાણી.

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

**વર્ષ : ૨૦૨૨–૨૦૨૩–૨૦૨૪–૨૦૨૫**

એમ ચાર વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને ૨૫-૨-૨૦૨૬ સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

૧. **શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨. **શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩. **શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૪. **શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૫. **શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૬. **શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા શિક્ષણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૭. **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સમાજ, શિક્ષણ વગેરે વિશેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૮. **શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૯. **શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૦. **શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૧. **શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક(કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૨. **શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૩. **શ્રી નટવરલાલ માળવી પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૪. **શ્રી ઉશનસ્ પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૫. **શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૬. **શ્રી મહેન્દ્ર ભગત પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા એકાંકી/નાટકસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૭. **શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૮. **શ્રી સદ્‌વિચાર પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૯. **શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૦. **શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૧. **શ્રી રમણલાલ સોની (બાળ-કિશોરસાહિત્ય) પારિતોષિક :** ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૨. **શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને કવયિત્રી-રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૩. **ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે. એમ બે પારિતોષિક આપવાનાં રહેશે.

૨૪. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૫. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૬. **શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૭. **શ્રી દોલત ભટ્ટ પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૮. **શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ નવલકથાને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૯. **શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૦. કવિ**શ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૧. **શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૨. **શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૩. **શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૪. **સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન'** : ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૫. **શ્રી બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક :** આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.

૩૬. **ગુજરાત દર્પણ પારિતોષિક :** (દરિયાપારના સાહિત્યકારો માટે) ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નવલકથાના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૭. **ધનરાજ કોઠારી પારિતોષિક :** પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે.

૩૮. **શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યાપ્રેરિત પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે :** ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક.

૩૯. **ચિ. શિ. ત્રિવેદીપ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે :** ('પરબ' પ્રકાશિત) વર્ષ દીઠ શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક.

૪૦. **શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે :** ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક.

૪૧. **શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે :** ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક.

૪૨. **શ્રી મોહનલાલ દવે 'જીવનપ્રકાશ' પારિતોષિક વર્ષ ૨૦૨૪-૨૫-૨૬ માટે : (ગ્રંથાવલોકન/ગ્રંથસમીક્ષા)**

■

આપણને
જે ભાષામાં સપનાં આવે
એ
આપણી માતૃભાષા.
મને
હજીય ફિલાડેલ્ફીઆમાં
સપનાં
ગુજરાતીમાં આવે છે.
પણ
મારી આસપાસના
ગુજરાતીઓ
ઉમાશંકરની છબિ જોઈને
સતત પૂછ્યા કરે છે :
'આ કોની છબિ છે ?'

અને
મારું સપનું નંદવાઈ જાય છે.
(સપનાંનાં હૈયાંને નંદવામાં વાર શી?

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

## સાભાર–સ્વીકાર

- **કવિતા :**

**શાશ્વત સુખ** : ગુરુદેવ પ્રજાપતિ, બીજલ પ્રકાશન, ૧૦૩, યોગીસૃષ્ટિ ઍપાર્ટમેન્ટ, વહાણવટી માતાના મંદિર પાસે, ઓઢવપુરા રોડ, ઇલોરાપાર્ક, વડોદરા. ૨૦૨૨. ડે. પૃ ૧૦૩. રૂ. ૯૯. ૪૭ હાઈકુનો સંગ્રહ. * **હૃદયગીતાનિ** : પુષ્પા ભટ્ટ, ૧૮ શિવશક્તિ સોસાયટી, વિભાગ-૨, નાની રત્નાકર માતા રોડ કપડવંજ,૨૦૨૫. ડે. પૃ.૬૧.રૂ.૧૫૦. ૩૯ સંસ્કૃત કાવ્યોનો સંગ્રહ.

- **નવલકથા :**

**જર જમીન ને જોરૂ** : શીતલ માલાણી ‘શ્રી રાગ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૨૪. ડબલ,ડે. પૃ.૪૯૩. રૂ.૪૫૦.નવલકથા

- **ટૂંકી વાર્તાસંગ્રહ :**

**કથિત અકથિત** : ભારતી રાણે, ઝેન ઓપ્સ, ૨૦૨૫. ડે. પૃ. ૭૮, રૂ. ૨૦૦, ૧૩ વાર્તાઓનો સંગ્રહ.

- **કોશ :**

**વિરુદ્ધાર્થી શબ્દો** : ગુરુદેવ પ્રજાપતિ, ડિવાઇન પબ્લિકેશન અમદાવાદ-૦૨૫. ડે. પૃ. ૪૦, રૂ, ૮૦, ગુજરાતી વ્યાકરણ.

- **અનુવાદ :**

**શ્રી અરવિંદની યોગપદ્ધતિ અને પાતંજલ યોગ** : આચાર્ય અભયદેવ, અનુ. ડૉ. પુષ્પા ભટ્ટ, ૨૦૨૫. ડે. પૃ. ૩૮, રૂ. ૩૦, યોગ વિશે.

■

તમે પાંખો કાપી ને આભ અકબંધ રાખ્યું,
ને એનું તે નામ તમે સંબંધ રાખ્યું.

મારા સઘળાં દુવારને કરી દીધાં બંધ,
ને આમ તમે આંખોને કરી દીધી અંધ.
તમે કાંટાળા થોરનો આપ્યો મને સ્પર્શ,
ને એનું તે નામ તમે સુગંધ રાખ્યું.

હું તો વહેણમાં તણાઈ મને કાંઠો નથી,
ને આપણા સંબંધની કોઈ ગાંઠો નથી.
અછાંદસ જેવો છે આપણો આ પંથ,
ને એનું તે નામ તમે છંદ રાખ્યું.

–પન્ના નાયક,
‘વિદેશિની’ માંથી

ઈતુભાઈ કુરકુટિયા

### શ્રી સુરેશ હ. જોષી વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત 'શ્રી સુરેશ હ. જોષી વ્યાખ્યાનમાળા'ના છઠ્ઠા મણકા અંતર્ગત લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી સુમન શાહે 'સાહિત્યિક વિચાર પરામર્શ–એક કટોકટી – વિષય ઉપર તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ વડોદરાના આર્ક ફાઉન્ડેશન ખાતે વક્તવ્ય આપ્યું હતું. પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. તેમજ પરિષદ દ્વારા થઈ રહલાં ભગીરથ કાર્યોને લઈને આનંદ વ્યક્ત કર્યો હતો. વિશ્વવિખ્યાત કલાકાર ગુલામમોહમ્મદ શેખે પ્રાસંગિક વક્તવ્ય આપી સુરેશ જોષી સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. પરિષદના પ્રસારમંત્રી અને કાર્યક્રમના સંચાલકશ્રી ભરત મહેતાએ સુમન શાહની સાહિત્યક પ્રવૃત્તિઓનો ટૂંકો પણ રસપ્રદ પરિચય કરાવીને આવશ્યક ભૂમિકા બાંધી આપેલી.

સુમન શાહે 'પ્રશિષ્ટ તર્ક' અને 'નવ્ય તર્ક' જેવી સંજ્ઞાઓનું વિવરણ કરી, સાહિત્ય વિવેચન, ભાવન તથા પરામર્શનમાં પ્રવર્તતી કટોકટીની વિશદ ચર્ચા પોતાની આગવી શૈલીમાં કરી હતી. સાથોસાથ સાહિત્યક વાતાવરણને ઘડનારાં પરિબળોની વાત અને કટોકટીનો ઉકેલ શો હોઈ શકે? એવા પ્રશ્નોનો ઉકેલ બતાવતો વિમર્શ પણ એમણે વક્તવ્યમાં આવરી લીધેલો. વક્તવ્યને અંતે પ્રશ્નોત્તરી થઈ હતી. ત્યારબાદ પ્રો. ભરત મહેતા દ્વારા આભારવિધિ કરવમાં આવી હતી.

### ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત દિવાળી બાળશિબિર : આનંદ અને સર્વાંગી વિકાસનો સંગમ

ગુજરાતી સાહિત્ય પરિષદના નેજા હેઠળ 'પ્રયાસ'ના સહયોગથી 'શ્રીમતી રાધિકા શિરીષ પરીખ' બાળ-કિશોર સાંસ્કૃતિકભવન ખાતે સરદાર જયંતીના દિવસે ત્રણદિવસીય તા. ૩૧ ઑક્ટોબર, ૧ અને ૨ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન દિવાળી બાળશિબિર યોજાઈ. આ શિબિરમાં ૮ થી ૧૩ વર્ષનાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો,

શિબિરની શરૂઆત બપોરે ૧૨થી ૧ દરમિયાન પરિચયસત્રો અને આગામી દિવસના આયોજનની ચર્ચાથી થતી હતી. ત્યાર બાદ ૧થી ૨ વાગ્યાના સમયમાં બાળકોએ વિવિધ ઇનડૉર રમતોનો આનંદ માણ્યો, બપોરે ૨થી ૪ વાગ્યાનો સમય જ્ઞાન અને મૂલ્યવર્ધન માટે અનામત રખાયો હતો, જેમાં જીવનચરિત્ર વાંચન(વાંચનપ્રવૃત્તિ) દ્વારા મહાનુભાવોના જીવનમાંથી પ્રેરણા મેળવવામાં આવી. ખાસ કરીને ૪થી ૫માં બાળકોને નાની નાની બાબતોમાં આત્મનિર્ભર બનવાનો પાઠ શીખવ્યો. દિવસનો અંત ૫થી ૬ વાગ્યે પરિષદના પ્રાંગણમાં બહારની રમતો અને શારીરિક પ્રવૃત્તિઓ સાથે થતો હતો. આ ઉપરાંત સમગ્ર શિબિર દરમિયાન બાળકોને લાઇબ્રેરીની મુલાકાત પણ કરાવવામાં આવી હતી, આ

શિબિરની સફળતામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું આ પગલું બાળવિકાસ ક્ષેત્રે એક પ્રેરણાદાયી અને સાર્થક ઉદાહરણ પૂરું પાડે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ આ સમગ્ર શિબિરની રૂપરેખા તૈયાર કરવાથી લઈને તેના સફળ સંચાલન સુધી સક્રિય યોગદાન આપવા બદલ 'પ્રયાસ' પરિવારનો વિશેષ આભાર માને છે.

**હેમાંગ રાવલ** : સંયોજક, **હાર્દિ ભટ્ટ** : સહસંયોજક

## કવિ કાન્ત વિશેની ફિલ્મ

તા. ૨૦-૧૧-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦થી ૭-૩૦ દરમિયાન રા. વિ. પાઠક સભાગૃહમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કવિ કાન્તને એમના જન્મદિવસે યાદ કરવાની એક સુંદર રીત જેમાં ગુજરાતી સાહિત્યના અપૂર્વ સર્જક કવિ કાન્તના સ્મરણોત્સવમાં શ્રી જય ખોલિયા દિગ્દર્શિત 'કવિ કાન્ત' ફિલ્મનું દર્શન કરાવ્યું હતું. જેમાં સતીશ વ્યાસ, જય ખેલિયા, અજય રાવલ, પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદી, પરિષદના મહામંત્રી સમીર ભટ્ટ, પ્રકાશ ન. શાહ વગેરેએ આ ફિલ્મની વિશેષતા ચીંધી આપી હતી.

## શ્રી જોરાવરસિંહ જાદવને સ્મરણ-વંદના

ગુજરાતના સુખ્યાત લોકસાહિત્યવિદ અને સંગીત-નાટક અકાદમી, દિલ્હીના ઉપપ્રમુખ જોરાવરસિંહ જાદવનું તા.૭-૧૧-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયું છે. એમની સ્મરણવંદના તા. ૨૧-૧૧-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં રાખવામાં આવી હતી. જેમાં સર્વશ્રી રઘુવીર ચોધરી, શ્રી અરવિંદ બારોટ, પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીએ અને શ્રી જોરાવરસિંહ જાદવના સ્વજનો જોરાવરસિંહ જાદવના પુત્રી સુપ્રિયા, જોરાવરસિંહ જાદવની પુત્ર નરેન્દ્રસિંહ જાદવ. જોરાવરસિહ જાદવનો સ્વજન જિતેન્દ્રસિંહ 'નકૂમ'એ જોરાવરસિહ જાદવના લોકસાહિત્યસેવા અને લોકકલાકારોનું સન્માનની ભાવના રાખનારા અને સંસ્કૃતિની સાચવણી કરવાની તેમની સમજણ તેમજ તેમણે કરેલા સાહિત્યિક કામને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરિષદના પ્રકાશનમંત્રી શ્રી ભિખેશ ભટ્ટે કર્યું હતું.

## 'પાક્ષિકી' અંતર્ગત

તા. ૮-૧૧-૨૦૨૫ના રોજ 'પાક્ષિકી' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ કલાકે વાર્તાકાર કિશનસિંહ પરમારે એમની વાર્તા 'કેસ'નું પઠન કર્યું હતું. તા.૨૨-૧૧-૨૦૨૫ના રોજ વાર્તાકાર મુકુલ દવે 'સનમ'એ એમની વાર્તા 'પરિવર્તન'નું પઠન કર્યું હતું.

## 'નાટ્યનાદ'

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દર મહિનાના ત્રીજા શનિવારે સાંજે ૫-૦૦ વાગ્યે, નાટ્ય સર્જન, ભાવન અને મંચનની નવી ક્ષિતિજ ખોલી આપતી કાર્યશાળા યોજાય છે. તા. ૧૫-૧૧-૨૦૨૫ના રોજ નીરવ વેગડાલિખિત અને કામ્યા સાગર અભિનીત 'મૉનોલોગ'નું વાંચન કરવામાં આવ્યું હતું.

## પારિતોષિક અર્પણ સમારોહ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન પ્રગટ થયેલાં કેટલાંક ચુનંદાં પુસ્તકોને–સર્જકોને પરિષદ દ્વારા પ્રાપ્ત થતાં વિવિધ પારિતોષિક અર્પણ સમારોહ તા. ૨૫-૧૧-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે, પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં રા. વિ. પાઠક સભાગૃહ ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો

હતો. જેમાં પુરસ્કૃત સર્જકોને પારિતોષિક અને પ્રમાણપત્ર, મોમેન્ટો અને પુસ્તક આપીને સન્માનવામાં આવ્યા હતા. પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીના હસ્તે પારિતોષિક અર્પણ કરવામાં આવ્યાં હતાં. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રકાશનમંત્રી ભિખેશ ભટ્ટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પરબના સંપાદક શ્રી કિરીટ દૂધાત, શ્રી રૂપાબહેન શેઠ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સર્જકોએ પારિતોષિક મેળવીને ખુશી વ્યક્ત કરી હતી.

## ‘હું ગૂર્જર ભારતવાસી’

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા ‘હું ગૂર્જર ભારતવાસી’ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૬-૧૧-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં આપણા ઋષિકવિના ઉપરોક્ત શબ્દોને ચરિતાર્થ કરતો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નેપાળસ્થિત સર્જકો ક્વયિત્રી ઉષા તિવારી પોતાના સર્જનની ક્ષણો ઉજાગર કરી હતી. આ કાર્યક્રમની શરૂઆતે શ્રી પંકજ ત્રિવેદીએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. નેપાળની ક્વયિત્રીઓ અનુક્રમે ઉષા તિવારી, માયા મિન્તુ ન્યાયૌપાને અને ભવાની ક્ષેત્રીએ પોતાની કવિતાઓનું પઠન કર્યું હતું અને નેપાળી ભાષા અને તેમતા સાહિત્યની વિગતે વાત કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ તમિલ સાહિત્યની ચર્ચા કરીને તમિલ સર્જકોને આવકાર્યા હતા. મહામંત્રી સમીર ભટ્ટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બુધસભા

દર બુધવારે રાત્રે ૭-૦૦થી ૮-૦૦ વાગ્યે કાવ્ય-કાર્ય શાળા શ્રી પ્રફુલ્લ રાવલના માર્ગદર્શન હેઠળ યોજાય છે. તા. ૫-૧૨-૧૯-૨૬-૧૧-૨૦૨૫ના રોજ સાંજે ૭-૦૦ કલાકે બુધસભા યોજાઈ હતી. દર બુધવારે ગુજરાતી સાહિત્ય પરિષદમાં બુધસભા ભરાય છે. તેમાં કવિઓ પોતાની કાવ્યરચના લઈને આવે છે. આ કાવ્યોનો પાઠ કરવામાં આવે છે અને આ પાઠ પૂર્ણ થયા બાદ એ કૃતિ વિશે અભિપ્રાય અપાય છે.

■

એક બાળકને હણીને
સૈનિક
એને ઊંચકીને જુએ છે –
ધરતી પરથી પાક ઉતાર્યા હોય
એવા ખેડૂતના સંતોષની મુદ્રાથી !
મને થાય છે
કે
આ બાળકે સૈનિક જ થવાનું હોય
તો બહેતર છે
કે
અહીંયા જ એનો અંત આવે !

–પન્ના નાયક,
‘વિદેશિની’ માંથી

# સાહિત્યવૃત્ત

ઇતુભાઈ કુરકુટિયા

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાયેલ કાર્યક્રમ

તા. ૧૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના હીરાલાલ ભગવતી સભાગૃહમાં જાણીતા સાહિત્યકાર શ્રી શાહબુદીન રાઠોડે 'સાહિત્યકારો અને કલાકારો સાથેના મારા અનુભવો' વિશે રસપ્રદ વાતો કરી. તા. ૧૧ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ 'winged Migration' ફિલ્મની પ્રસ્તુતિ કરવામાં આવી. જેનું દિગ્દર્શન જેક્સ પેરિનનું હતું. આ ફિલ્મમાં ગીઝ જાતના એક પંખીના પ્રવાસની વાત કરવામાં આવી છે. આ ફિલ્મ વિશે શ્રી અભિજિત વ્યાસે વિગતે વાત કરી હતી. તા. ૩૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ સરદાર વલ્લભભાઈની સાર્ધશતાબ્દી પ્રસંગે શ્રી પ્રવીણભાઈ લહેરીએ 'સરદારનું સ્વપ્ન સાર્ધ શતાબ્દિએ સાકાર કરી શક્યા છીએ?' વિશે વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત માતૃભાષા સંવર્ધન કેન્દ્ર અંતર્ગત શ્રી રતિલાલ બોરીસાગર અને શ્રી પિંકી પંડ્યાએ અનુસ્વાર વિશે વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.

## ઓમ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમો

તા. ૧-૯-૨૦૨૫, શનિવારે સાંજે ૫-૩૦ કલાકે મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ) આશ્રમ રોડ, અમદાવાદમાં સુમન શાહના ૮૭મા જન્મદિન પ્રસંગે સાહિત્યસફર 'શબ્દજ્યોતિ' અંતર્ગત શ્રી સુમન શાહે પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. તા. ૧-૯-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે આત્મા હૉલમાં મનસુખ સલ્લાના ૮૪મા જન્મદિન પ્રસંગે સાહિત્ય સફર 'શબ્દજ્યોતિ' કાર્યક્રમ અંતર્ગત શ્રી મનસુખ સલ્લાએ પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. તા. ૨૨-૯-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધન સ્મૃતિમંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં 'પુસ્તકપિરચય' અંતર્ગત સિતાંશુ યશશ્ચન્દ્રના પુસ્તક 'જટાયુ' વિશે પ્રો. સમીર ભટ્ટે અને જયન્ત પાઠકના પુસ્તક 'વનાંચલ' વિશે સતીશ વ્યાસે આસ્વાદલક્ષી પરિચય કરાવ્યો હતો. તા. ૨૩-૯-૨૦૨૫ના રોજ, સવારે ૧૦ કલાકે શાસન સમ્રાટ ભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં આદરણીય વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબની પ્રેરણાથી હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે, ઓમ કૉમ્યુનિકેશન દ્વારા 'શબ્દસંપદા' શીર્ષક અંતર્ગત જૈન સાહિત્ય સર્જક લબ્ધિરુચિજીના ગ્રંથ 'મદનકુમાર મંજરી રાસ' વિશે સેજલ શાહે વક્તવ્ય આપ્યું. તા. ૨૫-૧૧-૨૦૨૫ના રોજ ગુણવંતરાય આચાર્યની ૬૦મી પુણ્યતિથિએ 'નીલરેખા' અંતર્ગત ગુણવંતરાય આચાર્યના જીવન વિશે, શ્રી દક્ષાબહેન પટેલે અને ગુણવંતરાય આચાર્યના સાહિત્ય વિશે શ્રી મીનલ દવેએ વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૨૭-૧૧-૨૦૨૫ના રોજ કવિ બોટાદકરના ૧૫૬ના જન્મદિન પ્રસંગે 'અભિલાષ' શીર્ષક હેઠળ શ્રી હર્ષદ ત્રિવેદીએ બોટાદકરના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું હતું. ઉપરોક્ત તમામ કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' એ કર્યું હતું.

## શ્રી પ્રવીણ દરજી પારિતોષિક

ગુજરાતી ભાષામાં લખનાર સાહિત્યકાર મિત્રોને જણાવતાં આનંદ થાય છે કે 'સમન્વય ફાઉન્ડેશન' સન ૨૦૨૫થી ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં પ્રકટ થયેલી સત્ત્વસભર કૃતિને ૫૧,૦૦૦ રૂ. નું પારિતોષિક અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવાનું ઠરાવ્યું છે. આ યોજના અંતર્ગત એક વર્ષે વરિષ્ઠ સર્જકની અને બીજા વર્ષે યુવા સર્જકની (વધુમાં વધુ ૪૦ની વય સુધીના) કૃતિને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે. પારિતોષિકનું નામ 'શ્રી પ્રવીણ દરજી પારિતોષિક' રહેશે. નિર્ણાયકોનો નિર્ણય દર વખતે આખરી લેખાશે. એક વાર જેમને આ પારિતોષિક એનાયત થયું હશે તેમનું નામ બીજી વાર ધ્યાનમાં લેવાશે નહીં. પારિતોષિકની જાણ જે તે સમયના પસંદ થયેલ સર્જકને યોગ્ય સમયે કરવામાં આવશે.

આ પારિતોષિક માટે સર્જકે પોતાની જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન પ્રકટ થયેલી કૃતિની બે નકલો નીચેના સરનામે તા. ૩૧-૧-૨૦૨૬ સુધી અચૂક મોકલવાની રહેશે. યા સર્જકે પોતાની વયનો નિર્દેશ પુસ્તકના પ્રથમ પૃષ્ઠે કરવો જરૂરી છે. સંપર્કસૂત્ર : નીતા ભગત (ફાઉન્ડેશન મંત્રી) ૫/બી, પહેલે માળે, સૌજન્ય સોસાયટી, ત્રણ રસ્તા, ભવન્સ સ્કૂલની સામે, મકરપુરા રોડ, વડોદરા-૩૯૦૦૦૯. મો.નં. ૯૮૨૫૩૦૮૧૦૪. આ વર્ષે વરિષ્ઠ સર્જકોએ પોતાની કૃતિઓ સમયસર મોકલવા વિનંતી.

## શ્રી વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ માંડવી – કચ્છ સુવર્ણ જયંતીવર્ષ ઉજવણીના સમાપન પ્રસંગે

શ્રી વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ માંડવી-કચ્છ સુવર્ણજયંતીવર્ષ ઉજવણીના સમાપન પ્રસંગે અડધી સદીની યાત્રા - નવા પડકારો પ્રત્યેની પ્રતિબદ્ધતા

ગામવિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થા શ્રી વીઆરટીઆઈ તેની ગૌરવવંતી ૫૦ વર્ષની યાત્રા પૂર્ણ કરેલ છે. સમર્પિત સેવા ભાગીદારી, સંકલ્પબળ અને સામુદાયિક માલિકીના ભાવથી રચાયેલી સંસ્થાની ગૌરવસભર સફરને વધાવવાના આ અવસરમાં આપ અમારી સાથે જોડાઓ તેવી અભિલાષાસહ આપને સાદર નિમંત્રણ પાઠવીએ છીએ.

**મુખ્ય અતિથિ** : ડૉ. અરુણકુમાર દવે, **કુલાધિપતિ** : લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન

**કાર્યક્રમની વિગતો :**

**પ્રથમસત્ર :**

- કચ્છની ભાવિ જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ ઉજાગર કરતું વૈવિધ્યસભર પ્રદર્શનનું આયોજન.
- સંસ્થાની અડધી સદીની વૈવિધ્યસભર પ્રવૃત્તિઓના 'સાફલ્યગાથા' ગ્રંથનું વિમોચન
- સંસ્થાનાં ૫૦ વર્ષની પ્રવૃત્તિઓની ઝલક દર્શાવતી ફિલ્મ 'SelF-Reliance to Prosperity'ની પ્રસ્તુતિ
- **મુખ્ય અતિથિ** : ડૉ. અરુણકુમાર દવે દ્વારા પ્રેરણાદાયી સંબોધન.

**તારીખ** : શનિવાર, ૧૩ ડિસેમ્બર-૨૦૨૫, **સમય** : સવારના સવારના ૯-૦૦ વાગ્યાથી ૧-૩૦, **સ્થળ** : VRTI કેમ્પસ, માંડવી.

■

# સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH,<br>AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | |
| ૧. | અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ |
| ૨. | શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે) | અમિયાપુર | ૧,૨૫,૦૦૦ |
| ૩. | શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે) | ભુજ | ૧,૦૦,૦૦૦ |
| ૪. | રોહિતભાઈ જી. બોડીવાલા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૫. | બીનાબહેન કાનાણી | થાણા | ૨૫,૦૦૦ |
| ૬. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૨૧,૦૦૦ |
| ૭. | ભરત પ્રેમશંકર યાજ્ઞિક | રાજકોટ | ૧૧,૧૧૧ |
| ૮. | પ્રીતિ અનુભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૯. | શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન) | અમદાવાદ | ૫,૦૦૧ |
| ૧૦. | ભરત એચ. દવે | જૂનાગઢ | ૩,૦૦૦ |
| ૧૧. | એક સાહિત્યપ્રેમી | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૧૨. | શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે) | અમદાવાદ | ૫૪૦ |
| ૧૩. | મનસુખ સાવલા | જામનગર | ૫૦૦ |
| ૧૪. | સોમચંદ્ર એલ. શાહ | જામનગર | ૫૦૦ |
| ૧૫. | રૂપેશ વી. શાહ | જામનગર | ૫૦૦ |
| | **ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન** | | |
| ૧. | શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે | અમદાવાદ | ૨,૫૦૦ |

### નવા આજીવન સભ્યોની યાદી

- જયપાલ થાનકી — જામનગર
- તરંગ દેવેન્દ્ર ચૌધરી — મહેસાણા
- કિશોર આર. ભટ્ટ — અમદાવાદ
- મૌલિકકુમાર પ્રજાપતિ — ગાંધીનગર
- ચૈતાલી એન. ઠક્કર — ભુજ
- ફાલ્ગુની વસાવા — અમદાવાદ
- સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ — બગસરા
- વિજયભાઈ ચંદુભાઈ પારેખ — અમદાવાદ
- કિરીટ બી. ત્રિવેદી — અમદાવાદ
- રાજેન્દ્ર ડી. મહેતા — અમદાવાદ
- ડૉ. વિનીત સી. પરીખ — અમદાવાદ
- જયશ્રી જિતેન્દ્ર ચૌધરી — બારડોલી
- ડૉ. હર્ષદ વી. કામદાર — અમદાવાદ
- કિશોર ડી. પ્રજાપતિ — બારડોલી
- હિતેશ એસ. વડાલિયા — જેતપુર
- ભાવેશકુમાર પી. બાભણિયા — અમદાવાદ
- રીટા બી. ભગૉરા — સુઘડ
- રીતુ આર. સોલંકી — છાલા
- પિયુષ ડી. આચાર્ય — અમદાવાદ
- ડૉ. ભાર્ગવ પી. ભટ્ટ — મોડાસા
- ઋતા અમિત નાણાવટી — અમદાવાદ
- ચંદ્રશેખર હસમુખરાય પંડ્યા — વડોદરા
- વાઘજીભાઈ લાખાભાઈ લુહાર — રાજકોટ
- પ્રવીણ શનાભાઈ વાઘેલા — સબલપુર

# આ અંકના લેખકો

| | |
|---|---|
| **ઈતુભાઈ કુરકુટિયા** | : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. મો. ૯૭૧૪૬૪૦૧૫૬ |
| **Udyan Thakkar** | : Laxmi Nivash, 3rd Floor, 22, Kashibai Navrang Marg, Gamdevi, Mumbai-40007. Mo. 9820086458 |
| **Kamal Vora** | : C/o. Kamal Medico Pvt. Ltd., Plot No. A129/130, Hindustan House, Road No. 22, Wagle Industrial Estate, THANE (w)-700604 Mo. 9819820286 M. 98198 20286 |
| **કાલિન્દી પરીખ** | : ૩, દેનાબેન્ક, સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫૬૦૧. મો. ૯૪૨૯૧૩૯૧૪૫ |
| **કિરણ વી. મહેતા** | : 'સરસ્વતી કૃપા', ભાગ્યોદય સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર-૩૮૫૦૦૧. મો. ૯૫૧૨૪૦૫૧૬૬ |
| **કોશા રાવલ** | : જી/૪૦૧, ન્યાલા. સ્કાયડેલ, છાણી તળાવ પાસે, છાણી, દુમાડ રોડ, છાણી, વડોદરા-૩૯૧૭૫૦. મો. ૯૭૨૪૩૪૧૨૨૦. |
| **કિરીટ દૂધાત** | : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. મો. ૯૪૨૭૩૦૬૫૦૭ |
| **જયંત ડાંગોદરા** | : ડી/૪૦૪, 'શ્રીરામકુટિર', સ્વામીનારાયણ પાર્ક, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦. મો. ૯૯૭૪૧૭૮૭૮૩ |
| **જિગર જોષી 'પ્રેમ'** | : ૫૯, ગંગોત્રી પાર્ક, બી.ટી. સવાણી કિડની હૉસ્પિટલ સામે, યુનિ. રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૯૨૫૧૫૭૪૭૫ |
| **જિતેન્દ્ર પટેલ** | : એ/૧૨, જલસાગર ઍપાર્ટમેન્ટ, બાપુનગર, અમદાવાદ-૩૮૨૩૫૦. મો. ૯૪૨૬૩૫૫૯૬૯ |
| **દક્ષા પટેલ** | : ૭૮, નિહારિકા બંગલોઝ, હિમ્મતલાલ પાર્ક સામે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૭૬૦૦૭૮૪૦૫૮ |
| **દર્શના ધોળકિયા** | : ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. મો. ૯૦૯૯૦૧૭૫૫૯ |
| **પારલ ખખ્ખર** | : બી-૧/૮૦૧, શિલ્પન નોવા, ગંગોત્રી પાર્ક રોડ, યુનિ. પાસે, રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૪૨૯૮૮૯૩૬૬ |
| **પારુલ કંદર્પ દેસાઈ** | : 'પારિજાત', ૬, અરુણોદય પાર્ક, સેંટ ઝેવિયર્સ કૉલેજ કૉર્નર, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯. મો. ૯૪૨૭૦૨૧૦૪૮ |
| **Preetam Lakhlani** | : 65, Falcon Drive, West Henrietta, Ny. : 14586 U.S.A. |
| **ભગવાન મેર** | : મુ. સોનપરી.. તા. પાલીતાણા જી. ભાવનગર. પીન. ૩૬૪૨૭૦ |
| **મનસુખ સલ્લા** | : સી/ ૪૦૩, સુરેલ ઍપાર્ટમેન્ટ, દેવાશિષ સ્કૂલ સામે, જજીસ બંગલા, વિસ્તાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૨૪૦૪૨૮૫૩ |
| **મનોહર ત્રિવેદી** | : 'પ્રણવ' સૂર્યનગર, ઢસા (જંકશન) ૩૬૪૭૪૦. મો. ૯૩૨૭૭૩૯૦૬૮ |

| | |
|---|---|
| **મહેન્દ્ર જોષી** | : કે/૪૦૪, સફલ પરિસર સોબો સેન્ટર પાસે, સી. પી. રિંગ રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૮૨૫૬૨૯૯૮૫ |
| **રમજાન હસણિયા** | : ૫૨, મધુબન પાર્ક સોસાયટી, સોરઠિયા નાકા સામે, અંજાર-કચ્છ-૩૭૦૧૧૦. મો. ૭૫૬૭૦૬૪૯૯૩ |
| **રેણુકા શ્રીરામ સોની** | : સુતરિયા હાઉસ, ત્રીજેમાળ, ભાઈકાકા હૉલ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. ૯૪૨૭૫૦૮૨૯૨ |
| **વિનોદ જોશી** | : 'પ્રયાગ', ૩૨, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧. મો. ૯૮૨૫૯૮૯૭૩૭ |
| **સુમન શાહ** | : જી/૭૩૦, શબરી ટાવર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫. sumangshah@gmail.com / suman-9-shah@yahoo.com |
| **હર્ષદ ત્રિવેદી** | : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૪૯૯૪ |

આ મારું ઘર.
એમાં ઘણી હતી
અવરજવર,
દોડધામ.
ધીરે ધીરે ધીરે
બધા અદ્રશ્ય.
ઘર વચ્ચોવચ
હું સાવ એકલી.

આ ઘર
મેં બારીકાઈથી
ક્યારેય જોયું નહોતું.
હવે
મને દેખાઈ એની
ઊંચાઈ, પહોળાઈ, લંબાઈ.
દીવાલનો રંગ
આટલો મેલો હતો પહેલાં ?
અને
દેખાતી ઝીણી ઝીણી તિરાડો
ત્યાં હતી ખરી ?
આ ઓરડાને
બારીબારણાં હતાં ?

હું અંદર આવેલી
એ બારણું ક્યાં છે ?

–પન્ના નાયક,
'વિદેશિની' માંથી

# વિશ્વકોશની સામયિક-સૃષ્ટિ




છેલ્લાં ૨૭ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી, કલા, પ્રતિભા અને સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

**વિશ્વવિહાર**

**વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/–,**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૪૦૦/–**




૧૯૮૮થી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

Scan to Pay

લવાજમ ભરવા માટે આપ મનીઑર્ડરથી અથવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના નામે ડ્રાફ્ટ, ચેક કે ઑનલાઈનથી પણ મોકલી શકશો. લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઈલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

**બૅંકની વિગત**

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

**૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## નવલિકા-વાર્તાસંગ્રહો

### પ્રવીણ ગઢવી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| આભડછેટના ઓછાયા | ૨૨૫.૦૦ |
| છદ્મરૂપ | ૨૧૦.૦૦ |
| સ્વર્ગ ઉપર મનુષ્ય | ૧૧૦.૦૦ |

### પ્રાણજીવન મહેતા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| પ્રા. વિધાન | ૧૦૫.૦૦ |
| પ્રા. કથિત | ૧૦૫.૦૦ |

### જય ગજ્જર

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સાબરને કાંઠે | ૧૫૫.૦૦ |
| શરદ તારું ગુલાબ અને બીજી વાર્તાઓ | ૧૧૫.૦૦ |

### રાજેન્દ્ર પટેલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| અધૂરી શોધ | ૫૫.૦૦ |
| જુઈની સુગંધ | ૭૫.૦૦ |

### દક્ષા પટેલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| એ'સ્કેલેટર્ | ૧૧૦.૦૦ |
| ડ્રાઈવિંગ લાઈસન્સ(અનુવાદિત વાર્તાસંગ્રહ) | ૧૯૫.૦૦ |

### રમેશ શાહ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| વાર્તાપચીસી | ૭૫.૦૦ |
| અચલ | ૨૭.૦૦ |

## મહેશ યાજ્ઞિક

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| મહેશ યાજ્ઞિકની ૫૧ વાર્તાઓ | ૩૬૫.૦૦ |
| મહેશ યાજ્ઞિકની ૫૦ વાર્તાઓ | ૩૭૫.૦૦ |
| કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૪૦ વાર્તાઓ | ૩૪૦.૦૦ |
| કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૩૫ વાર્તાઓ | ૩૪૦.૦૦ |
| મહેશ યાજ્ઞિકની ૨૬ વાર્તાઓ | ૨૯૫.૦૦ |

## સાંકળચંદ પટેલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સદાચાર ખોવાયો છે | ૧૦૦.૦૦ |
| ભારતીય ભાષાઓની પ્રથમ ૧૫ વાર્તાઓ (અનુવાદિત વાર્તાસંગ્રહ) | ૭૦.૦૦ |

## કનુ આચાર્ય

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| વંચિતોની વારતા | ૨૪૫.૦૦ |
| પિયાલો | ૧૩૦.૦૦ |
| ગાંધીનો દીકરો થા મા | ૧૨૫.૦૦ |
| આંતર-બાહ્ય | ૧૦૫.૦૦ |

## પન્ના ત્રિવેદી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સાતમો દિવસ | ૧૬૦.૦૦ |
| રંગ વિનાનો રંગ | ૭૫.૦૦ |
| આકાશની એક ચીસ (ટૂંકી વાર્તાઓ)(એજન્સી) | ૩૫.૦૦ |

## રમેશ શાહ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| વાર્તાપચીસી | ૭૫.૦૦ |
| અચલ | ૨૭.૦૦ |

## સુમંત રાવલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| કોરા કેનવાસના રેખાચિત્રો | ૧૩૨.૦૦ |
| વાર્તાક્રમણ | ૯૫.૦૦ |

## શાળા કૉલેજમાં ઉપયોગી
## પ્રાચીન-પ્રશિષ્ટ સંપાદિત કાવ્યસંગ્રહો

| | | |
|---|---|---|
| ઈતની શક્તિ હમેં દેના દાતા... (પ્રાર્થના) | દેવેન્દ્ર સી. ભટ્ટ | 60 |
| સોરઠિયા દુહા | ઝવેરચંદ મેઘાણી, સંપા. મહેન્દ્ર મેઘાણી | 70 |
| આપણાં ખંડકાવ્યો | ધીરુભાઈ ઠાકર, ચંદ્રશંકર ભટ્ટ, ચિમનલાલ ત્રિવેદી | 180 |
| નરસિંહ પદમાલા (નરસિંહ) | જયંત કોઠારી | 65 |
| કલાપીનો કાવ્યકલાપ (કલાપી) | અનંતરાય રાવળ | 160 |
| નળાખ્યાન (પ્રેમાનંદ) | અનંતરાય રાવળ | 175 |
| મદનમોહના (પ્રેમાનંદ) | અનંતરાય રાવળ | 240 |
| ચંદ્રહાસાખ્યાન (પ્રેમાનંદ) | અનંતરાય રાવળ | 140 |
| અખેગીતા (અખો) | ઉમાશંકર જોશી, રમણલાલ જોશી | 220 |
| બ્રહ્માનંદ કાવ્યવૈભવ | વસંતભાઈ દોશી | 100 |
| મધ્યકાલીન ગુજરાતી પદસંચય | ચિમનલાલ ત્રિવેદી, રમણ સોની | 100 |
| સુદામાચરિત્ર (પ્રેમાનંદ) | આરતી શુક્લ, ચિમનલાલ ત્રિવેદી | 160 |
| ચંદ્ર-ચંદ્રાવતીની વાર્તા (શામળ ભટ્ટ-કૃત) | હીરા રામનારાયણ પાઠક | 225 |
| ભજગોવિંદમ્ (આદિશંકરાચાર્યકૃત) | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 250 |
| રાસતરંગિણી (દામોદર ખુ. બોટાદકર) | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 125 |
| અખાના છપ્પા | ઉમાશંકર જોશી | 250 |
| કરુણપ્રશસ્તિ કાવ્યો | ધીરુભાઈ ઠાકર | 140 |
| ફાર્બસ-વિરહ (દલપતરામકૃત) | રમણ સોની | 80 |
| ગુજરાતી રંગભૂમિનાં ગીતો | ડૉ. ધર્મેંદ્ર માસ્તર 'મધુરમ્' | 200 |
| આવકારો મીઠો આપજે (દુલા કાગનાં કાવ્યો) | અરવિંદ બારોટ | 200 |
| ગુજરાતી કથાગીતો (આસ્વાદ સાથે) | જીના વીરેન શેઠ | 300 |
| વસંતવિલાસ (પ્રાચીન ફાગુકાવ્ય) | કે.બી. વ્યાસ, કીર્તિદા શાહ | 150 |
| હેતે હાલા ગાઉં (હાલરડાં) | સંપા. શ્રદ્ધા ત્રિવેદી | 250 |










ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
મો.: 9227055777, 9662275777 E-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102 લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોનઃ 26934340
E-mail: gurjarprakashan@gmail.com ❑ website: www.gspbooksmall.com

**GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની**
**પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા

# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઈન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઈન પબ્લિકેશન | ૨૦૦/- |

**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net



# ઓમ કૉમ્યુનિકેશન

**રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ**

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

**માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.**

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

– **મનીષ પાઠક**
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

**બૅન્કની વિગત :**

| | |
|---|---|
| Name | : OM COMMUNICATION |
| Bank Name | : Punjab National Bank |
| Branch | : Sola Road. |
| A/c. No. | : 3937000100083947 |
| IFS Code | : PUNBO393700 |
| Address | : 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684 |

ફિયોદોર દોસ્તોયવ્સ્કીએ 'ઉદારમતવાદી બૌદ્ધિક જૂથ'ના સભ્ય હોવાથી સાઇબીરિયન જેલકૅમ્પમાં ચાર વર્ષ સખત મજૂરી કરી વિતાવ્યાં હતાં. જેમાંથી તેણે આત્મકથાત્મક નવલકથા 'ધ હાઉસ ઑફ ધ ડેડ' લખી. દેશનિકાલ મજૂર શિબિરનાં રશિયનોના જીવન વિશે માહિતી આપનાર એ પ્રથમ પુસ્તકોમાંનું એક હતું.

– **રક્ષા શુક્લ**

❋

બારમી સદીના ઇટાલિયન ગદ્યસ્વામી બૉકેશિયોનો 'કેડા મે રોન' ગ્રંથ જરાક રસિક એવી પ્રેમકથાઓનો ગ્રંથ હતો. ઈસાઈ પાદરીઓને એમાં 'અધર્મ' દેખાયો અને ગ્રંથની મળી એટલી બધી નકલો બાળી નાખવામાં આવી. જે ભૂગર્ભમાં જતી રહી તે બચી.

– **યશવન્ત મહેતા**

❋

ફૈઝ અહમદ ફૈજમાં ઇશ્ક અને ઇન્સાનિયતનો સુમેળ છે. એની ગઝલો રસસંતર્પક છે તો એની નજમ ઉર્દૂની સર્વોત્તમ હરોળમાં ઊભી રહે તેવી છે. આથી એ ગઝલ લખવા જાય ત્યારે એમની નજમની વિશેષતા ગઝલમાં સુંદર કાવ્યરૂપ ધારણ કરે છે. ફૈઝે ઉર્દૂસાહિત્યને ચિંતન અને ભાવાભિવ્યક્તિની નવી ટૅક્નિક આપી. જે યુગના યથાર્થને પ્રગટ કરવા માટે કારગત નીવડી. ફૈઝ વિચારોત્તેજક નિબંધકાર પણ હતા.

– **કુમારપાળ દેસાઈ**

❋

રશિયનક્રાન્તિ બાદ, રશિયન બૌદ્ધિકોને કશુંક થયું છે. લિયો ટૉલ્સ્ટૉય, ફિયોદોર દોસ્તોયવ્સ્કી, તુર્ગનેવ, મેક્સિમ ગૉર્કી આ બધા જ અદૃશ્ય થઈ ગયા. આમ છતાં રશિયામાં આજે લેખકો, નવલકથાકારો, કલાકારો, સૌથી વધુ પગાર મેળવનાર અને આદરણીય વ્યક્તિઓ ગણાય છે. તો પછી શા માટે તેઓ બ્રધર કોરોમાઝોવ, અન્નાકેરેનિન્ના, ફાધર્સ ઍન્ડ સન્સ, ધ મધર કે નોટ્સફ્રોમ અન્ડરગ્રાઉન્ડ જેવાં પુસ્તકો લખી શકતા નથી? મને લાગતું નથી કે, અન્ય કોઈ દેશની સરખામણી, રશિયા જોડે થઈ શકે! જો તમે દુનિયાની કેવળ દસ શ્રેષ્ઠ નવલકથાઓ પસંદ કરશો, તો તેમાં તમારે પાંચ નવલકથાઓ તો રશિયાની જ લેવી પડશે અને બાકીની પાંચમાં આખી જ દુનિયાની નવલકથાઓ હશે. આ મહાન બુદ્ધિપ્રતિભાઓને શું થયું ? શું એ મરી પરવારી છે?

– **આચાર્ય રજનીશ**

❋


સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

## મોટો કોણ? – માફી માંગે, તે!

અવસર આવે ત્યારે અંદરનું 'પોત' પરખાય છે.

માફી આપવાની કે માફી માંગવાની આવે ત્યારે અંદર 'મોટપ' છે કે શું છે તે જણાય છે.

કવિશ્રી પ્રેમશંકર ભટ્ટની આ ખૂબ જાણીતી કવિતા છે. કદાચ શાળાના શરૂઆતના ધોરણમાં આ કવિતા, લલકારી લલકારીને ઘણાએ ગાઈ પણ હશે અને તેથી એને બાળકોની કવિતા સમજી વિસારે પાડી હશે! પણ છેક એવું નથી. ભલે કદ, ભાષા શૈલી વગેરે જોતાં બાળકાવ્યના ખાનામાં આને ગોઠવીએ પણ બોધની વિચારણા કરીએ ત્યારે? ત્યારે જેવો બોધ લેનાર હશે એવો બોધ આમાંથી જડશે. કવિએ સાવ સાદા શબ્દોમાં વેધક વાત કહી છે.

માણસના મનમાં અનેકાનેક ગ્રંથિઓ બંધાયેલી અને ગંઠાયેલી હોય છે. એ પૈકીની એક મોટી ગાંઠ છે : 'હું મોટો છું.' જીવનના વિકાસમાં આ ગાંઠ બધી રીતે અવરોધક બને છે, એની એને ભાગ્યે જ જાણ હોય છે.

માણસ છીએ તેથી માણસ જોડે સતત કામ પડે જ છે. કામ પડે એટલે 'હા-ના' પણ થાય જ. મનને ઠેસ પણ વાગે. ભૂલ તો આપણી પણ હોય અને સામાની પણ હોય. ભૂલની રજ ચોંટીને મેલ બને એ પહેલાં જ તેને ઉડાડી દેવાની કે ખંખેરી નાખવાની સહજ અને સરસ ઘટનામાં 'આડું' કોણ આવે છે? 'હું મોટો છું' – એ જ!

હા, એ પણ ખબર છે કે 'માફી' માંગ્યા અને આપ્યા પછી હળવાશનો અનુભવ થાય છે અને ન માંગીએ કે ન આપીએ ત્યાં સુધી ભાર ભાર લાગ્યા કરે છે છતાં એક આ – 'હું મોટો છું, હું માફી શા માટે માંગું?' – એમ સતત થયા કરે. સામા પગલે તો હું નહીં જ જાઉં.

એને એમ કેમ સમજાવવું કે તું મોટો હતો તો ભૂલ કેમ થવા દીધી? મોટો એ નથી કે જે આ દુનિયામાં પહેલો આવ્યો. મોટો તો એ છે કે જેણે પહેલાં માફી માંગી; જેણે માફી આપવામાં પહેલ કરી.

કવિતાની પ્રથમ છ પંક્તિ તો સાવ સીધી રીતે સમજી શકાય તેવી છે. "પ્રાસ તો પ્રેમશંકરના' એવું કહેવાનું મન થાય! કવિએ છેલ્લી લીટીમાં કાવ્યનો અર્ક આપી દીધો છે; કહો કે સાચી વ્યાખ્યા આપી છે. મન મોટું તે મોટો. મન નાનું તે નાનો. સામાને માફી આપે તે મોટા મનનો. આવા મોટા થવા માટે આપણે જનમ્યા છીએ. માફી માગીએ, માફી આપીએ. મોટા બનીએ અને પછી કહીએ : 'હું મોટો છું.'

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

## અતિરેક અભાવને નોતરે છે

મીઠા મોતને માંગીએ, માણીએ

જીવનની પળોને માણવાની, કવિ રમેશ જાનીની વાતને મમળાવી. જીવનને ખરા અર્થમાં માણી લે છે તે મોતને પણ માણે છે એ હવે જોઈએ :

એક રીતે તો જીવન અને મૃત્યુ એ બન્ને એક સિક્કાની બે બાજુ જ છે. કોઈએ લલકાર્યું છે :

***જીવન ને મૃત્યુની જોડલી અખંડ છે,***
***માની લે, 'મૃત્યુ' એ જીવનનો ખંડ છે;***
***મૃત્યુમાં જીવન પિછાણ માનવી !***
***જીવનને તું જીવી જાણ...***

જીવનને જે માણી શકે છે તે તો મોતને પણ માણે છે. કદાચ પ્રૈન થાય કે મોતને માણવું એટલે શું ?

આપણા નીવડેલા કવિ શ્રી કરસનદાસ માણેકે એમના મનની ઉર્વરા ભોમમાં ઊગેલા ગીતમાં 'મોત'ને માણવાનું ચિત્ર દોર્યું છે :

***એવું જ માગું મોત, હરિ હું તો એવું જ માગું મોત !***
***'આ થયું હોત ને તે થયું હોત ને જો પેલું થયું હોત'***
***અંત સમયે એવા ઓરતડાની હોય ન ગોતાગોત... હરિ***
***અંતિમ શ્વાસ લગી આતમની અવિચલ ચલવું ગોત,***
***ઓતપ્રોત હોઉં આપ મહીં જ્યારે ઊડે પ્રાણ કપોત,***
***કાયાની કણી-કણીથી પ્રગટે એક જ શાંત સરોદ***
***જોજે રખે કદી પાતળું પડતું આતમ કેરું પોત...હરિ...***
***ગિરિગણ ચડતાં ઘનવન વીંધતાં તરતાં સરિતા-સ્રોત***
***સન્મુખ સાથી જનમ-જનમનો અંતર ઝળહળ જ્યોત... હરિ...***

કવિ સ્પષ્ટ કહે છે કે આવું મનગમતું 'મોત' તો હરિ પાસેથી મળે. કાવ્ય કે ગીતની પ્રથમ પંક્તિ 'દેવદત્ત' ગણાય છે તેમ અહીં પણ ગીતના ઉપાડમાં જ કવિ ભાર દઈને ગાય છેઃ

'એવું જ...' – આના સિવાયનું નહીં.

પહેલી કડીમાં શું ન હોવું જોઈએ તે વર્ણવ્યું છે તો બીજી કડીમાં 'શું જોઈએ' તેનું મિતાક્ષરી પણ સુરેખ વર્ણન છે. પદાવલી એવી તો સુગમ છે કે જાણે સ્વયંભૂ! હૃદયમાંથી પ્રગટેલી પંક્તિ હૃદયમાં જઈને ઠરે છે.

ત્રીજી કડીમાં 'કણી કણી' શબ્દ 'ક'ના અનુપ્રાસની પ્રીતિથી આવ્યો છે. એનો અર્થ 'રોમરાજિથી' એમ અભિપ્રેત છે. 'સરોદ' એક વાજિંત્ર છે. અહીં તેનું વિશેષણ છે 'શાંત સરોદ'.

ચોથી કડીમાં અંદરની ઝળહળતી જ્યોતની વાત, જે કાયમનો સાથી છે તે જણાવી આપે છે.

કવિ કહે છે એવું જ મોત, ઓરતા વિનાનું મોત મંગલ મૃત્યુ કહેવાય. આવું મૃત્યુ જોઈને કહેવાય કે, 'મૃત્યુ મરી ગયું રે લોલ !'

જીવનની પળોને હળવાશથી આમ માણતાં માણતાં જો મૃત્યુ આવે તો તેનું રૂપ બિહામણું નહીં પણ સોહામણું લાગે.

માત્ર વસ્ત્ર-પરિવર્તન જેવું અને તે પણ જૂનાં વસ્ત્ર ઉતારીને, કરચલીવાળાં વસ્ત્ર તજીને, નવાંનકોર, મૃદુ-મુલાયમ વસ્ત્ર મળે તો આવા મૃત્યુનું સ્વાગત કોણ ન કરે? કોણ આવું પરિવર્તન ન આવકારે ? દિલથી આવું માગે તે કેમ ન આવકારે ? મળે જ મળે. આપણે પણ માંગીએ અને મેળવીએ.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

**અમદાવાદ**

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી ‘પાટ’ પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)




‘મહાપંથ’ અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, ‘મહાપંથ’ લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ ‘લોકધર્મ’ તરીકે પણ ઓળખાય છે.

---




## શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

‘શબ્દમૂળની શોધ’ [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

**– ચન્દ્રકાન્ત ટોપીવાળા**

---




## બે હજાર ચોવીસ **સમક્ષ**

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

**PARAB 2025 December**
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month**
**ISSN : 0250-9747**

**₹ 20**




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**